કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
માંડવી તાલુકાના સિરવા, મેરાઉ, ગોધરા, મોટા લાયજા, ભીરસરા, બાડા, જનકપર, બાયડ, પદમપર, કાઠરા, દુર્ગાપુર, રાયણ, કોડાય, ડોણ, રતાડીયા, તલવાણા, નાની ખાખર, મસ્કા, ગુંદીયાળી, બિદડા, વાડા, ભાડાઈ, ફરાદી, પુનડી, જખણીયા, આસંબીયા, પીપરી, ભાડીયા, તથા આસપાસના વિસ્તારોમાં સકર્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
અમરભાઈ વાઢાઃ 98790 14187
કલ્યાણ કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, માંડવી-કચ્છ.



ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૩૦ મે, ૨૦૨૬ શનિવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરયક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

◆અંક નંબર : ૦૧૦◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ સુદ - ૧૪ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ગુજરાતમાં મેઘાની ધમાકેદાર એન્ટ્રી

## ઉત્તર અને મધ્ય ગુજરાતના સરહદી પંથકોમાં મેઘરાજાનું આગમન, વહેલી સવારથી વરસાદી માહોલ

ગાંધીનગર : ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી પ્રિ-મોન્સૂન એક્ટિવીટીની આગાહી અક્ષરશઃ સાચી સાબિત થઈ રહી છે. ઉત્તર ગુજરાતના અરવલ્લી બાદ હવે મધ્ય ગુજરાતના મહીસાગર જિલ્લામાં પણ મેઘરાજાએ ધમાકેદાર ઈનિંગ શરૂ કરી દીધી છે. બંને જિલ્લાઓમાં કાળાડિબાંગ વાદળો અને તેજ પવન સાથે ધોધમાર વરસાદ ખાબકતાં સમગ્ર પંથક ઠંડકગાર બની ગયો છે.અરવલ્લી જિલ્લાના

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યભરમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો

વરસાદી વાતાવરણ અને પશ્ચિમી પવનોના પ્રભાવને કારણે રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પારો ગગડતાં ગરમીનું પ્રમાણ ઘટ્યું છે.રાજકોટમાં સૌથી વધુ અસર જોવા મળી હતી, જ્યાં મહત્તમ તાપમાન ૪૩.૬ ડિગ્રી સેલ્સિયસથી ઘટીને ૩૯.૯ ડિગ્રી નોંધાયું હતું, એટલે કે એક જ દિવસમાં ૩.૭ ડિગ્રીનો ઘટાડો થયો હતો. સુરેન્દ્રનગરમાં તાપમાન ૪૪.૭ ડિગ્રીથી ઘટીને ૪૧.૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ડીસામાં ૪૨.૨ ડિગ્રીથી સીધું ૩૮.૧ ડિગ્રી સુધી પારો ગગડતાં ૪.૧ ડિગ્રીનો મોટો ઘટાડો નોંધાયો હતો.અમરેલીમાં તાપમાન ૪૧.૯ ડિગ્રીથી ૩૯.૫ ડિગ્રી સુધી ઘટ્યું હતું. કંડલા એરપોર્ટ ખાતે ૪૦ ડિગ્રીથી ૩૭.૬ ડિગ્રી અને કંડલામાં ૩૭.૮ ડિગ્રીથી ૩૬.૫ ડિગ્રી સુધી તાપમાન નીચે આવ્યું હતું.

## ભારત-અમેરિકા ઐતિહાસિક વેપાર કરારના આખરી તબક્કામાં

### ભારત-અમેરિકા વેપાર કરાર ક્યારે જાહેર થશે?; રાજદૂત સર્જિયો ગોરે કહ્યું- '૯૯% કામ પૂરું'

નવી દિલ્હી : ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ (અમેરિકા) વચ્ચે લાંબા સમયથી પ્રસ્તાવિત વચગાળાના ઐતિહાસિક વેપાર કરારની વાટાઘાટો હવે તેના અંતિમ પડાવ પર પહોંચી ગઈ છે. ભારતમાં અમેરિકાના રાજદૂત અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના અત્યંત નજીકના સહાયક સર્જિયો ગોરે એક મોટો ખુલાસો કરતા દાવો કર્યો છે કે, પ્રસ્તાવિત વેપાર સમજૂતીનું ૯૯ ટકા કામ પૂરું થઈ ચૂક્યું છે અને હવે માત્ર ૧ ટકા જેટલો ભાગ જ આખરી ઓપ આપવાનો બાકી છે.

આ ગતિરોધને ઉકેલવા અને કરાર પર સત્તાવાર મહોર મારવા માટે અમેરિકાના ઉચ્ચ સ્તરીય વાર્તાકારોનું એક વિશેષ પ્રતિનિધિમંડળ આગામી ૧ થી ૪ જૂન દરમિયાન નવી દિલ્હીની મુલાકાતે આવી રહ્યું છે.શુક્રવારે પ્રતિષ્ઠિત આઈઆઈટી-દિલ્હી ખાતે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં "યુએસ-ઈન્ડિયા ટ્રસ્ટ ઈનિશિયેટિવઃ એડવાન્સિંગ પાર્ટનરશિપ ઈન રિસર્ચ એન્ડ ઈનોવેશન" વિષય પર સંબોધન કરતા રાજદૂત સર્જિયો ગોરે આશા વ્યક્ત કરી હતી કે, આગામી થોડા અઠવાડિયા કે મહિનાઓમાં આ ઐતિહાસિક દસ્તાવેજ પર બંને દેશો હસ્તાક્ષર કરી શકે છે. તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ , ફાર્માસ્યુટિકલ્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને ક્રિટિકલ મિનરલ્સ જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવા પર ભાર મૂક્યો હતો.છેલ્લા બે દાયકામાં ભારત અને અમેરિકા વચ્ચેના આર્થિક સંબંધોમાં થયેલી અભૂતપૂર્વ પ્રગતિના આંકડા રજૂ કરતા સર્જિયો ગોરે જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચે માલ અને સેવાઓનો દ્વિપક્ષીય વેપાર $૨૦ બિલિયનથી (અબજ ડોલર) વધીને હવે $૨૨૦ બિલિયનને પાર થઈ ગયો છે. આ આંકડો સાબિત કરે છે કે વૈશ્વિક સ્તરે ભારત અને અમેરિકાનું આર્થિક એકીકરણ કેટલું મજબૂત બન્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્રનો મુખ્ય

અનુસંધાન પાના નં.૪ પર

## 'સંઘ મજબૂત હોત તો દેશનું વિભાજન ન થયું હોત' RSS

નાગપુરઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરે દેશના વિભાજન અંગે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે વર્ષ ૧૯૪૭ દરમિયાન જો RSS આજની જેમ મજબૂત હોત, તો કદાચ દેશનું વિભાજન ટાળી શકાયું હોત. નાગપુરમાં યોજાયેલા એક જીદ્વૈહહ્ર દરમિયાન તેમણે દેશના વિભાજનને ભારતના ઈતિહાસની સૌથી દુઃખદ અને પીડાદાયક ઘટનાઓમાંની એક ગણાવી હતી.સુનીલ આંબેકરે જણાવ્યું કે સ્વતંત્રતા સમયે RSS હજુ તેના વિકાસના પ્રારંભિક તબક્કામાં હતું અને તે ઈચ્છિત સ્તરે મજબૂત નહોતું. તેમ છતાં, વિભાજન દરમિયાન લાખો હિંદુ પરિવારોની સુરક્ષા, બચાવ અને Rehabilitation માટે સંઘના સ્વયંસેવકોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.તેમણે ભારપૂર્વક કહ્યું કે જો તે સમય દરમિયાન RSS પાસે આજ જેટલી સંગઠનાત્મક શક્તિ



અને જનસમર્થન હોત, તો પરિસ્થિતિ કદાચ અલગ હોઈ શકતી.RSS વિરુદ્ધ ફેલાતી ટીકા અને ગેરસમજો અંગે બોલતા આંબેકરે કહ્યું કે રાજકીય લાભ માટે ઘણીવાર સંઘ વિશે ખોટી માહિતી ફેલાવવામાં આવે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ઈજીજી કોઈપણ સમાજ, સમુદાય અથવા વ્યક્તિ પ્રત્યે દ્વેષ રાખતું નથી.તેમણે જણાવ્યું કે સંઘ સમાજના દરેક વર્ગને સાથે લઈને ચાલવામાં વિશ્વાસ રાખે છે અને Dialogue તથા Discussion દ્વારા સમસ્યાઓના ઉકેલ શોધવાનું સમર્થન કરે છે.RSS સરકાર્યવાહ દત્તાત્રેય હોસબલે દ્વારા પાકિસ્તાન સાથે સંવાદ

અનુસંધાન પાના નં.૪ પર

## દસ્તાવેજો ઓનલાઇન કરાય તેવી પદ્ધતિ લાવવા મહેસૂલ વિભાગની તૈયારી

### પ્રાયોગિક તબક્કો સફળ થયા બાદ ફુલપ્રુફ સિસ્ટમ ગોઠવી અમલમાં મૂકાશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : રાજ્યમાં આગામી સમયમાં દસ્તાવેજ કરાવવા માટે નાગરિકોને સબ રજીસ્ટ્રારની કચેરીએ જવું જ ન પડે અને સમગ્ર કામગીરી ઓનલાઈન થાય તે માટે મહેસૂલ વિભાગે તૈયારી શરૂ કરી છે. જેમાં નાગરિકે દસ્તાવેજની નોંધણી કરાવવા માટે અરજી કરીને સંબંધિત જરૂરી દસ્તાવેજો જોડવાના રહેશે એના આધારે સિસ્ટમ

અનુસંધાન પાના નં.૪ પર

## ઈંધણની અછત વચ્ચે હાઈવે પર ગેરકાયદે બાયો ડીઝલનું ધૂમ વેચાણ : તંત્રએ આંખો મીચી લીધી!

ગેરકાયદે બાયો ડીઝલનું વેચાણ કરતા તત્વો વધુ પ્રમાણમાં સક્રિય થયા

### અમદાવાદ અને સુરતથી કચ્છ તરફ જતી ખાનગી લક્ઝરી બસ અને ટ્રક ચાલકોએ પણ ડીઝલનો ભાવ વધતા હવે બાયો ડીઝલનો ઉપયોગ વધારી દીધો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : મિડલ ઈસ્ટમાં યુદ્ધને પગલે ઈંધણની અછત સર્જાતા ડીઝલ-પેટ્રોલના ભાવ વધવાની સાથે ડીઝલનો પુરવઠો અપુરતો મળી રહ્યો છે. ત્યારે ગેરકાયદે બાયો ડીઝલનું વેચાણ કરતા તત્વો વધુ પ્રમાણમાં સક્રિય થયા છે. અમદાવાદ અને સુરતથી સૌરાષ્ટ્ર-કચ્છ તરફ જતી ખાનગી લક્ઝરી બસ અને ટ્રક ચાલકોએ પણ ડીઝલનો ભાવ વધતા હવે બાયો ડીઝલનો ઉપયોગ વધારી દીધો છે. સૌથી નવાઈની વાત એ છે કે હાઈવે પર સ્થાનિક પોલીસ અને પુરવઠા વિભાગના અધિકારીઓ દ્વારા બાયો ડીઝલના ગેરકાયદે વેચાણની ખુલ્લી છુટ આપવામાં આવી છે.ઈરાન-અમેરિકાના યુદ્ધને ભારતમાં ઈંધણના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે અને પેટ્રોલ પંપ પર ડીઝલનો જથ્થો મર્યાદિત આવી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં ટ્રાન્સપોર્ટના

અનુસંધાન પાના નં.૪ પર

## કર્ણાટકમાં કાળજું કંપાવતી ઘટના



નવી દિલ્હી : કર્ણાટકના વિજયાપુરા જિલ્લામાંથી એક અત્યંત લોહિયાળ અને માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. અહીં લાંબા સમયથી ચાલી રહેલા એક જમીન વિવાદના કારણે એક જ પરિવારના સભ્યો સહિત કુલ ૬ લોકોની ઘાતકી

અનુસંધાન પાના નં.૪ પર

## ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો કડાકો : સામાન્ય માણસને મળશે મોટી રાહત!

### ગ્લોબલ માર્કેટ અપડેટઃ અમેરિકા-ઈરાન વચ્ચે ડીલની આશાએ તેલ બજારને ધ્રુજાવ્યું, બ્રેન્ટ ક્રૂડ ઘટીને $૯૧ પ્રતિ બેરલ પર પહોંચ્યું

નવી દિલ્હીઃઆંતરરાષ્ટ્રીય કોમોડિટી બજાર અને વૈશ્વિક અર્થતંત્રમાંથી મધ્યમ વર્ગ અને ઉદ્યોગો માટે ખૂબ જ રાહત આપનારા સમાચાર સામે આવી રહ્યા છે. છેલ્લા લાંબા સમયથી ક્રૂડ ઓઈલ એટલે કે કાચા તેલના ભાવોમાં ચાલી રહેલી તેજી પર આખરે બ્રેક વાગી છે.વૈશ્વિક બજારમાં કાચા તેલની કિંમતોમાં અચાનક અને તીવ્ર ઘટાડો નોંધાયો છે. સતત ચાલી રહેલી વેચવાલીના કારણે ક્રૂડ ઓઈલના ભાવ છેલ્લા ૬ અઠવાડિયાના સૌથી નીચા સ્તરે આવી ગયા છે.આંતરરાષ્ટ્રીય બજારના બંને મુખ્ય ગ્લોબલ બેન્ચમાર્ક-બ્રેન્ટ ક્રૂડ અને ડબલ્યુટીઆઈ-માં આજે જોરદાર ઘટાડો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલ છ મહિનાના નીચલા સ્તરે સરકીને $૯૧.૧૨ પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યું છે. શનિવારની સવારે આ ઘટાડો વધુ આગળ વધ્યો હતો, જેના કારણે બ્રેન્ટ ક્રૂડ $૯૧ પ્રતિ બેરલની સપાટીએ અને અમેરિકી WTI ક્રૂડ પણ નબળું પડીને $૮૭ પ્રતિ બેરલ પર આવી ગયું છે. વૈશ્વિક



બજારમાં આવેલા આ અચાનક ઘટાડાએ દુનિયાભરના આર્થિક વિશ્લેષકો અને મોટા રોકાણકારોનું ધ્યાન ખેંચ્યું છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમતો આટલી ઝડપથી નીચે આવવા પાછળનું સૌથી મોટું અને મુખ્ય કારણ વૈશ્વિક રાજનીતિમાં આવી રહેલો આશાસ્પદ વળાંક છે. વ્હાઈટ હાઉસના સિચ્યુએશન રૂમમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી ઉચ્ચ સ્તરીય મનોમંથન બેઠકો અને સકારાત્મક વાર્તાલાપના કારણે બજારમાં એવી આશા જાગી છે કે બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલો તણાવ ટૂંક સમયમાં જ સમાપ્ત થઈ શકે છે.અત્યાર સુધી મધ્ય પૂર્વમાં યુદ્ધની સ્થિતિના કારણે તેલ પુરવઠો ખોરવાઈ જવાનો મોટો ભય હતો, જેથી કિંમતો સતત $૧૦૦ ની આસપાસ ભડકે બળી રહી હતી. પરંતુ હવે જો અમેરિકા અને ઈરાન વચ્ચે કોઈ શાંતિ કરાર થાય છે, તો ઈરાન પર લાદવામાં આવેલા કડક આંતરરાષ્ટ્રીય આર્થિક પ્રતિબંધો હળવા થશે. પ્રતિબંધો હટતાની સાથે જ ઈરાનથી વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલનો સપ્લાય ખૂબ જ મોટા પ્રમાણમાં વધી જશે. અર્થશાસ્ત્રના સાદા નિયમ મુજબ, જ્યારે પણ બજારમાં કોઈ વસ્તુની અછત દૂર થાય અને પુરવઠો (વધવાની આશા ઊભી થાય, ત્યારે તેની કિંમતો આપમેળે ઘટવા લાગે છે.

## ભારત સરકારના એક્શનથી ઘૂસણખોરોમાં ફફડાટ ફેલાયો

નવી દિલ્હી : ભારતમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરીને વસવાટ કરતા વિદેશી નાગરિકો વિરૂદ્ધ કેન્દ્ર અને રાજ્ય સરકારોએ કાયદાકીય સકંજો મજબૂત કર્યો છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા તમામ વિદેશીઓ સામે કાયદાના દાયરામાં રહીને કડક કાર્યવાહી કરવામાં આવશે. આ દિશામાં એક મોટું પગલું ભરતા નવી દિલ્હી દ્વારા બાંગ્લાદેશ સરકારને ૨,૬૮૦ થી વધુ શંકાસ્પદ નાગરિકોની યાદી સોંપવામાં આવી છે, જેથી તેમની રાષ્ટ્રીયતાની સત્તાવાર પુષ્ટિ કરીને તેમને પરત મોકલી શકાય.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે સાપ્તાહિક મીડિયા બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે, ભારતે ૨,૬૮૦ થી વધુ કેસ બાંગ્લાદેશી સત્તાવાળાઓને સોંપ્યા છે. પ્રવક્તાએ ઉમેર્યું કે, "જેમ જ આ લોકોની રાષ્ટ્રીયતાનું વેરિફિકેશન પૂર્ણ થશે, અમે આ બાંગ્લાદેશી નાગરિકોને ડિપોર્ટ (પરત મોકલવા) કરવાની સ્થિતિમાં હોઈશું." આમાંના ઘણા કેસો છેલ્લા ૫ વર્ષ કે તેથી વધુ સમયથી વેરિફિકેશન પ્રક્રિયામાં અટકેલા છે. દ્વિપક્ષીય કરારના આધારે આ પ્રક્રિયાને ઝડપી બનાવવામાં આવી રહી છે.બીજી તરફ, પશ્ચિમ બંગાળમાં ભાજપના નેતૃત્વવાળી નવી સરકાર રચાતા જ ગેરકાયદેસર પ્રવાસીઓ વિરૂદ્ધ

અનુસંધાન પાના નં.૪ પર

## તિકડમ !

– દેવેન વ્યાસ



હોર્મુઝ નો માર્ગ ખૂલે કે ન ખૂલે ખીસ્સામાં હાથ નાખી રોકડા રૂપિયા આપી મારા પિયરે જવાનો માર્ગ ખોલો !

## ટ્રમ્પનું ટેન્શન વધ્યું

વૉશિંગ્ટન : અમેરિકન પ્રમુખના કટ્ટર સમર્થકો મનાતા વ્હાઈટ વોટર્સ પણ હવે તેમનાથી નિરાશ છે.ટ્રમ્પ અર્થતંત્રમાં વાળેલા છબરડા અને વધતી જતી મોંઘવારી જોઈ ૨૦૨૪માં તેમને જંગી માર્જિનથી જીતાડનારા શ્વેત નોકરિયાત મતદારોમાં તેમનું એપ્રૂવલ રેટિંગ ઘટ્યું છે, આમ ટ્રમ્પને નાપસંદ કરનારા શ્વેત અમેરિકનોની ટકાવારી ૫૪ ટકાએ પહોંચી ગઈ હોવાનું વોશિંગ્ટન પોસ્ટે જણાવ્યું હતું.પોસ્ટ મુજબ સીબીએસ ન્યૂઝ પોલ આ મહિને કરવામાં આવ્યો હતો.

## અમેરિકા-ઈરાન યુદ્ધ વચ્ચે હોર્મુઝ બંધ થવાને કારણે ભારતના કેટલા જહાજો ફસાયા?

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે ચાલેલા યુદ્ધના કારણે અત્યારે વિશ્વભરમાં ચિંતાનો માહોલ છે. આ બંને પક્ષો વચ્ચે ૨૮ ફેબ્રુઆરીએ શરૂ થયેલા યુદ્ધ બાદ હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વનો સૌથી સંવેદનશીલ અને જોખમી દરિયાઈ માર્ગ બની ગયો છે. જો કે, ૯ એપ્રિલના રોજ સીઝફાયર લાગુ થઈ ગયો હોવા છતાં આ માર્ગ પર જહાજોની અવરજવર હજુ પણ મોટાભાગે બંધ છે. ઓમાન અને ઈરાન વચ્ચે આવેલો આ સાંકડો દરિયાઈ માર્ગ આખી દુનિયા માટે ખૂબ જ મહત્ત્વનો છે, કારણ કે વિશ્વનો અંદાજે ૨૦% ઓઈલ અને નેચરલ ગેસનો પુરવઠો અહીંથી જ પસાર થાય છે. આ ભયાનક સંકટ વચ્ચે, ભારત પોતાના જહાજોને સુરક્ષિત બહાર લાવવા માટે એક ખાસ 'સીક્રેટ' વ્યૂહનીતિ પર કામ કરી રહ્યું છે.

શિપિંગ ડિરેક્ટર ઓપેશ કુમાર શર્માના જણાવ્યા અનુસાર, હાલમાં હોર્મુઝ સ્ટ્રેટ વિસ્તારમાં ભારતના ૧૩ જહાજો ફસાયેલા છે.

## ચીનને પછાડી ભારત બનશે નવો 'સેમીકન્ડક્ટર કિંગ'!

### નીતિ આયોગે જાહેર કર્યો ૨૦૩૫નો મેગા પ્લાન : દુનિયા પર ચાલશે ભારતની બાદશાહત!

### સ્માર્ટફોનથી લઈને કાર સુધી વપરાતી ચિપનું હવે દેશમાં જ થશે પ્રોડક્શન

(એજન્સી દ્વારા) નવી દિલ્હી :આજના આધુનિક યુગમાં આપણા હાથમાં રહેલા સ્માર્ટફોનથી લઈને રસ્તા પર દોડતી હાઈટેક સ્માર્ટ કાર સુધી, દરેક નાની-મોટી ઈલેક્ટ્રોનિક વસ્તુ એક નાનકડી 'ચીપ' એટલે કે સેમીકન્ડક્ટર પર નિર્ભર છે. આ ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર અને વૈશ્વિક લીડર બનાવવા માટે નીતિ આયોગu (NITI Aayog) એક અત્યંત મહત્વકાંક્ષી અહેવાલ તૈયાર કર્યો છે.

આ રિપોર્ટમાં એક એવો રોડમેપ રજૂ કરવામાં આવ્યો છે કે કેવી રીતે ભારત વર્ષ ૨૦૩૫ સુધીમાં દુનિયાનો નવો 'સેમીકન્ડક્ટર કિંગ' બની શકે છે.નીતિ આયોગના મતે, ભારત માટે હવે માત્ર સેમીકન્ડક્ટર ચિપ્સનું બજાર બનીને રહેવાનો સમય પૂરો થઈ ગયો છે; હવે આપણે ૧૫૦ અબજ ડોલરની એક મજબૂત અને સ્વનિર્ભર 'વેલ્યુ ચેઈન' (Value Chain) ઊભી કરીને આ આખી ગ્લોબલ ઈન્ડસ્ટ્રીનું નેતૃત્વ કરવાનું છે. આ ભગીરથ લક્ષ્યને હાંસલ કરવા માટે આગામી એક દાયકામાં દેશની અંદર આશરે ૧૮૦ અબજ ડોલર સુધીના જંગી મૂડીરોકાણની જરૂર પડશે. રિપોર્ટમાં ખાસ ભલામણ કરવામાં આવી છે કે આ કુલ ખર્ચનો ત્રીજો ભાગ સરકારે પોતે ઉઠાવવો જોઈએ.

## ઉત્તરપ્રદેશ, બંગાળ અને બિહારમાં વરસાદ-આંધીનો કહેર, ૨૬ લોકોના મોત

નવીદિલ્હી : દેશમાં ઘણાં રાજ્યોમાં આંધી અને વરસાદની સ્થિતિ રહી હતી, તો ઘણાં રાજ્યોમાં તાપમાનનો પારો ઊંચો રહેતા ગરમીથી કોઈ રાહત મળી ન હતી. પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ અને તીવ્ર હવા ફૂંકાઈ હતી. જુદી જુદી ઘટનામાં આ રાજ્યોમાં ૨૬ લોકોનાં મોત થયા હતા. પાટનગર દિલ્હીમાં વાદળછાયું વાતાવરણ રહેતા ગરમીથી થોડી રાહત મળી હતી.

# પ્રિમોન્સૂન કામગીરીને લઈ ગાંધીધામ મનપા મેયરે અધિકારીઓ સાથે કરી સમીક્ષા બેઠક





## કાર્યભાર સંભાળતા જ ગાંધીધામના પ્રથમ મહિલા મેયર દિવ્યાબેન નાથાણી એક્શનમાં

### એસી ચેમ્બરને બદલે શહેરની ગલીઓમાં પહોંચ્યા, પ્રજાની સમસ્યાઓ સ્થળ પર સાંભળી તાત્કાલિક ઉકેલના આપ્યા નિર્દેશ





ગાંધીધામ : ગાંધીધામ મહાનગરપાલિકાના પ્રથમ મહિલા મેયર તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ દિવ્યાબેન નાથાણીએ પોતાની કાર્યશૈલીથી શહેરવાસીઓમાં નવી આશા જગાવી છે. કાર્યભાર સંભાળ્યાના થોડા જ સમયમાં તેઓ એસી ચેમ્બરમાં બેસીને ફાઈલોનો નિકાલ કરવાની પરંપરાગત પદ્ધતિને બદલે સીધા શહેરના વિવિધ વિસ્તારોમાં પહોંચ્યા હતા. મેયરે શહેરના રહેણાંક વિસ્તારો, બજારો તેમજ જાહેર સ્થળોની મુલાકાત લઈ લોકો અને વેપારીઓ સાથે રૂબરૂ ચર્ચા કરી તેમની સમસ્યાઓ અને રજૂઆતો સાંભળી હતી.મુલાકાત દરમિયાન રસ્તા, સફાઈ, પાણી પુરવઠો, સ્ટ્રીટ લાઈટ, ડ્રેનેજ સહિતની વિવિધ નાગરિક સુવિધાઓ અંગે લોકોને પડતી મુશ્કેલીઓની માહિતી મેળવી હતી. મેયરે સંબંધિત વિભાગોના જવાબદાર અધિકારીઓને સ્થળ પર જ જરૂરી સૂચનાઓ આપી સમસ્યાઓના ઝડપી અને કાયમી નિકાલ માટે તાકીદ કરી હતી. કેટલાક પ્રશ્નો અંગે તાત્કાલિક કાર્યવાહી કરવા અને બાકીના પ્રશ્નોના સમયબદ્ધ નિરાકરણ માટે પણ સૂચનાઓ આપવામાં આવી હતી. શહેરના વેપારીઓ અને નાગરિકોએ પ્રથમ મહિલા મેયરની આ સક્રિય અને જનકેન્દ્રિત કાર્યશૈલીને આવકારી હતી. લોકોનું કહેવું છે કે મેયર પોતે સ્થળ પર આવીને સમસ્યાઓ જાણે છે અને અધિકારીઓને જવાબદારી સાથે કામ કરવા પ્રેરિત કરે છે, જે પ્રશંસનીય બાબત છે. મેયર દિવ્યાબેન નાથાણી દ્વારા પ્રજાની વચ્ચે જઈ તેમની વેદના અને અપેક્ષાઓને સમજવાનો પ્રયાસ કરવામાં આવતા શહેરમાં એક સકારાત્મક સંદેશ ગયો છે.ગાંધીધામના રાજકીય અને સામાજિક વર્તુળોમાં પણ મેયરની આ કામગીરીની પ્રશંસા થઈ રહી છે. પ્રથમ મહિલા મેયર તરીકે તેમણે માત્ર ઔપચારિક કાર્યભાર જ નહીં પરંતુ પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે મેદાનમાં ઉતરીને જવાબદાર નેતૃત્વનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. શહેરના વિકાસ અને નાગરિક સુવિધાઓને વધુ અસરકારક બનાવવા માટે તેમની આ કાર્યપદ્ધતિ આગામી સમયમાં ગાંધીધામના વિકાસને નવી દિશા આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### પ્રજાલક્ષી નેતૃત્વ સામે સ્વાર્થી આગેવાનો બેનકાબ!

## ગાંધીધામવાસીઓ હવે બની બેઠેલા વેપારી આગેવાનોને ઓળખે અને જાકારો આપે

**ગાંધીધામના વેપારીઓ હવે સાચા અને ખોટાની ઓળખ કરે : વેપારીઓના સાચા હિતરક્ષક કોણ? હવે નિર્ણય લેવાનો સમય સ્વઘોષિત નેતાઓથી સાવચેત રહી પ્રામાણિક આગેવાનોને આગળ લાવવાની જરૂર**

**રોડ-રસ્તાના ખાડા અને વેપારીઓની પીડા, હવે જવાબદારો સામે કાર્યવાહી થશે? નવી મહાનગરપાલિકા ટીમથી શહેરવાસીઓની અપેક્ષાઓ વધી**

**૧ બની બેઠલ વેપારી આગેવાન મિ.નટવરલાલ વેપારીઓના નામે તક મળે કે રપ૦૦ના દલ્લા ઉઘરાવી ગજવા ગરમ કરી લે છે,બીજો બની બેઠલ વેપારી નેતા ઈસ્ત્રી ટાઈટ કપડા પહેરી ખુદના જ રોટલા શેકતો ફરી રહ્યો છે : આવા તત્વોના ચહેરા હવે થઈ રહ્યા છે છત્તા**

**કેટલાય વેપારીઓની દુકાનમાં લાંબા સમયથી બોણી પણ નથી થઈ શકતી..દુકાન બહાર આડેધડ મોટા મોટા ખાડાઓ ખોદેલા છે, ગ્રાહક-ખરીદનાર આવે દુકાનમાં કયાંથી? કોઈ તો વેપારીઓ પર દયા ખાવ.? વેપારીઓની પેઢી ફેલ થવાપામી રહી છે...આ પરિસ્થિતી પાછળ ઠેકેદારોની લાપરવાહી જ કારણભુત દેખાય છે..! : વેપારીઓને બરબાદ કરનાર ઠેકેદાર અને મનપાના અમુક નોકરીયાતોની સામે લાલઆંખ કરો : વેપારીઓને થયેલા નુકસાનનુ વળતર આવા ઠેકેદારોથી જ લ્યો**


ગાંધીધામ : ગાંધીધામ મહાનગરપાલિકાના પ્રથમ મહિલા મેયર તથા નવનિયુક્ત સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા કાર્યભાર સંભાળતાની સાથે જ શહેરમાં જે પ્રકારની સક્રિયતા જોવા મળી રહી છે તે પ્રજાજનો અને વેપારીઓ માટે આશાનું નવું કિરણ બની છે. વર્ષોથી વિવિધ પ્રશ્નોથી ઘેરાયેલા ગાંધીધામ સંકુલ સહિતના વિસ્તારોમાં હવે સમસ્યાઓના ઝડપી નિરાકરણની આશા જાગી છે.મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને એસી ચેમ્બરમાં બેસીને માત્ર ફાઈલોનો નિકાલ કરવાની જગ્યાએ સીધા બજારો અને વિવિધ વિસ્તારોમાં જઈ વેપારીઓ તથા નાગરિકો સાથે રૂબરૂ મુલાકાતો શરૂ કરી છે. તેમની સમસ્યાઓ સાંભળી સંબંધિત અધિકારીઓને તાત્કાલિક સૂચનાઓ આપવામાં આવી રહી છે. જેના કારણે લોકોમાં વિશ્વાસ જાગ્યો છે કે હવે પ્રશ્નોના ઉકેલ માટે વર્ષો સુધી રાહ જોવી નહીં પડે. આ દરમિયાન ગાંધીધામસંકુલના વેપારીઓમાં એક ચર્ચા પણ જોર પકડી રહી છે કે વર્ષોથી વેપારીઓના નામે નેતાગીરી કરતા કેટલાક સ્વઘોષિત વેપારી આગેવાનોનું સાચું ચહેરું હવે બહાર આવવું જોઈએ. વેપારીઓના હિતોના નામે પોતાનો સ્વાર્થ સાધતા અને પોતાના ગજવા ગરમ કરતા આવા તત્વોએ વેપારીઓને માત્ર ગેરમાર્ગે દોર્યા હોવાના આક્ષેપો લાંબા સમયથી થતા રહ્યા છે. વેપારીઓમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે કેટલાક આગેવાનો વેપારી સંગઠનોના નામે દલાલી અને દબાણની રાજનીતિ કરીને અધિકારીઓ પર પ્રભાવ જમાવવાનો પ્રયાસ કરતા રહ્યા હતા, પરંતુ તેનો લાભ સામાન્ય વેપારીઓને ક્યારેય મળ્યો નથી. વેપારીઓના પ્રશ્નોના નિરાકરણ કરતાં પોતાના હિતો વધુ મહત્વના માનનારા આવા તત્વોને હવે ઓળખવાનો સમય આવી ગયો છે. ગાંધીધામ સંકુલના અનેક વેપારીઓનું માનવું છે કે કેટલાક સ્વઘોષિત નેતાઓને વેપારીઓના પ્રશ્નો ઉકેલાય તેનાથી વધુ રસ પ્રશ્નો યથાવત રહે તેમાં હતો. કારણ કે વેપારીઓ મુશ્કેલીમાં રહે ત્યારે જ તેમની નેતાગીરી અને દખલગીરી ચાલુ રહેતી હતી.

હવે જ્યારે મહાનગરપાલિકાનું નેતૃત્વ સીધું જ પ્રજાની વચ્ચે જઈ રહ્યું છે અને પ્રશ્નોના નિરાકરણ માટે તાકીદ કરી રહ્યું છે ત્યારે આવા લોકોની ભૂમિકા આપમેળે ઉજાગર થઈ રહી છે. સાથે સાથે વર્તમાન મેયર અને સ્ટેન્ડિંગ કમિટીની ટીમે શહેરમાં આડેધડ ખોદાયેલા રસ્તાઓ, ખુલ્લા પડેલા ખાડાઓ અને અધૂરા કામોની પણ ગંભીર સમીક્ષા કરવાની જરૂર છે. અનેક વિસ્તારોમાં રોડ-રસ્તાના કામો બાદ યોગ્ય સમારકામ ન થતાં લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ક્યાંક માર્ગો બંધ છે તો ક્યાંક સલામતી માટે જરૂરી ચિહ્નો પણ મૂકવામાં આવ્યા નથી. ભારતનગર સહિતના વિસ્તારોમાં અગાઉ થયેલી કામગીરી દરમિયાન વેપારીઓ અને સ્થાનિકોએ અનેક રજૂઆતો કરી હોવા છતાં તેમની વાત સાંભળવામાં આવી ન હોવાનું લોકો આજે પણ યાદ કરે છે. શહેરના હિતમાં હવે જરૂરી છે કે બેદરકારી દાખવનારા ઠેકેદારો સામે માત્ર કાગળ પરની કાર્યવાહી નહીં પરંતુ કડક જવાબદારી નક્કી કરવામાં આવે. નબળી કામગીરીથી પ્રજાને થયેલી મુશ્કેલીઓ માટે વળતર વસૂલવાની વ્યવસ્થા પણ થવી જોઈએ. શહેરવાસીઓ અપેક્ષા રાખી રહ્યા છે કે નવી ટીમ વિકાસકાર્યોમાં પારદર્શિતા અને જવાબદારી બંને સુનિશ્ચિત કરશે.આજે ગાંધીધામમાં જે સકારાત્મક વાતાવરણ સર્જાયું છે તે દર્શાવે છે કે પ્રજાલક્ષી અને મેદાનમાં ઉતરીને કામ કરતું નેતૃત્વ લોકોની પ્રથમ પસંદ બની રહ્યું છે. વેપારીઓ અને નાગરિકોએ પણ હવે સાચા અને નિષ્ઠાવાન આગેવાનોને આગળ લાવવાની સાથે માત્ર વ્યક્તિગત સ્વાર્થ માટે સંગઠનોનો ઉપયોગ કરતા તત્વોથી સાવચેત રહેવાની જરૂર છે. સમયની માંગ છે કે વેપારી હિતને પ્રાથમિકતા આપતા, અભ્યાસુ અને પ્રમાણિક આગેવાનોને પ્રોત્સાહન મળે અને શહેરના વિકાસમાં સૌની ભાગીદારી સુનિશ્ચિત બને.

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ શહેરમાં ચોમાસા પૂર્વેની તૈયારીઓને લઈને મનપા તંત્ર સક્રિય બન્યું છે. નવનિયુક્ત મેયર દિવ્યાબેન નાથાણીના માર્ગદર્શન હેઠળ પ્રિમોન્સૂન કામગીરીની સમીક્ષા માટે અગત્યની બેઠક યોજાઈ હતી.બેઠક દરમિયાન શહેરના વરસાદી નાળા, વરસાદી નાળાની સફાઈ કામગીરી, નવા બની રહેલા નાળાઓ તેમજ જ્યાં દર વર્ષે પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે તેવા વિસ્તારો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત હાલ શહેરમાં ચાલી રહેલી બ્યુટીફીકેશન કામગીરીને પણ ઝડપથી પૂર્ણ કરવા સંબંધિત વિભાગોને સૂચનાઓ આપવામાં આવી હતી.

મેયરે અધિકારીઓને ચોમાસા પહેલાં તમામ જરૂરી કામગીરી સમયસર પૂર્ણ કરી નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે પ્રાથમિકતા સાથે કામ કરવા તાકીદ કરી હતી.આ બેઠકમાં મનપાના નાયબ કમિશનર સંજય રામાનુજ, ડેપ્યુટી મેયર નવીનભાઈ ઝરૂ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તેજસભાઈ શેઠ, સતાપક્ષના નેતા ભરત મીરાણી, દંડક સુરેશ ધુવા સહિત વિવિધ વિભાગોના ઈજનેરો, **HOD** અને સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.







**ગાંધીધામ મહાનગરપાલિકાના પ્રથમ મહીલા મેયર શ્રીમતી દિવ્યાબેન જીતુભાઈ નાથાણી, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન શ્રી તેજશભાઈ શેઠ, તથા ડે.મેયર શ્રી નવીનભાઈ ઝરૂની ગાંધીધામ -મુંદરાના પૂર્વ ધારાસભ્યશ્રી રમેશભાઈ મહેશ્વરીએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.**


કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



રવાપર ગ્રા.પં.
(તા.નખત્રાણા)
સરપંચ : પરેશ વિશનજી રૂપારેલ
તલાટી : નવિન મારૂ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



રતામીયા જુથ ગ્રા.પં.
સરપંચશ્રી : દલપતસિંહ પ્રેમસિંહ સોઢા
તલાટીશ્રી : જોષી ધર્મેશકુમાર

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



રસલીયા ગ્રામ પંચાયત
તા.નખત્રાણા
સરપંચ : જયંતીભાઈ પરમાર
તલાટી : જયંતીભાઈ મહેશ્વરી

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા



સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...

રામપર (સર્વા) ગ્રામ પંચાયત
તા.નખત્રાણા
સરપંચ : ગઢવી ઈશ્વરદાન ખોડીદાન
તલાટી : ઠાકોર મુકેશભાઈ રમેશચંદ્ર

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...

નખત્રાણા પ્રાથમિક શિક્ષક સમાજ ધિરાણ મંડળી લિ.





પ્રમુખ
હરદેવસિંહ ડી. જાડેજા

ઉપપ્રમુખ
રામુભા વી. જાડેજા

માનદ્‌મંત્રી : ઘનશ્યામભાઈ પટેલ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



નેત્રા ગ્રા.પં.
તા. નખત્રાણા
સરપંચશ્રી : બહાદુરસિંહજી હનુભા જાડેજા
તલાટીશ્રી : એસ.આર.ગોસ્વામી

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



ઓસમાણભાઈ સુમરા
સદસ્યશ્રી, નખત્રાણા તા.પં.
નેત્રા બેઠક

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



પાલનપુર (બાંડી) ગ્રા. પં.
તા.નખત્રાણા
સરપંચ : પ્રવિણભાઈ છાભૈયા
તલાટી : સુહાગભાઈ શ્રીમાળી

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા



સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...

મંગવાણા ગ્રામ પંચાયત
તા.નખત્રાણા
સરપંચ : અરૂણાબેન ધર્મેન્દ્રગીરી ગોસ્વામી
તલાટી : ભૂમિબેન છાટબાર

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



મથલ ગ્રા.પં.
તા.નખત્રાણા
સરપંચશ્રી : હુસેનભાઈ ખલીફા
તલાટીશ્રી : જાડેજા યોગેન્દ્રસિંહ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...

મુરૂ જુથ ગ્રા.પં. તા. નખત્રાણા
સરપંચશ્રી : લખીબેન રામાભાઈ આચર
તલાટીશ્રી : વાગડા હિનાબેન હીરજી

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા



સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...

નાગલપર ગ્રામ પંચાયત
તા.નખત્રાણા
સરપંચ : રમેશભાઈ વિશ્રામ સીજુ
તલાટી : સંગીતાબેન ઠક્કર

ઓછી આંચે રસોઈ રાંધો-ગેસની મોટી બચત સાંધો
રસોઈ રાંધવામાં પ્રેસર કુકરનો કરો ઉપયોગ



# ખેડૂતો માટે ચિંતાજનક આગાહીઃ આ વર્ષે ચોમાસું નબળું રહેશે, જૂનમાં હીટવેવનો હાહાકાર યથાવત્

નવી દિલ્હી : હવામાન વિભાગે ચોમાસાનું બીજી વખત પૂર્વાનુમાન જાહેર કર્યું છે એ ચિંતાજનક છે. ત્રણ વર્ષ પછી પહેલી વખત એવી સ્થિતિ આવી છે કે ચોમાસામાં પર્યાપ્ત વરસાદ થવાનો નથી. ખેડૂતોને ચિંતા કરાવે એવું અનુમાન રજૂ થયું છે. એપ્રિલ-મે મહિનાની આકરી ગરમી લોકો એ આશાએ સહન કરી લે છે કે જૂનના બીજા સપ્તાહમાં તો વરસાદના અમી છાંટણા થઈ જશે અને એ ગરમીમાં ઠંડું પાણી રેડશે, પરંતુ આ વર્ષે એ આશા પર પાણી ફરી વળ્યું છે.હવામાન વિભાગના વડા મૃત્યુંજય મોહાપાત્રાએ ચિંતાજનક ચેતવણી આપી હતી કે આ વર્ષે ચોમાસું નબળું રહેશે. વરસાદ ૯૦ ટકા થશે અને એમાં ચાર ટકા ઉપર-નીચે રહેવાની પણ ધારણા છે. તેનો અર્થ એ કે જો વધારે સારી સ્થિતિ હશે તો ૯૪ ટકા વરસાદ થશે ને વધારે ખરાબ સ્થિતિ હશે તો વરસાદ ૮૬ ટકા જ થશે. વરસાદ જો ૯૦ ટકા થાય તો એ ઓછો વરસાદ ગણાશે. ગયા વર્ષે ૧૦૮ ટકા વરસાદ સાથે ચોમાસાની ઋતુ પૂરી થઈ હતી.

વરસાદ ઓછો થશે તેની સીધી અસર ચોમાસું પાક પર પડશે. ખેડૂતોને ચિંતા થાય એવી સ્થિતિ સર્જાશે. ચોમાસું નબળું રહે એટલે ચોમાસું પાક તો ઓછો થાય જ, તે સિવાય આવતો ઉનાળામાં પણ પાણીની તંગીનો સામનો કરવાનો આવે. કારણ કે જળાશયોમાં જળનો સંગ્રહ ઓછો થાય તેની અસર બીજા વર્ષે પડે. જળસ્તરમાં કમી આવે તો સિંચાઈનું પાણી ખેડૂતોને મળતું નથી અને તેના કારણે આખું વર્ષ મુશ્કેલી પડે છે. અગાઉ પહેલી વખત પૂર્વાનુમાન થયું ત્યારે વરસાદ ૯૨ ટકા થશે એવી શક્યતા વ્યક્ત થઈ હતી.

હવામાન વિભાગના વડાના નિવેદન પ્રમાણે ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, બિહાર, ઓડિશા, ગુજરાત, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર જેવા આઠ રાજ્યોમાં જૂન માસમાં ગરમી હાહાકાર મચાવશે. હવામાન વિભાગે ઘણાં રાજ્યોમાં ગંભીર હીટવેવ અને હીટવેવ અને મધ્યમ હીટવેવની આગાહી આપી છે. દેશના બદલાઈ રહેલા વાતાવરણ પાછળ અલ નીનોની અસર જવાબદાર છે. જૂનમાં અલ નીનોની અસર ભલે મધ્યમ રહેશે, પરંતુ સપ્ટેમ્બરમાં અલ નીનો દેશના વાતાવરણને તીવ્ર રીતે પ્રભાવિત કરશે. તેના કારણે વાતાવરણમાં અણધાર્યા પલટા થતાં રહેશે.એક તરફ મધ્ય-પૂર્વમાં યુદ્ધની સ્થિતિ અને ક્રૂડ-ઉર્જાની અનિશ્ચિતતા છે. તેના કારણે મોંઘવારી વધી ચૂકી છે. પેટ્રોલ-ડીઝલ-ગેસના ભાવમાં વધારો થઈ ચૂક્યો છે. બીજી તરફ ચોમાસું નબળું રહેશે તેની અસર પણ દેશના બજારમાં પડશે. નિષ્ણાત અર્થશાસ્ત્રીઓ દાવો કરી રહ્યા છે કે જુલાઈ-ઓગસ્ટમાં વરસાદ ઓછો થશે તો ખાણી-પીણી અને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની કિંમત વધશે. એપ્રિલમાં મોંઘવારી ૩.૪૮ ટકા હતી.

# ટ્રમ્પના દાવાને ઈરાને ફગાવ્યો, હોર્મુઝ સ્ટ્રેટ કરાર અંગે બંને દેશોમાં મતભેદ

નવી દિલ્હી::અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે સંભવિત કરારનો દાવો કર્યા પછી તરત જ, ઈરાની લશ્કરી સંલગ્ન મીડિયાએ તેમના નિવેદનોને ફગાવી દીધા. ટ્રમ્પે કહ્યું હતું કે તેહરાનને કોઈપણ ફી વિના હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવા માટે 'બળજબરી' કરવામાં આવી હતી, પરંતુ ઈરાને આને તથ્યો અને જુઠ્ઠાણાઓનું મિશ્રણ ગણાવ્યું હતું, અને દાવો કર્યો હતો કે તે તેહરાનમાં વિચારણા હેઠળના કરારનો સાચો ડ્રાફ્ટ નથી.ટ્રમ્પ કાલ્પનિક વિજયનો પ્રોજેક્ટ રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ વરિષ્ઠ અધિકારીઓને ટાંકીને કહ્યું હતું કે ટ્રમ્પના નિવેદનો "કાલ્પનિક વિજયનો પ્રોજેક્ટ રજૂ કરવાનો પ્રયાસ" હતા.અહેવાલ મુજબ "પ્રતિબદ્ધતા માટે પ્રતિબદ્ધતા" નામનો પ્રસ્તાવિત કરાર ઈરાનમાં અંતિમ મંજૂરીના તબક્કામાં છે, જોકે હજુ સુધી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. પશ્ચિમ એશિયા કટોકટી પર વ્હાઈટ હાઉસ ખાતે એક મહત્વપૂર્ણ બેઠકમાં ભાગ લેતા પહેલા, ટ્રમ્પે દાવો કર્યો હતો કે હોર્મુઝ સ્ટ્રેટમાં પ્રતિબંધો લગભગ હટાવી લેવામાં આવ્યા છે અને દરિયાઈ ટ્રાફિક સામાન્ય થઈ રહ્યો છે. આ જળમાર્ગ વિશ્વના લગભગ ૨૦ ટકા તેલના પરિવહન માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

# ગાંધીધામ બી ડિવિઝન પોલીસનો સપાટો : મોટી વ્યુહાત્મક છેતરપીંડી કેસમાં બંટી દબોચાયો : સાગરીતોને પકડવા તજવીજ તેજ

**નામદાર કોર્ટે આરોપીના નિયમિત જામીન કર્યા નામંજુર : બે સાગરીતો ઉપરાંતના વધુ નવા ખુલાસા થવાની વકી**

ગાંધીધામ : ગાંધીધામ બી ડીવી. પોલીસ દ્વારા છેતરપીંડી આચરી નાસતા ફરતા શખ્સો પેકીના એક શખ્સને દબોચી લેવામા આવ્યો છે. આ બાબતે મળેલી માહીતી અનુસાર ફરીયાદી જગદીશ અયાચી દ્વારા કરવામાં આવેલી ફરીયાદના અનુસંધાનમાં જગજીતસિંહ ઉર્ફે બંટી ઉ.વ.૪૩ની કેસ ન. ૦૧૩૯/૨૬ બીએનએસ કલમ ૩૧૬(૨),૩૧૮(૪) ૫૪ મુજબના ગુના કામે તા. ૨૫મી મે ૨૬ના અટક કરી ત્રણ દીવસના રીમાન્ડ માંગતા ૧ દીવસના રીમાનડ મંજુર કરેલ અને સઘન પુછતાછ અને તપાસ કર્યા બાદ કોર્ટમાં આધાર અને ચુકવેલ રૂપીયાના બેન્ક સ્ટેટમેન્ટ રજુ કરી અને અન્ય પુરારા રજુ કરી અને તેના આધારે કોર્ટે બંટીએ કરેલ છેતરપીંડી તથા ભેગા મળીને રૂપીયા પડાવી લેવા તથા ફરીયાદને બ્લેકમેઈલ કરેલ છે તે તથ્ય લાગતા કોર્ટે તેના રેગ્યુલર જામીન નામંજુર કરી અને ભુજ પાલારા જેલમાં મોકલી આપવા ઓર્ડર કરેલ અને હજુ તેના બન્ને સાગરીતો જે સાથે મળીને છેતરપીંડી વ્યુહરચના બની હતી તેની પોલીસ તપાસ કરી રહી છે અને ટુંક સમયમાં તેમની પણ ધરપકડ કરવામા આવશે તેવુ જણાય છે.

# રૂપિયાની લેવડદેવડના મામલે યુવાનની હત્યાઃ ગાગોદર પોલીસે નોંધ્યો ગુનો

રાપર - કચ્છઉદય : તાલુકાના કુવાતા ગામે રૂપિયા બાબતે થયેલા ઝઘડામાં એક યુવાનનું મોત નિપજતાં ગાગોદર પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, કુવાતા ગામના રહેવાસી મનસુખ ભાણાભાઈ કેલતીએ ફરિયાદ નોંધાવી હતી કે આરોપી સાથે અગાઉથી રૂપિયા બાબતે બોલાચાલી ચાલી રહી હતી. આ દરમિયાન આરોપીએ ઉશ્કેરાઈ જઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ફરિયાદ અનુસાર, આરોપીએ મનસુખ પર લાકડાના ધારિયાવાળા બળતણના કાપવાના સાધન વડે હુમલો કરી શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઇજાઓ પહોંચાડી હતી. ઘટનામાં મનસુખને ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.આ બનાવ અંગે ગાગોદર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧), ૩૫૧(૨), ૨૯૬ તેમજ જી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે. કેસની તપાસ ગાગોદર પોલીસના પી.એસ.આઈ. એમ.જે. કુંઢા ચલાવી રહ્યા છે, જ્યારે ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# જ્યારે 'ગુજરાત પોલીસે' જામીનમુક્ત મહિલાના પરિવારની ભૂમિકા ભજવી..

**મહિલા આરોપીએ બાળકને જન્મ આપ્યો, તેને કોઇ લેવા ન આવ્યું, ત્યારે ગુજરાત પોલીસ મધ્યપ્રદેશ મૂકવા ગઈ : જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (આણંદ) અને નડિયાદ જિલ્લા જેલની માનવીય સંવેદનાને ઝંકૃત કરતી કામગીરી**







ગાંધીનગરઃ વહીવટીતંત્ર જ્યારે માનવીય સંવેદનાને ઉજાગર કરે છે ત્યારે ભલભલાની આંખો ભીંજાઇ જાય છે. આવી જ ઘટના નડીયાદ જિલ્લા જેલમાં બની છે. જેલમાં રહેલી એક શ્રમિક પરિવારની મહિલા આરોપીએ બાળકને જન્મ આપ્યો ત્યારે તેને તેણીના પરિવારમાંથી કોઈ લેવા આવ્યું નહીં. આ સમયે ગુજરાત પોલીસ તેની વાલી બની અને ખાખીમાં ધબકતા હૃદયનો પરિચય કરાવ્યો ને એક પરિવારની ભૂમિકા ભજવીને ગુજરાત પોલીસ છેક મધ્યપ્રદેશ મૂકવા ગઈ.

થોડા દિવસો પહેલા આણંદ જિલ્લાનાં ખંભાત ખાતે પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ (POCSO) એક્ટ, ૨૦૧૨, હેઠળ એક ગુન્હો નોંધાયો હતો. આ ગુન્હામાં એક સહ-આરોપી સગર્ભા મહિલા નડિયાદ જિલ્લામાં જેલમાં બે વર્ષનાં એક બાળક સાથે આવી હતી. આ મહિલાનાં દિયરે સગીર વયની છોકરીને ભગાડી જતા આ મહિલાનાં પતિ અને દિયર સામે ગુન્હો નોંધાયો હતો. આ મહિલા તેમાં સહ-આરોપી હતી.

મુળ મધ્યપ્રદેશનાં અલીરાજપુર જિલ્લાનો વતની આ પરિવાર સ્થળાંતર કરી મજુરી માટે આણંદ જિલ્લામાં આવ્યો હતો. નડિયાદ જિલ્લા જેલમાં જ્યારે આ મહિલા આવી ત્યારે તે સગર્ભા હતી. ૨૧ મેનાં રોજ આ મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતા સૌ પ્રથમ તેને નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી અને ત્યાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તેણે પુત્રને જન્મ આપ્યો. સારવાર પુરી થયા પછી આ મહિલા કેદીને તેના નવજાત શિશુ સાથે પાછી નડિયાદ જિલ્લા જેલમાં લઈ આવવામાં આવી. આ મહિલા કેદી (કાચા કામના કેદી) હવે બે વર્ષનાં બાળક અને ચાર દિવસનાં નવજાત શિશુ સાથે જેલમાં રહેતી હતી.

"આ મહિલાને સ્થાનિક અદાલતમાંથી જામીન તો મળી ગયા હતા પણ તેને મુક્ત કરાવવા માટે તેના સગા-સંબંધીઓમાંથી કોઈ આવ્યું નહીં. પતિ અને દિયર જેલમાં હતા. પરિવાર અત્યંત ગરીબ હતો. સ્થળાંતરિત અને ગરીબ મહિલાને વ્હારે કોણ આવે? જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (આણંદ) અને નડિયાદ જિલ્લા જેલનાં અધિકારીઓ આ ગરીબ અને સ્થળાંતરીત મજુર (માઈગ્રન્ટ) મહિલાની વ્હારે આવ્યાં.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળે આ મહિલા આરોપીની કાનૂની મદદ કરી અને નડિયાદ જિલ્લા જેલનાં અધિકારીઓને આ મહિલાની આરોગ્યની સ્થિતિને ધ્યાનમાં રાખી તેના વતન મધ્યપ્રદેશ સુધી પહોંચાડવા કહ્યું.

# આચાર્ય રશ્મિરત્નસુરીશ્વરજીનું અંજારમાં સામૈયું કરાયું



અંજાર - કચ્છઉદય : શહેરમાં શ્રી ન્યુ અંજાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં સૂરિ પ્રેમભુવનભાનુ સમુદાયના પૂજ્યપાદ દીક્ષાદાનેશ્વરી આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ના કૃપાપાત્ર આજીવન ચરણોપાસક ૫૦૦ શ્રમણી ગણનાયક આચાર્ય રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા., પંન્યાસ જિતરત્ન વિજયજી આદિ ઠાણા સાધુ ભગવંતોનું પ્રથમવાર આગમન થતા શ્રી સંઘ તરફથી ઢોલ - શરણાઈના સથવારે સામૈયું કરવામાં આવ્યું હતું. બહેનોએ અક્ષતની ગુંહલી કાઢી વધામણા કર્યા હતા. સામૈયું મુખ્ય માર્ગે દેરાસર આવ્યું જ્યાં શ્રી મહાવીર સ્વામી ભગવાનના જિનાલયના દર્શન કરી જૈન ઉપાશ્રયમાં આવ્યા ત્યાં માંગલિક કર્યું હતું. માંગલિક બાદ સવારે ૭:૩૦ કલાકે પ્રવચન થયું હતું. પ્રભુ વીરના આગમવાણીના આધારે મોક્ષમાં જવાનો શોર્ટકટ બતાવતા જૈનાચાર્ય રશ્મિરત્નસૂરીજીએ કહ્યું કે 'સ્વભાવથી વિનમ્ર બનો, સરળ બનો, પશ્ચાતાપવાળા બનો અને ઈર્ષારહિત બનો' આ ચાર કામ કરવાથી અવશ્ય મોક્ષ પ્રાપ્ત થશે. બે દિવસની સ્થિરતા દરમ્યાન બીજા દિવસે તા. ૩૧-૫ના સવારે ૮થી ૧૦વિવિધલક્ષી હોલ મધ્યે રવિવારે અંજારના ઈતિહાસમાં પહેલીવાર વાજતે - ગાજતે શાસ્ત્રીય સામાયિકનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો જોડાશે. દરેકને પ્રભાવના કરવામાં આવશે. સામાયિકમાં વિશ્વ શાંતિ માટે પાંચ મુદ્રા સાથે નવકાર જાપાનુષ્ઠાન કરાવવામાં આવશે. ઉપકરણ શુદ્ધિ, અંતઃકરણ શુદ્ધિ અને વિધિ શુદ્ધિ નું જ્ઞાન અપાશે. દરેક આરાધકો જોટો સામાયિક કરશે. પ્રમુખ શિરીષભાઈ હરિયા, મંત્રી હરેશભાઈ, હીરેલભાઈ શાહ આદિ આગેવાનો હાજર રહ્યા હતા.

# 'વંદે માતરમ' ગીત પર વિવાદ, કેરળ વિધાનસભાના પ્રથમ સત્રમાં જ ગરમાયું રાજકારણ

નવીદિલ્હી : દક્ષિણ ભારતના રાજ્યોમાં રાષ્ટ્રગીત અને રાષ્ટ્રીય પ્રતીકોને લઈને વિવાદો અટકવાનું નામ નથી લઈ રહ્યા. પાડોશી રાજ્ય તમિલનાડુ બાદ હવે કેરળમાં પણ 'વંદે માતરમ' ગીતને લઈને રાજકીય રણસંગ્રામ શરૂ થઈ ગયો છે. કેરળની નવી ચૂંટાયેલી વિધાનસભાના સૌપ્રથમ સત્રમાં જ સત્તાધારી પક્ષ અને રાજ્યપાલ વચ્ચે ભારે ગરમાગમી જોવા મળી હતી. આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે કોંગ્રેસની આગેવાની હેઠળની યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ સરકારે ગૃહમાં રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરના નીતિગત સંબોધન પહેલાં 'વંદે માતરમ' નું સંપૂર્ણ સંસ્કરણ વગાડવાને બદલે માત્ર તેના પ્રારંભિક બે અંતરા (કડી) વગાડવાનો નિર્ણય કર્યો. સરકારના આ પગલાથી નારાજ થયેલા રાજ્યપાલે આકરી પ્રતિક્રિયા આપી હતી.

શુક્રવારે કેરળ વિધાનસભામાં જ્યારે રાજ્યપાલ યુડીએફ સરકારના નીતિગત ભાષણ માટે ગૃહમાં ઉપસ્થિત રહ્યા ત્યારે પરંપરાગત બેન્ડ ટુકડી દ્વારા 'વંદે માતરમ' ના માત્ર શરૂઆતના અંશ જ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. ગૃહની કાર્યવાહી પૂર્ણ થયા બાદ લોક ભવન ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા રાજ્યપાલ આર્લેકરે પોતાની નારાજગી છુપાવી ન હતી.

# ચીનનો ન્યૂક્લિયર ચક્રવ્યૂહઃ સેટેલાઇટ તસવીરોથી મોટો ખુલાસો, અમેરિકાની ઊંઘ ઉડી

નવીદિલ્હી : ચીનની જૂની આદત રહી છે કે જ્યાં પણ તેને ખાલી કે સુમસામ જગ્યા દેખાય, ત્યાં તે પોતાનું ખુરાફાતી મગજ ચલાવવાનું શરૂ કરી દે છે. ભારત સરહદે ચીનની આવી ઘણી કરતૂતો પકડાઈ ચૂકી છે, પરંતુ આ વખતે બેઈજિંગ સીધું અમેરિકાને ઘેરવાની મોટી યોજના બનાવી રહ્યું છે. તાજેતરમાં સેટેલાઈટ દ્વારા મળેલી એક રણ વિસ્તારની ગુપ્ત તસવીરોએ અમેરિકાના હોશ ઉડાવી દીધા છે. આ લોકેશન પર ચીન એવો ૩-લેયરનો ન્યૂક્લિયર ચક્રવ્યૂહ તૈયાર કરી રહ્યું છે. જેને ભેદવો અમેરિકા માટે અશક્ય બની જશે. સેટેલાઈટ તસવીરો અનુસાર, ચીનના ઉત્તર-પશ્ચિમી રણમાં આવેલા હામી ન્યૂક્લિયર સાઈલો ફિલ્ડ પાસે ખૂબ જ મોટા પાયે મિલિટરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવી રહ્યું છે. જો કે ચીનની ન્યૂક્લિયર મિસાઈલો આજે પણ અમેરિકાના કોઈપણ શહેરને નિશાન બનાવવાની તાકાત રાખે છે, પરંતુ હવે ચીને પોતાની સૌથી લાંબા અંતરની મિસાઈલો વાળા સાઈલો પાસે ૮૦થી વધુ નવા કોંક્રિટ લોન્ચ પેડ્સ અને બંકરોનું આખું નેટવર્ક બિછાવી દીધું છે.આ કોંક્રિટ પેડ્સ એટલા વિશાળ છે કે, તેનો ઉપયોગ ચીનના મોબાઈલ મિસાઈલ લોન્ચર્સના કાફલા અને એર-ડિફેન્સ મિસાઈલ બેટરીઓ માટે સરળતાથી થઈ શકે છે.

# પહેલા પાનાથી...

### ગુજરાતમાં મેઘાની

મોડાસા ગ્રામ્ય, શામળાજી, વાસેરાકંપા, ઈસરોલ અને જીવણપુર વિસ્તારમાં ગઈકાલે વરસાદ પડ્યા બાદ આજે વાતાવરણમાં વધુ પલટો આવ્યો છે. જિલ્લાના માલપુર પંથકમાં વહેલી સવારથી જ આકાશમાં કાળા વાદળો ઘેરાયા હતા અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. વહેલી સવારના વરસાદને પગલે નોકરિયાત વર્ગ અને વાહનચાલકોને થોડી મુશ્કેલી પડી હતી, પરંતુ અસહ્ય ગરમી અને ઉકળાટમાંથી મુક્તિ મળતા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

બીજી તરફ, મહીસાગર જિલ્લાના વાતાવરણમાં પણ મોટો પલટો જોવા મળ્યો છે. જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા સહિત ખાનપુર, કડાણા અને સંતરામપુર પંથકમાં સવારથી જ વાવાઝોડા જેવા પવન સાથે વરસાદી માહોલ જામ્યો છે. કાળાડિબાંગ વાદળો વચ્ચે પડતા આ પ્રિ-મોન્સૂન વરસાદને કારણે નીચાણવાળા રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં પણ આ પ્રિ-મોન્સૂન સિસ્ટમ સક્રિય રહેશે, જેને પગલે ખેડૂતોને પોતાના પાકને સુરક્ષિત સ્થળે રાખવા વહીવટી તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે.

### ભારત-અમેરિકા

મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકન કંપનીઓ અને કુશળ ભારતીય કામદારો બંને માટે વ્યાપારી સાનુકૂળતા ઊભી કરવાનો છે. મુખ્ય વિષય / ક્ષેત્ર અમેરિકા ની અપેક્ષા ભારતનું વલણ / સાવચેતી વર્તમાન પ્રગતિ કૃષિ બજાર યુએસ કૃષિ ઉત્પાદનો (જેમ કે ડેરી, સોયાબીન) માટે વધુ એક્સેસ. સ્થાનિક ખેડૂતો અને નાના ઉત્પાદકોના હિતોનું રક્ષણ અનિવાર્ય.
છેલ્લા ૧ ટકાના કામમાં આ મુદ્દો ચર્ચા હેઠળ છે.નવી ટેકનોલોજી સંવેદનશીલ ટેકનોલોજી અને ડેટા સિક્યોરિટીની ખાતરી.એડવાન્સ છૈં ચિપ્સ અને સેમિકન્ડક્ટર ટેકનોલોજીની આયાત.યુએસ વાણિજ્ય વિભાગે ચિપ્સનો પુરવઠો શરૂ કર્યો. ટેરિફ અને કસ્ટમ્સ નોન-ટેરિફ અવરોધોમાં ઘટાડો અને વેપાર સુવિધા. સ્થાનિક ઉદ્યોગો ને નુકસાન ન થાય તેવા દરો. વાણિજ્ય મંત્રાલય આખરી વિગતો તૈયાર કરી રહ્યું છે.

### 'સંઘ મજબૂત હોત

સંવાદ જાળવી રાખવાના નિવેદન અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં આંબેકરે જણાવ્યું કે લોકો વચ્ચેનો સંવાદ ઘણી સમસ્યાઓના ઉકેલ તરફ દોરી શકે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે Government-to-Government Talks રાજકીય અને કૂટનીતિક નિર્ણયનો વિષય છે, જેનો નિર્ણય સરકાર પોતાના મૂલ્યાંકનના આધારે લે છે. ઈજીજી આ બાબતે સરકારને સીધી સલાહ આપતું નથી.

તાજેતરમાં કેટલાક જૂથો દ્વારા ઉઠાવવામાં આવતા 'જય ભીમ, લાલ સલામ' જેવા સૂત્રો અંગે પણ આંબેકરે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

તેમણે કહ્યું કે જ્યાં સુધી ભગવાન બુદ્ધ દ્વારા દર્શાવવામાં આવેલ શાંતિ અને માનવતાનો માર્ગ ઉપલબ્ધ છે, ત્યાં સુધી કાર્લ માર્ક્સ અથવા અન્ય વિચારધારાના માર્ગ પર જવાની જરૂર નથી. તેમણે ઉમેર્યું કે ડૉ. ભીમરાવ આંબેડકરના મૂળ વિચારોને પણ યોગ્ય રીતે સમજવાની જરૂર છે.

### દસ્તાવેજો ઓનલાઇન

સિસ્ટમ કાર્યરત થશે. જો કોઈ કાગળ ખૂટતા હશે તો પણ અરજદારને જાણ કરીને ઓનલાઈન જ મંગાવાશે. જમીન-મકાનના દસ્તાવેજને લગતી મહત્વની બાબત હોવાથી સંપૂર્ણ સુરક્ષા અને ગુપ્તતા જાળવવા માટે બ્લોક ચેઈન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવી શકે છે.

### ઈંધણની અછત વચ્ચે

ટ્રાન્સપોર્ટના સંચાલકોએ તેમના ટ્રકમાં ડીઝલના બદલે બાયો ડીઝલનો વપરાશ શરૂ કરી દીધો છે. વાત માત્ર ટ્રાન્સપોર્ટ સંચાલકોની સાથે સૌરાષ્ટ્ર અને કચ્છમાં જતી મોટાભાગની ટ્રાવેલ્સ બસના સંચાલકોએ પણ હવે બાયો ડીઝલ તરફ વળ્યા છે.

સૌરાષ્ટ્ર અને કચ્છમાં એક સમયે ખુબ મોટાપ્રમાણમાં બાયો ડીઝલના ગેરકાયદે પંપ શરૂ થયા હતા. ત્યારબાદ દરોડાની કાર્યવાહી થતા બાયો ડીઝલના માફિયાઓનું નેટવર્ક કાબુમાં આવ્યું હતું. પરંતુ ડીઝલમાં ભાવ વધારો અને અછતનો ફાયદો લઈને જુના તત્વો ફરીથી સક્રિય થઈ ગયા છે. જેમાં હવે હાઈવે પર હોટલ પર નહીં પણ કોઈ ખેતરમાં પ્લોટ રાખીને બાયો ડીઝલનો કારોબાર કરવામાં આવી રહ્યો છે. અમદાવાદથી પોરબંદર મોટાભાગની ટ્રાવેલ્સ ગોંડલ, જેતપુર વચ્ચે આવેલા બાર્યો ડીઝલના પંપ પર જઈને ટાંકી ફુલ કરાવે છે. જ્યારે જામનગર રૂટમાં ધ્રોલ બાદ કેટલાંક સ્થળોએ બાયો ડીઝલ પંપ ખાનગીમાં શરૂ થઈ ગયા છે. જૂનાગઢ, કચ્છ જતા ધ્રાંગધ્રા બાદ કેટલાંક સ્થળોએ બાયો ડીઝલનું નેટવર્ક સક્રિય થયું છે. જ્યારે અમદાવાદ રાજકોટ હાઈવે પર કેટલાંક ખનીજ માફિયાઓ હવે બાયો ડીઝલના કારોબારમાં જોડાયા છે. એક ટ્રાન્સપોર્ટના સંચાલકના જણાવ્યાનુસાર, બાયો ડીઝલનો ભાવ સામાન્ય ડીઝલ કરતા ૨૦થી ૨૫ રૂપિયા ઓછો છે અને એવરેજ નથી તુટતી. જ્યારે બીએસ ૬ પહેલાના વાહનોમાં બાયોડીઝલના ઉપયોગથી એન્જીન પર મોટું નુકશાન નથી. જેથી હવે અમે ૮૦ ટકા બાયો ડીઝલ અને ૨૦ ટકા ડીઝલનો ઉપયોગ કરીએ છીએ. જ્યારે લક્ઝરી બસના સંચાલકો કહે છે.

### કર્ણાટકમાં કાળજું

ઘાતકી હત્યા કરવામાં આવી છે. પોલીસ દ્વારા શુક્રવારે આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, હત્યારાઓએ પહેલા આ તમામ લોકોને ગોળી મારી દીધી હતી અને ત્યારબાદ અત્યંત ક્રૂરતાપૂર્વક કુહાડીથી તેમના શબના ટુકડા કરી નાખ્યા હતા.આ ભયાનક ઘટના વિજયાપુરા જિલ્લાના ચડચાન પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા ગોવિંદપુર ગામમાં બની છે. જીવ ગુમાવનારા તમામ ૬ લોકો ગોવિંદપુર ગામના જ વતની હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે ગામમાં રહેતા 'નિરાલે' અને 'ગોલાગી' પરિવાર વચ્ચે છેલ્લા ઘણા સમયથી જમીનની માલિકી બાબતે મોટો વિવાદ ચાલી રહ્યો હતો. પોલીસને પ્રબળ આશંકા છે કે આ જૂની અદાવત અને દુશ્મનીનો બદલો લેવા માટે ગોલાગી પરિવારના સભ્યોએ પૂર્વઆયોજિત કાવતરું ઘડીને આ ભયાનક સામૂહિક હત્યાકાંડને અંજામ આપ્યો છે.

### ભારત સરકારના

વિરૂદ્ધ 'ઓળખો, હટાવો અને ડિપોર્ટ કરો' ની કડક નીતિ અમલમાં મૂકવામાં આવી છે. આ કડક કાયદા, જેલવાસ અને ભારે દંડના ડરથી પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં આવેલી આંતરરાષ્ટ્રીય સરહદના હાર્કિમપુર ચેકપોસ્ટ પર શુક્રવારે બાંગ્લાદેશ પરત ફરવા ઈચ્છતા પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી હતી.

વર્ષ ૨૦૧૭ થી બંગાળમાં રહીને રિક્ષા ચલાવતા અબ્દુલે જણાવ્યું કે, કોઈ કાયદેસરના દસ્તાવેજો ન હોવાથી નવી નીતિ હેઠળ જેલ જવાનો ડર સતાવી રહ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીના કાર્યકાળમાં તેમને કોઈ તકલીફ નહોતી પડી, પરંતુ હવે સુરક્ષાને લઈને ચિંતા છે. આવી જ રીતે પ્રેમમાં પડીને દલાલને ૧૫,૦૦૦ રૂપિયા આપી સરહદ પાર કરનારી સુમૈયા ખાતુન પણ પતિ દ્વારા તરછોડાયા બાદ પોતાની ૨ વર્ષની પુત્રી સાથે દસ્તાવેજોના અભાવે બાંગ્લાદેશ પરત ફરી રહી છે.કેન્દ્રીય ગૃહ મંત્રાલયના નિર્દેશોને પગલે પશ્ચિમ બંગાળના ગૃહ વિભાગે ૨૩ મે ના રોજ તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ્સ ને સત્તાવાર આદેશ જાહેર કર્યા છે. આ આદેશ હેઠળ પકડાયેલા ગેરકાયદેસર વિદેશી નાગરિકો (ખાસ કરીને બાંગ્લાદેશી અને રોહિંગ્યા) તેમજ સજા પૂરી કરી ચૂકેલા વિદેશી કેદીઓને રાખવા માટે જિલ્લાઓમાં 'હોલ્ડિંગ સેન્ટર' બનાવવાની કામગીરી તેજ કરવામાં આવી છે, જેથી ડિપોર્ટેશનની પ્રક્રિયા ઝડપી બની શકે.

# આદિપુર પોલીસની સરાહનીય કામગીરીઃ ઓનલાઇન સટ્ટો રમાડતો કુખ્યાત શખ્સ ઝડપાયો :મુદ્દામાલ જપ્ત

આદીપુર - કચ્છઉદય : આદિપુર પોલીસ સ્ટેશન દ્વારા ગુનાખોરી ડામવા માટે હાથ ધરવામાં આવેલી કામગીરી અંતર્ગત, આદિપુર પોલીસ સ્ટેશન પાર્ટ-બીમાં નોંધાયેલા જુગાર ધારાની કલમ ૧૨-એ હેઠળના ગુનામાં એક આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી છે. પોલીસને મળેલી બાતમીના આધારે કરવામાં આવેલી આ રેડ દરમિયાન, ગુરુમુખદાસ વીરુમલદાસ સતવાણી નામના ૫૦ વર્ષીય શખ્સને જાહેર સ્થળેથી જુગાર રમતા અને રમાડતા ઝડપી પાડવામાં આવ્યો હતો.

તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી પોતાના અંગત આર્થિક ફાયદા માટે મોબાઈલ એપનો ઉપયોગ કરીને ગ્રાહકો પાસેથી રૂપિયા સ્વીકારી ઓનલાઈન સટ્ટો રમાડતો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે આરોપી પાસેથી એમ.આઈ. કંપનીનો એક મોબાઈલ ફોન જેની કિંમત ૫૦૦૦ રૂપિયા છે અને ૧૮૦૦ રૂપિયા રોકડ મળી કુલ ૬૮૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, આ આરોપી વિરુદ્ધ અગાઉ પણ જુગાર ધારા હેઠળ અનેક ગુનાઓ નોંધાયેલા છે, જેમાં વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ દરમિયાન ૧૧૯૯૩૦૦૨૨૪૦૭૭૨, ૫૦૭-૧૨એ સહિતની વિવિધ કેસની કલમો હેઠળ પોલીસ ચોપડે ગુનાઓ દાખલ થયેલા છે. આ સમગ્ર કાર્યવાહી આદિપુર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# આડેસર પોલીસ દ્વારા પરવાના વગરની બંદૂક સાથે એક ઈસમ ઝડપાયો

આડેસર - કચ્છઉદય : આડેસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરજ પરના પોલીસ કર્મચારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી દરમિયાન ગેરકાયદેસર હથિયાર સાથે એક ઈસમને ઝડપી લેવામાં સફળતા મળી છે.

ઘટનાની વિગત મુજબ, ગત તા. ૨૬/૦૫/૨૦૨૬ના રોજ આડેસર પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન બાતમીના આધારે પોલીસે આડેસર પોલીસ સ્ટેશનથી પશ્ચિમ દિશામાં ૧.૧૬ કિ.મી. દૂર ખીજડીયાવાંઢથી પદમપર જતા રસ્તા પર આવેલી બાવળની ઝાડીઓમાં રેડ કરીહતી. આ કાર્યવાહી દરમિયાન બચુ અમરાભાઈ કોલી (ઉ.વ. ૩૫, રહે. ખીજડીયાવાંઢ, ભીમાસર, તા. રાપર, કચ્છ) નામનો શખ્સ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. તપાસ કરતા આરોપી પાસેથી પરવાના વગરની દેશી હાથ બનાવટની સિંગલ નાળવાળી બંદૂક મળી આવી હતી, જેની કિંમત આશરે રૂ. ૫,૦૦૦/- હોવાનું સામે આવ્યું છે. આરોપીએ જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરીને આ હથિયાર પોતાના કબજામાં રાખ્યું હતું.

આ સમગ્ર પ્રકરણમાં આડેસર પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧-બી),(એ) તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઈ-ગુજકોપમાં કરવામાં આવેલી તપાસ મુજબ, આરોપીનો અગાઉનો કોઈ ગનાહિત ઈતિહાસ જાણવા મળ્યો નથી. આ અંગેની વધુ તપાસ આડેસર પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

# ચિયાસરની સીમમાં અજાણ્યા વૃદ્ધનો કોહવાયેલો દેહ મળ્યો

**ધાણેટીના વીજ પોલમાં ફાંસો ખાઈ આધેડનો આપઘાત**

ભુજ - કચ્છઉદય : અબડાસા તાલુકાના ચિયાસર ગામની દક્ષિણે આવેલ સીમમાં વડવાળા એરિયામાં વૃદ્ધનો દેહ મળી આવ્યો હતો. કોઠારા પોલીસમાંથી મળેલી માહિતી મુજબ ચિયાસર ગામના જાગૃત નાગરિક પોતાના ભાઈના ઘેટા લેવા માટે ગયા હતા, ત્યારે અજાણ્યા પુરૂષની લાશ મળી આવી હતી. આશરે ઉમર ૬૦ હોવાનું જાણવા મળ્યું હતું. કપડા વગરની કોહવાઈ ગયેલી લાશ મળી આવતા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે દેહને સરકારી હોસ્પિટલમાં ખસેડી ઓળખ સહિતની તજવીજ હાથ ધરી હતી. આ તરફ ભુજ તાલુકાના ધાણેટી ગામના ક્રિકેટ ગ્રાઉન્ડ બાજુ સીમ વિસ્તારમાં આધેડે આપઘાત કર્યો હતો. પદ્ધર પોલીસમાંથી મળેલી માહિતી મુજબ ૫૩ વર્ષિય રાજાભાઈ રવાભાઈ કોલીએ વીજ પોલના એંગલમાં દોરડા વડે ફાંસો ખાઈ મોતને વ્હાલુ કરી લીધું હતું. બનાવ અંગે પદ્ધર પોલીસે એડી દાખલ કરી હતી.

# રેતીની ગાડી પકડાવ્યાના મનદુઃખે મોટા ભાડિયાના યુવક પર હુમલો કરાયો

**ભંગારના વાડાના ગેટને તોડી નુકશાન પણ કરાયું**

ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકાના ભાડિયા વિસ્તારમાં રેતીની ગાડી પકડાવી હોવાના મનદુઃખે યુવાન પર હુમલો કરવામાં આવ્યો હતો. આ મામલે માંડવી મરીન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ નાના ભાડિયાથી કાંડાગરાને જોડતા રોડ પર આવેલ આઈ કૃપા ભંગારના વાડા પર આ બનાવ બન્યો હતો. ફરિયાદી મોટા ભાડિયામાં રહેતા મંગાભાઈ મુરજીભાઈ ગઢવીના જણાવ્યા પ્રમાણે ફરિયાદીના ભત્રીજાએ આરોપીની રેતીની ગાડી ખાણ ખનિજ વિભાગ મારફતે પકડાવી હોવાના મનદુઃખે આરોપી નાના ભાડિયાના સામત પચાણ ગઢવીએ ફરિયાદીને માથાના ભાગે લોખંડની ટામી મારી ત્રણ ટાંકાની ઈજા પહોંચાડી હતી. પુનશી પચાણ ગઢવીએ ફરિયાદીને ખંભાના ભાગે ધોકા માર્યા હતા. ફરિયાદીના દિકરાને આરોપીઓ દ્વારા ધકબુશટનો માર મરાયો હતો. ફરિયાદીના આઈ કૃપા ભંગારના વાડામાં જવાના ગેટમાં આરોપીઓએ ક્રેટા ગાડી ભટકાવી નુકશાન પહોંચાડ્યું હતું. ફરિયાદીના ભત્રીજાને ફોનમાં ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. માંડવી મરીન પોલીસે સામત અને પુનશી વિરૂદ્ધ ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

# પ્રવર્તમાન ડીઝલની અછતને હળવી કરવા વિવિધ ટ્રાન્સપોર્ટ એસોસીએસનો અને ગાંધીધામ ચેમ્બરની મળેલી બેઠક



ગાંધીધામ : ખાડી યુદ્ધના લંબાવવાના કારણે ઉભી થયેલ ડીઝલ સપ્લાયની સમસ્યાના કારણે સમસ્ત ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ અત્યંત મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે. આ અંગે સકુલના વિવિધ ટ્રાન્સપોર્ટ એસોસીએસનો, ટ્રાન્સપોર્ટ ઓપરેટરો દ્વારા સંકુલની અગ્રણી સંસ્થા ગાંધીધામ ચેમ્બરના સહયોગ સાથે મળી આ સમસ્યાના યોગ્ય અને વ્યાજબી નિરાકરણ અર્થે વહીવટીતંત્રમાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવેલ છે. આ શૃંખલામાં સમસ્ત ટ્રાન્સપોર્ટ ઉદ્યોગના પ્રતિનિધિઓ ફરી વાર આ મુદ્દે ગહન ચર્ચા વિચારણા કરવા ગાંધીધામ ચેમ્બર ખાતે ભેગા મળ્યા હતા અને ચેમ્બર પ્રમુખશ્રી તેજા કાનગડની અધ્યક્ષતામાં આજરોજ બેઠક મળી હતી અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને નડતી વિવિધ સમસ્યાના ઉકેલ માટે ગહન ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ટ્રાન્સપોર્ટ ઉદ્યોગના અગ્રણીઓએ બેઠકમાં સંયુક્ત રીતે તાજેતરમાં ડીઝલ સપ્લાયની અછત વખતે ગાંધીધામ ચેમ્બરના તાત્કાલિક ધોરણે સકારાત્મક સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. અને જણાવ્યું હતું કે યુદ્ધના કારણે સર્જાયેલ વૈશ્વિક સંકટમાં સમસ્ત ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પરિસ્થિતિને નિયંત્રણ કરવાના સરકારશ્રીના પગલાંને ટેકો આપે છે. સ્થાનિક વહીવટી તંત્રના ત્વરિત પગલાંઓની સરાહના કરે છે, અને હાલમાં સંકુલના પપો દ્વારા અપાતા ડીઝલના માર્યાદિત જથ્થા સાથે ટ્રાન્સપોર્ટ સેવા ચાલુ રાખવામાં આવેલ છે પરંતુ જયારે આ ટકો/ટેલર્સને સકુલની બહારના વિસ્તારો આવેલા પમ્પો ઉપરથી ડીઝલ ખુબ જ ઓછી માત્રામાં આપવામાં આવે છે અથવા બિલકુલ આપવામાં આવતું નથી જેથી ભચાઉ થી અમદાવાદ અને રાધનપુર સુધીના રસ્તે આવતા પમ્પો પરથી વાહનોને પૂરતું ડીઝલ નહિ મળવાથી માલ પરિવહન સેવા થંભી જાય છે અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગની સમસ્ત સપ્લાય ચેન ખોરવાઈ જાય છે. જેથી ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને મોટું આર્થિક નુકસાન ભોગવવું પડે છે.

આ તબક્કે ચેમ્બર પ્રમુખ શ્રી તેજા કાનગડે જણાવ્યું હતું કે આ બાબતે તુરંતમાં જ ચેમ્બર અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગના અગ્રણીઓ સાથેના પ્રતિનિધિમંડળ સાથે જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રીને મળીને બેઠક કરી ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા જણાવ્યું હતું. તથા સંકુલની બહાર અમદાવાદ અને રાધનપુર હાઈવે ઉપર આવેલા જે પમ્પો ડીઝલ નથી આપતા તે બાબત ની રજૂઆત સરકારશ્રી સમક્ષ કરવામાં આવશે. જેથી ટ્રાન્સપોર્ટ સેવાને પર્યાપ્ત ડીઝલનો જથ્થો અવિરત મળતો રહે.

ચેમ્બર માનદ મંત્રીશ્રી મહેશ તિર્થાણીએ જણાવ્યું હતું કે આ ઉપરાંત રાધનપુર, સાંતલપુર અને ભારતમાલા નેશનલ હાઈવે ઉપરથી પંજાબ-હરિયાણાન્તથા ઉત્તર ભારત તરફ જતી ટકો/ટેલર્સને પણ પૂરતો ડીઝલનો જથ્થો પ્રાપ્ત થતો નથી તેથી લાઈન ઉપર ચાલતી ટકો રસ્તામાં અટવાઈ પડે છે અને ટક માલિકોને મોટ નુકસાન થઈ રહ્યું છે. તે માટે ચેમ્બર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ પણ રજૂઆત કરી સંબંધિત રાજ્ય સરકારોને આ બાબતે ડીઝલ પુરવઠો પૂરો પાડવામાં ભારપૂર્વક રજૂઆત કરવામાં આવશે. આ ઉપરાંત હાલમાં ડીઝલ સપ્લાયની સ્થિતિ સામાન્ય થઈ રહી છે ત્યારે સંકુલના સ્થાનિક પમ્પ માલિકોને ચેમ્બર દ્વારા ટ્રક માલિકોને આપવામાં આવતા ડીઝલના જથ્થાની માત્રામાં વધારો કરી આ સમસ્યા હળવી કરવા માટે સહયોગ આપવા વિનંતી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.બેઠકમાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને સ્પર્શતા વિવિધ મુદ્દે ગહન ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. અગાઉ સમસ્ત દ્રાન્સપોર્ટ ઉદ્યોગે તા. ૧.૬.૨૦૨૬ થી પોતાની ગાડીઓ સ્વૈચ્છિક રીતે ઉભી રાખી દેવાનું વિચાર્યું હતું. તે હાલ પુરતું મુલત્વી રાખવામાં આવેલ છે, અને દર અઠવાડિયે સમસ્ત દ્રાન્સપોર્ટ ઉદ્યોગ ચેમ્બર સાથે મળીને પરિસ્થિતિની સમીક્ષા કરશે અને તે પ્રમાણે આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે. તેમ જણાવ્યું હતું. ચેમ્બર પ્રમુખે તમામ વ્યાજબી મુદ્દે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને ચેમ્બરના સાથ અને સહકારની ખાતરી આપી હતી. ટ્રાન્સપોર્ટ અગ્રણીઓએ ચેમ્બરના સહકાર અને સંકલન બાબતે ચેમ્બરનો આભાર વ્યકત કર્યો હતો.

બેઠકમાં ચેમ્બર પ્રમુખ તેજા કાનગડ, માનદ મંત્રી મહેશ તિર્થાણી, માનદ સહ મંત્રી જતીન અગ્રવાલ, ખજાનચી શ્રી કૈલેશ ગોર, ચેમ્બર કારોબારી સભ્યશ્રી હરીશ માહેશ્વરી, નરેન્દ્ર રામાણી, અનિમેષ મોદી, ટ્રાન્સપોર્ટ અગ્રણીશ્રી પ્રકાશ ઠક્કર, ઈંદ્રજીતસિંહ જાડેજા, શિવજી આહીર, રમેશ આહીર, રામજી ભાઈ અહીર, મનીષ બંસલ, મહેશ અગ્રવાલ, સતપાલ સિંથ, હર્ષદ પ્રજાપતિ, લલિત જોશી તથા મોટી સંખ્યામા ટ્રાન્સપોર્ટ એસોસિએસનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

તેવું ચેમ્બરના માનદ મંત્રીમહેશ તિર્થાણીએ અખબારી યાદીમાં જણાવ્યું હતું

# અધિક માસના પવિત્ર અવસરે અગ્રવાલ મહિલા સંગઠને માનવતા ઝળકાવી





## ઓસ્લો બ્રિજ ખાતે સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન : તપતા તાપમાં રાહગીરો માટે શીતલ પીણાંની વ્યવસ્થા સાથે જરૂરિયાતમંદોને ચપ્પલનું વિતરણ કરાયું

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામમાં અધિક માસની પાવન અગિયારસ નિમિત્તે અગ્રવાલ મહિલા સંગઠન દ્વારા એક સરાહનીય સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. શહેરના ઓસ્લો બ્રિજ નીચેના વિસ્તારમાં વધતા તાપમાન અને કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખીને સંસ્થાની મહિલાઓ દ્વારા રાહગીરો માટે રાહતરૂપ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત તરસ્યા રાહગીરોને ઠંડું દૂધ, શરબત અને લીંબુ પાણી પીવડાવી ગરમીમાં રાહત પૂરી પાડવામાં આવી હતી. અધિક માસની આ વિશિષ્ટ અગિયારસના પવિત્ર અવસરને વધુ સાર્થક બનાવવા માટે આ વખતે વધારાના આયોજન રૂપે જરૂરિયાતમંદ વ્યક્તિઓને ચપ્પલનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

સમાજ સેવાના આ નેક કાર્યમાં અગ્રવાલ મહિલા સંગઠનના સક્રિય સભ્યો તરીકે કિરણ ગોયલ, રાખી બંસલ, કિંજલ બંસલ, બબીતા અગ્રવાલ, લક્ષ્મી ગોયલ, ઉમા બંસલ અને રેખા ગોયલે પોતાની સેવાઓ આપી હતી. અગિયારસ અને અમાસના પવિત્ર દિવસોએ સતત સેવા આપતા સંગઠનની આ પહેલને સ્થાનિક લોકો દ્વારા ખૂબ જ બિરદાવવામાં આવી હતી અને તેમના આ પ્રયાસોથી અનેક રાહગીરોને મોટી રાહત મળી હતી. તેવું મીડિયા પ્રભારી અશોકભાઈ મિત્તલની યાદીમાં જણાવાયું હતું.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 9 | | | 6 | | 2 | | | 8 |
| | | 8 | 5 | | 1 | 4 | | |
| 5 | 2 | | | 1 | | | 8 | 6 |
| 1 | | | 4 | | 6 | | | 2 |
| 7 | 6 | | | 3 | | | 5 | 4 |
| | | 7 | 8 | | 4 | 9 | | |
| 2 | | | 1 | | 9 | | | 7 |
| | | | | | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 4 | 2 | 9 | 7 | 6 | 3 | 5 |
| 9 | 5 | 6 | 1 | 3 | 4 | 7 | 8 | 2 |
| 3 | 7 | 2 | 6 | 8 | 5 | 1 | 4 | 9 |
| 2 | 6 | 8 | 4 | 1 | 3 | 5 | 9 | 7 |
| 4 | 3 | 1 | 7 | 5 | 9 | 8 | 2 | 6 |
| 5 | 9 | 7 | 8 | 6 | 2 | 4 | 1 | 3 |
| 7 | 4 | 3 | 5 | 2 | 8 | 9 | 6 | 1 |
| 1 | 8 | 9 | 3 | 7 | 6 | 2 | 5 | 4 |
| 6 | 2 | 5 | 9 | 4 | 1 | 3 | 7 | 8 |

# રાપર નગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરી હાથ ધરવામાં આવી



ગાંધીધામ - કચ્છઉદય : આગામી દિવસોમાં ચોમાસું બેસવાનું છે ત્યારે સમગ્ર રાજ્યમા મહાનગર પાલિકા નગરપાલિકા તથા ગ્રામ પંચાયત દ્વારા નદી નાળા તથા શહેર તથા પાદરમા વરસાદનું પાણી ન ભરાય તે માટે પ્રિ મોન્સૂન કામગીરી કરવામાં આવે છે, તે અન્વયે રાપર નગરપાલિકા દ્વારા તિરૂપતિનગર રોડ રીંગ રોડ, બાયપાસ આથમણા નાકા, સલારીનાકા, પ્રાગપર ચોકડી, ત્રંબૌ રોડ, કોર્ટ રોડ, અયોધ્યાપુરી, ગુરૂકુળ રોડ સહિતના વિવિધ વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી રહી છે. પ્રમુખ ચાંદભાઈ ભીંડે તથા ચીફ ઓફિસર તરૂણદાન ગઢવીએ જણાવ્યું હતું કે શહેરમાં વરસાદના પાણીના વહેણની સાફ સફાઈ કરવામાં આવી રહી છે. ઉપરાંત સલારીનાકા, પ્રાગપર ચોકડી, તિરૂપતિનગર રોડ, આથમણા નાકા, નદી કાંઠા સહિતના વિસ્તારમા પાણીના વહેણ સાફ કરવામા આવી રહ્યા છે. જે સ્થળ પર દબાણો કરવામાં આવ્યા છે તે દુર કરવામા આવશે. ગત વર્ષે જે રીતે પાણી ભરાઈ ગયા હતા, તેવી પરિસ્થિતિ ઉભી ન થાય તે માટે દબાણો અંગે કલેક્ટર, મામલતદાર તથા લાગતા વળગતા વિભાગની સાથે સંકલન કરી પાણી નિકાલના વહેણ પર પાકા મકાનો સોસાયટી તથા શોપિંગ સેન્ટર ઉભા થઈ ગયા છે. તે દુર કરવામા આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાપર એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા રાપરમા તો વગર મંજૂરીએ બોગસ નકશા દ્વારા બાંધકામની બોગસ મંજુરી આપવામા આવી રહી છે. રાપર સીમ વિસ્તાર કે જે રાપર ઓથોરિટીમાં આવતા નથી, તેમની પણ રાડા દ્વારા મંજૂરી આપવામાં આવી રહી છે. જો આ અંગે નવનિયુક્ત કલેક્ટર દ્વારા તપાસ કરવામાં આવે તો અનેક બોગસ બાંધકામ, સરકારી જમીન પરના બાંધકામ બહાર આવશે. પાલિકાના બહારી વિસ્તારમાં કોની મંજૂરીથી બાંધકામ આપવામાં આવ્યા તે તપાસ માંગે છે. આવા બાંધકામના લીધે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાય છે. આ અંગે તપાસની માંગ ઉઠી છે. હાલ નગરપાલિકા દ્વારા પ્રિ મોન્સૂન કામગીરી શરૂ કરવામાં આવી છે.

# અદાણી અને ગુજરાત સરકાર વચ્ચે મહત્વપૂર્ણ એમઓયું કરાયા : કચ્છની ૧૧ આઈટીઆઈનો કાયાકલ્પ કરાશે



**રિન્યુએબલ એનર્જી, લોજિસ્ટિક્સ અને ઈન્ફાસ્ટ્રક્ચર સેક્ટરનાઉદ્યોગો માટે અનુકૂળ કૌશલ ધરાવતા યુવાનો તૈયાર કરાશે : કૌશલ્ય આધારિત કારકિર્દી પર યોજાયેલા 'કર્મ ઉત્સવ' કાર્યક્રમમાં ૬૫૦થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા**

ભુજ - કચ્છઉદય : અદાણી ગ્રુપના કેપેબિલિટી - બિલ્ડિંગ પ્લેટફોર્મ 'અદાણી સ્કીલ્સ એન્ડ એજ્યુકેશન'એ કચ્છની ૧૧ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના કાયાકલ્પ માટે ગુજરાત સરકાર સાથે બે મહત્વપૂર્ણ એમઓયુ કર્યા છે. આ ભાગીદારી હેઠળ ઉદ્યોગોને જરૂરી સ્કીલિંગ અને રોજગાર-લક્ષી તાલીમ પૂરી પાડવામાં આવશે. કચ્છ અત્યારે રિન્યુએબલ એનર્જી, લોજિસ્ટિક્સ અને ઈન્ડસ્ટ્રિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મુખ્ય હબ તરીકે ઉભરી રહ્યો છે. આ પહેલનો હેતુ સ્થાનિક યુવાનોને પ્રદેશના આગામી વિકાસમાં ભાગીદાર બનવા માટે જરૂરી કૌશલ્યો અને એક્સપોઝર આપવાનો છે.

ભુજની ગેઈમ્સ ઓડિટોરિયમ ખાતે યોજાયેલા 'કર્મ ઉત્સવ' કાર્યક્રમ દરમિયાન આ એમઓયુ કરવામાં આવ્યા હતા. આ સહયોગ ટેકનિકલ શિક્ષણને રોજગારની જરૂરિયાતો સાથે જોડવા અભ્યાસક્રમની ગુણવત્તા વધારવા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધુનિકીકરણ, ફેકલ્ટી ડેવલપમેન્ટ, પ્રેક્ટિકલ એક્સપોઝર અને પ્લેસમેન્ટ સપોર્ટ પર ધ્યાન કેન્દ્રિત કરશે. રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામ વિકાસ કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા અને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયા, સાંસદ વિનોદભાઈ ચાવડા, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યકક્ષાના મંત્રી ત્રિકમભાઈ છાંગા, માંડવી - મુંદરા ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવે, અબડાસા ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા, ભુજ ધારાસભ્ય કેશુભાઈ પટેલ, રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત કચ્છ જિલ્લાના વરિષ્ઠ આગેવાનો, ગુજરાત સરકારના અધિકારીઓ તેમજ અદાણી ગ્રુપના વરિષ્ઠ પદાધિકારીઓ અને કચ્છની તમામ ૧૧ સરકારી આઈટીઆઈના ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો હાજર રહ્યા હતા.

એએસઈ દ્વારા વિદ્યાર્થીઓને 'સ્કીલટુએમ્પ્લોય' આમંત્રણ પત્રો એનાયત કરાયા હતા. ઉત્કૃષ્ટ ઓલરાઉન્ડ પ્રદર્શન માટે ૨૨ વિદ્યાર્થીઓને 'સર્ટિફિકેટ ઓફ એક્સેલન્સ' અને એએસઈના ટ્રેન-ધ-ટ્રેનર પ્રોગ્રામ હેઠળ ૩૦ ઈન્સ્ટ્રક્ટર્સને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. અદાણી ઈકોસિસ્ટમમાં કાર્યરત આઈટીઆઈ સ્નાતકોએ પણ તેમની સફળતાની સફર શેર કરી હતી.

કેબિનેટ મંત્રી કુંવરજીભાઈએ આત્મનિર્ભર કાર્યબળના નિર્માણમાં ઉદ્યોગ - અનુકૂળ કૌશલ્યના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, અમારો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને વૈશ્વિક સ્તરની ટેકનિકલ તાલીમ આપવાનો અને સ્કીલ ઈન્ડિયા મિશન હેઠળ દરેક યુવાન સ્વનિર્ભર બને તે સુનિશ્ચિત કરવાનો છે.

રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયાએ વિદ્યાર્થીઓને ટેકનિકલ શિક્ષણની તકોનો લાભ ઉઠાવી સાર્થક કારકિર્દી બનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે ઉમેર્યું કે, કુશળ યુવાનો આપણા દેશની સાચી તાકાત છે અને તેઓ ભારતના આર્થિક વિકાસ અને રાષ્ટ્ર નિર્માણમાં મોટું યોગદાન આપી શકે છે.

અદાણી સ્કીલ્સ એન્ડ એજ્યુકેશનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર રોબિન ભૌમિકે જણાવ્યું હતું કે, કચ્છ એ અમારી કર્મભૂમિ છે અને અમે તેના ભવિષ્ય માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છીએ. ગુજરાત સરકાર અને સ્થાનિક જ સાથેની ભાગીદારી દ્વારા અમારો હેતુ એક એવું સક્ષમ અને કુશળ વર્કફોર્સ તૈયાર કરવાનો છે જે લાંબા ગાળાના પ્રાદેશિક પરિવર્તનમાં મદદરૂપ બને.

સ્કીલટુએમ્પ્લોય' અભિગમ દ્વારા એએસઈ ક્લાસરૂમ લર્નિંગને વાસ્તવિક ઓપરેટિંગ એક્સપોઝર સાથે જોડે છે. સિમ્યુલેશન, સેન્ટર્સ ઓફ એક્સેલન્સ અને વૈશ્વિક સ્તરના અભ્યાસક્રમની મદદથી તે પ્રથમ દિવસથી જ પ્રોડક્ટિવ વર્કફોર્સ તૈયાર કરવા માંગે છે. આ પહેલથી પ્રતિભાઓનું પલાયન અટકશે અને કચ્છનો વિકાસ સ્થાનિક પ્રતિભાઓ દ્વારા જ થશે.

# ચીલઝડપના કેસમાં આરોપીઓને નિર્દોષ છોડી મૂકતી ગાંધીધામ સેશન્સ કોર્ટ

ગાંધીધામ - કચ્છઉદય : ચીલઝડપના કેસમાં ગાંધીધામ સેશન્સ કોર્ટે નિર્દોષ છોડી મૂક્યા હતા. આ કેસ ની ટૂંકી હકિકત એવી છે કે, તારીખ ૧૨/૦૨/૨૦૨૨ ના રોજ આ કામના ફરિયાદી પોતાના મિત્ર કિરણ ગોસ્વામી સાથે લવ ગાર્ડન તરફના ચાર રસ્તા પર અંબાજી માતાજી મંદિર તરફ જવાના રસ્તા પાસે પોતાના માતા સાથે ફોન ઉપર વાત કરતા પગે ચાલીને જતા હતા ત્યારે આરોપી નં (૧) રાજવીરસિંગ ઉર્ફે જશન સેવકસીંગ રણોધા તથા (૨) ગુરમેલસિંગ ઉર્ફે ગોલ્ડી સચદે નાઓ પાછળ થી ગ્લેંડર પ્લસ મોટર સાયકલ પર આવી ફરિયાદી ના હાથમાનો રીયલમી -૨ કંપનીનો મોબાઈલ વાળો ઝૂટવી નાશી જઈ,ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ. જે સંબંધે આ કામના ફરિયાદીએ પોતાની ફરિયાદી ગાંધીધામ બી ડિવિજન પોલીસ સ્ટેશન માં નોધાવેલી. જે તપાસ કરનાર અમલદારએ તપાસ સાંભડીને બનાવવાળી જગ્યાનું પંચનામું, આરોપીઓનું તથા મુદામાલ કબ્જે કર્યાનું પંચનામું કરેલ અને ત્યારબાદ લગતા વળગતા સાહેદોના નિવેદન નોધવામાં આવેલ અને પોલીસ તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ પૂરતો પુરાવો હોય, તપાસ કરનાર અમલદારે નામદાર કોર્ટ માં ચાર્જશીટ ફાઈલ કરેલ. જેમાં આરોપીઓ તરફે વિદવાન વકીલશ્રી ગુણવંત. વી.મનાણી હાજર થયેલ અને સમગ્ર કેસ ચલાવીને તા. ૨૨/૦૫/૨૦૨૬ ના રોજ નામદાર સેશન્સ કોર્ટ બને આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આરોપીઓ તરફે વિદવાન વકીલશ્રી ગુણવંત.વી.મનાણી હાજર રહીને કેસ ચલાવેલ હતો.

## રત્નકણિકા

બ્રાહ્મણનો સૌથી મોટો શત્રુ અહંકાર છે...- ઋગ્વેદ

## પંચાગ

કનકચંદ્ર સી. વ્યાસ

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. દએ-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ સુદ-૧૪ વ્રતની પૂનમ તા.૩૦ મે ૨૦૨૬, શનિવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૧૨, વિશાખા નક્ષત્ર, શિવ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૦

આજનો દિવસ બપોરે ૧:૧૯ ક. થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), સવારે ૬:૩૯ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

# અવસાન નોંધ

**ભુજ** : કુંભાર હાજી તાલબ ઈશાક (ઉ.વ. ૯૦) (માજી પ્રમુખ ભુજ મજદૂર કામદાર યુનિયન, ગાભાભાઈ હરીશ ટ્રાન્સપોર્ટવાળા) તે હાજી સુલેમાન (હસણિયા ટ્રાન્સપોર્ટ), હુશેન (કૌશર જ્વેલર્સ)ના ભાઈ, ઉમર, અબ્દુલ, ગનીભાના પિતા, જમાલ હુશેન, કાદર બાબુના સસરા, ઈમરાન, જાવેદ, આસિફ, સાહિલ, ઈરફાન, સેહજાદ, આફતાબ, ફૈઝના દાદા, કુંભાર કાસમ સુલેમાન (ધાલાભાઈ) (માજી કાઉન્સિલર)ના મામા, ગફુર, ઈકબાલ, અકબર, ઉવૈશના નાના તા. ૨૯-૫ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૩૧-૫ના રવિવારે સવારે ૯:૩૦થી ૧૦:૩૦ કુંભાર જમાતખાના, ન્યૂ રેલવે સ્ટેશન પાસે, ભુજ ખાતે.

**નિરોણા (તા. ભુજ)** : પુષ્કર્ણા બ્રાહ્મણ ગં.સ્વ. ઈન્દિરાબેન (ઉ.વ. ૯૨) તે સ્વ. ભાઈલાલ જેરામ જોશી (ભાઈલાલ મહારાજ)ના પત્ની, હરેશ જોશી, પ્રતાપ જોશી, ગૌરીબેન ગોપાલદાસ જોશી (જામનગર)ના માતા, કીર્તિભાઈ પ્રભાશંકર જોશી, દિનેશભાઈ પ્રભાશંકર જોશીના કાકી, હેમાંશુભાઈ, પૂનમબેન, તન્વીબેનના દાદી, મનીષ ગોપાલદાસના નાની તા. ૨૮-૫ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩૦-૫ના શનિવારે બપોરે ૩થી ૪ જાગેશ્વર મહાદેવ મંદિર, નિરોણા ખાતે.

**સમાઘોઘા (તા. મુંદરા)** : કારાભાઈ દેવશીભાઈ પારિયા (ઉ.વ. ૯૦) તે કેશરબાઈ દેવશીભાઈના પુત્ર, રાજબાઈના પતિ, સ્વ. લાખાભાઈ, લાલજીભાઈ, સ્વ. પૂંજાભાઈ, મૂરજીભાઈ, રામાઈબેન દામજી વિંઝોડા (કિડાણા), માનબાઈ પૂંજાભાઈ મોથારિયા (નાની ખાખર)ના ભાઈ, સ્વ. રાણબાઈ, માનબાઈ, સ્વ. કેશરબાઈ, નાનબાઈના જેઠ, ખેતબાઈ હરજીભાઈ ધેડા (લાખાપર), પદમાબેન લાલજીભાઈ કન્નર (દુર્ગાપુર), ભોજરાજના પિતા, મનોજ, મુકેશ, શાન્તિ, દિનેશ, નરેશ, મનોજના દાદા, ઉકુબાઈ ડોરૂ (નાના આસંબિયા)ના જમાઈ, હાંસબાઈના સસરા તા. ૨૮-૫ના અવસાન પામ્યા છે. ધાર્મિક્રિયા પૂર્ણ થયેલ છે. બેસણું હાલે ભટ્ટનગર, ગાંધીધામ ખાતે. (તા. ૩૧-૫ના રવિવારે બેસણું સવારે ૯થી ૧ મહેશ્વરી સમાજવાડી, સમાઘોઘા ખાતે.)

**મંજલ (હમલા)** : અમૃતબેન વિશનજી ભટ્ટ (રાજગોર) (ઉ.વ. ૯૨) તે સ્વ. વિશનજી ખીમજી ભટ્ટના પત્ની, ગં.સ્વ. હેમલતાબેન (દુર્ગાપુર), દિલીપભાઈના માતા, સ્વ. રમેશભાઈ હીરજી મોતા (દુર્ગાપુર) અને ધનવંતીબેનના સાસુ, ભાવિકા, રાખીલ, પીયૂષના દાદી, પ્રતીક હિંમતલાલ રાજગોર (ગઢશીશા), નેહાબેન, રિંકલબેનના દાદીસાસુ, સંજય, હિનાબેન, નીલેશના નાની, ધ્યાની, જયમ, મંત્રના પરદાદી, હર્ષિવના પરનાની, સ્વ. મણિબેન મેઘજી માલાણી (લાયજા)ના પુત્રી, સ્વ. ભાઈલાલભાઈ (મુંબઈ), સ્વ. હીરાવંતીબેન હીરજી મોતા (માંડવી), સ્વ. કસ્તૂરબેન હંસરાજ મોતા (માંડવી), સ્વ. ભાનુબેન પ્રાણજીવન મોતા (રાયણ), જયાબેન ચંપકલાલ નાકરબાવા (ભુજ)ના બહેન, ગં.સ્વ. દક્ષાબેનના નણંદ, જયેશ, હિના, યોગિતા (મુંબઈ)ના ફઈ તા. ૨૮-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની સાદડી તા. ૩૦-૫-૨૦૨૬ના શનિવારે સાંજે ૪થી ૫.૩૦ નિવાસસ્થાન મંજલ (હમલા) ખાત.

**નખત્રાણા** : હાલે રાયપુર કચ્છ કડવા પાટીદાર મણિબેન ધનાણી (રામાણી) (ઉ.વ. ૮૬) તે કાનજીભાઈ હંસરાજ ધનાણીના પત્ની, હરિભાઈ, ચંદુલાલ, મુકેશકુમાર, નિર્મલાબેન, લક્ષ્મીબેનના માતા, ગંગારામભાઈ, વીરજીભાઈ, અરજણભાઈના ભાભી, વિજય, પાર્થ, ધવલના દાદી, હંસરાજભાઈ રત્નાભાઈ ધનાણીના પુત્રવધૂ તા. ૨૭-૫ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૩૦-૫ના શનિવારે સાંજે ૪થી ૫ નખત્રાણા નવાવાસ પાટીદાર સમાજવાડી ખાતે. ધાર્મિકવિધિ તા. ૬-૬ના રાયપુર ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.
અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.
સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ

# શાપર-ગોંડલના બાયોડીઝલ કૌભાંડમાં કચ્છના કનેક્શનનો પર્દાફાશ

**રાપરના ચાલક પાસેથી લાખોનો જથ્થો ઝડપાતા ખળભળાટ : સરકારી વેરહાઉસની આડમાં ધમધમતું હતું ગેરકાયદે બાયોડીઝલનું મસમોટું નેટવર્ક પકડાયું : કચ્છના કંડલા જેવા સંવેદનશીલ બંદર વિસ્તારમાં આ રીતે ગેરકાયદેસર જ્વલનશીલ પદાર્થની હેરફેર થતી હોવાની માહિતી બહાર આવતા જ પોલીસતંત્ર પણ દોડતું થયું : ગોંડલના સૂર્યદીપ વેરહાઉસના ગ્રાઉન્ડમાં દરોડા પાડીને રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના અન્ય ચાલકોની પણ અટકાયત : કુલ ચાર ટેક્રરો અને ૮૫,૦૦૦ લિટર બાયોડીઝલ સહિત રૂપિયા ૧.૭૦ કરોડનો મુદ્દામાલ જપ્ત**

ભુજ - કચ્છઉદય : રાજકોટ ગ્રામ્ય પંથકના શાપર અને ગોંડલ વિસ્તારમાં રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની ટીમે તાજેતરમાં પાડેલા દરોડામાં ઝડપાયેલા કથિત બાયોડીઝલ કૌભાંડના તાંતણા છેક કચ્છ સુધી લંબાયા છે, જેને લઈને જિલ્લાના લોકોમાં ભારે આશ્ચર્ય અને ચર્ચાનો વિષય બન્યો છે. રાજકોટ રેન્જ પોલીસની ટીમે ગેરકાયદેસર રીતે સંગ્રહાયેલા લાખો લિટર બાયોડીઝલ અને ટેક્રરો ઝડપી પાડીને આખા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે ત્યારે આ કૌભાંડમાં કચ્છના રાપરના એક ચાલકની સંડોવણી અને ટેક્રરની અવરજવરે કચ્છ સાથેના ગૂઢ સંબંધો પરથી પડદો ઉઠાવ્યો છે.

આ ઘટનાની વિગત મુજબ રાજકોટ રેન્જ આઈજીની વિશેષ ટીમને મળેલી ગુપ્ત માહિતીના આધારે ગોમટા નજીકના પટેલ વિહાર રેસ્ટોરન્ટના પટમાંથી પ્રથમ ટેક્રર ઝડપી લેવામાં આવ્યું હતું. આ ટેક્રરમાં આશરે ૩૪,૦૦૦ લિટર જેટલો શંકાસ્પદ પેટ્રોલિયમ પદાર્થ ભરેલો હતો. આ ટેક્રરના ચાલક તરીકે પકડાયેલા રાપર, કચ્છના નિવાસી ખોડાભાઈ બાબુભાઈની સઘન પૂછપરછ કરવામાં આવતા તેણે ચોંકાવનારી કબૂલાત કરી હતી કે તે આ જથ્થો ગોંડલના ગુંદાળા રોડ પર આવેલા સૂર્યદીપ વેરહાઉસમાંથી ભરીને કંડલા બંદર તરફ જઈ રહ્યો હતો. કચ્છના કંડલા જેવા સંવેદનશીલ બંદર વિસ્તારમાં આ રીતે ગેરકાયદેસર જ્વલનશીલ પદાર્થની હેરફેર થતી હોવાની માહિતી બહાર આવતા જ સ્થાનિક પોલીસતંત્ર પણ દોડતું થયું છે.

આ રેડ દરમિયાન પોલીસે ગોંડલના સૂર્યદીપ વેરહાઉસના ગ્રાઉન્ડમાં દરોડા પાડીને રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના અન્ય ચાલકોની પણ અટકાયત કરી હતી. કુલ ચાર ટેક્રરો અને ૮૫,૦૦૦ લિટર બાયોડીઝલ સહિત રૂપિયા ૧.૭૦ કરોડના મુદ્દામાલની જપ્તી સાથે આ કૌભાંડની ગંભીરતા સામે આવી છે. ખાસ કરીને જ્યારે રાજ્યભરમાં ઈંધણની માંગ અને અછત જેવી સ્થિતિ વચ્ચે સરકારી વેરહાઉસના નામે ધમધમતું આ નેટવર્ક સ્થાનિક પુરવઠા વિભાગ અને પોલીસની કામગીરી સામે મોટા સવાલો ઉભા કરે છે.

કચ્છના વાહનચાલકો માટે આ ઘટના ચેતવણીરૂપ છે, કારણ કે બિનસત્તાવાર રીતે વેચાતા આવા બાયોડીઝલની ગુણવત્તા બાબતે કોઈ ખાતરી હોતી નથી, જે વાહનોના એન્જિનને નુકસાન પહોંચાડી શકે છે. હાલમાં જપ્ત કરાયેલા પેટ્રોલિયમ પદાર્થના નમૂનાઓને એફએસએલ એટલે કે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ તપાસના રિપોર્ટ આવ્યા બાદ જ આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય મોટા માથાઓના નામ સામે આવશે અને તે પછી કાયદેસરની ફરિયાદ દાખલ કરવામાં આવશે. રાજકોટ રેન્જ પોલીસની આ કાર્યવાહીથી ગેરકાયદે પેટ્રોલિયમ પેદાશોના વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે ત્યારે હવે કંડલા અને કચ્છ પંથકમાં પણ પોલીસ દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

કનકચંદ્ર સી. વ્યાસ

| રાશિ | ભવિષ્ય |
|---|---|
| મેષ | બિનજરૂરી નાણાં ખર્ચાય. પગમાં દુઃખાવો રહે. |
| વૃષભ | નાણાંકીય સધ્ધરતાના પ્રયત્નો સફળ બને. વ્યર્થ વાદ-વિવાદ ટાળવો. |
| મિથુન | વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. ખર્ચનું પ્રમાણ વિશેષ રહે. |
| કર્ક | તકનો લાભ લેજો. ભાગીદારી વર્ગથી સંઘર્ષ ટાળવો. |
| સિંહ | મનની મુંઝવણ દૂર થાય. તમારી મહેનતનું ફળ મળે. |
| કન્યા | ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. લાભની તક મળે. |
| તુલા | આરોગ્ય બાબતે સાવધાની રાખવી. પ્રવાસનું આયોજન સફળ નીવડે. |
| વૃશ્ચિક | નાણાંકીય સમસ્યા રહે. વાણીસંયમ જાળવવો હિતાવહ. |
| ધન | વિઘ્નમાંથી માર્ગ મળે. પ્રિયજનથી સ્નેહ વધે. |
| મકર | માનસિક તનાવ અનુભવાય. જવાબદારીમાં વધારો થાય. |
| કુંભ | મનની મુરાદ બર ન આવે. કાર્યબોજ હળવો બને. |
| મીન | નવિન લાભની તક સાંપડે. નાણાંકીય ક્ષેત્રે સાનુકૂળતા સર્જાય. |

# દુર્ગમ વિસ્તારમાં બીએસએફના જવાનોની કાર્યદક્ષતા કાબીલેદાદ : અમીતભાઈ શાહ

**ભુજ ખાતે બોર્ડર આઉટપોસ્ટ જી-૭નું ઉદ્ઘાટન કરી જવાનો સાથે સીધો સંવાદ કરતા કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી : પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર જવાનો માટે શક્ય તેટલી વ્યવસ્થાઓ ઉભી કરવા અને તેમની મુશ્કેલીઓ ઘટાડવા માટે પ્રતિબદ્ધ**









ગાંધીધામ - કચ્છઉદય : કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં ભુજ ખાતે બોર્ડર આઉટપોસ્ટ જી-૭નું ઉદ્ઘાટન કરી જવાનો સાથે સીધો સંવાદ કર્યો હતો. કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહે ત્યારબાદ ઓપી ટાવર-૧૧૭૦ કંટ્રોલ રૂમ અને હરામીનાળા વિસ્તારની સમીક્ષા કરી જેટી પોઈન્ટ પર વૃક્ષારોપણ પણ કર્યું હતું.

શ્રી શાહે જવાનો સાથેના સંવાદમાં જણાવ્યું હતું કે બીએસએફના જવાનો વચ્ચે આવીને તમામ થાક ઉતરી જાય છે. ચોકી પર અહીં સુધી પહોંચતા પહોંચતા જ ખબર પડી જાય છે કે અહીં રહેવું કેટલું કઠિન છે. તેમ છતાં આવી વિષમ પરિસ્થિતિમાં પણ જવાનો હસતાં મોંએ ભારતની સુરક્ષા કરી રહ્યા છે તે જોઈને અનુભવાય કે આની સાપેક્ષમાં આપણો થાક તો કંઈ જ નથી. તેઓએ કહ્યું કે બીએસએફની ૧૯૬૬માં સ્થાપનાથી લઈને ૨૦૨૬ સુધીમાં બે બાંગ્લાદેશ અને પાકિસ્તાન એમ બે સૌથી કઠિન સીમાઓની સુરક્ષાની જવાબદારી ઉપાડી છે. આ બંને સીમાઓમાં ખૂબ ભોગોલિક વિષમતા રહેલી છે એક જગ્યાએ માઈનસ ૪૫ તો બીજી જગ્યાએ ૪૫ ડિગ્રી ઊંચા તાપમાનનો સામનો કરવો પડે છે.

એક બાજુ કાશ્મીરમાં બરફ આચ્છાદિત પર્વતો તો બીજી બાજુ હરામીનાળામાં કાદવ કિચન વાળી જમીન તો ક્યાંક રાજસ્થાનમાં રેતીના ઢુવા, સુંદરવબનમાં મેનગૃવ, મેઘાલય, આસામના પહાડી વન ક્ષેત્રોમાં પણ બીએસએફએ ફર્સ્ટ લાઈન ઓફ ડિફેન્સનું દાયિત્વ ખૂબ જ મજબૂતાઈથી નિભાવ્યું છે.

શ્રી શાહે દેશ માટે બલિદાન આપનાર બીએસએફના બે હજાર જવાનોને વંદન સાથે કહ્યું હતું કે બીએસએફના આ જવાનોના બલિદાન માટે ન કેવળ ભારત સરકાર પરંતુ સમગ્ર દેશ તેમનો ઋણી છે અને તેના માટે સન્માન સાથે ગૌરવ અનુભવે છે. બીએસએફના જવાનો કેવી કપરી પરિસ્થિતિમાં પોતાની ફરજ નિભાવી રહ્યા છે તેનાથી દેશના નાગરિકો પણ અવગત થાય તે માટે બનાસકાંઠામાં એક સેન્ટર બનાવવામાં આવ્યું છે. જેમાં છેલ્લા એક જ મહિનામાં ૨.૫ લાખથી વધુ લોકોએ ત્યાં મુલાકાત લીધેલ છે.

તેઓએ કહ્યું કે થોડા સમય પહેલાં બીએસએફ માટે કરાવેલા એક જનમત સંગ્રહમાં ઘણી બધી માતાઓએ પોતાના સંતાનો બીએસએફમાં જઈને દેશ માટે ફરજ નિભાવે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. નાગરિકોના મનમાં આ અહોભાવ જવાનોના ભાવ, કર્તવ્યનિષ્ઠા અને બલિદાનનું જ પરિણામ છે.

શ્રી શાહે ઉમેર્યું હતું કે તેઓ દેશના ગૃહમંત્રી બન્યા ત્યારબાદની બીએસએફની પ્રથમ રિવ્યુ મીટીંગમાં જ હરામીનાળા અને સિરક્રીક સુરક્ષાની દ્રષ્ટિએ થોડા પાછળ જણાયા હતા અને ત્યારબાદ એક ચોક્કસ કાર્ય યોજનાના આધારે આ ક્ષેત્રમાં વોચ ટાવર, મેડિકલ સુવિધાઓ, પીવાનું પાણી, નવી ફેન્સીંગ સહિત એક લીક પ્રૂફ સુરક્ષા ગ્રીડ માટે યોજના બનાવાઈ હતી અને આ યોજના લગભગ ૭૦% પૂર્ણ થવાના આરે છે અને આગામી બે વર્ષમાં આ ક્ષેત્ર દુશ્મનોથી સંપૂર્ણ સુરક્ષિત થશે.

તેઓએ કહ્યું કે આવા દુર્ગમ ક્ષેત્રોમાં જવાનોની મુશ્કેલીઓ ઓછી નથી કરી શકાતી પણ એને ઓછામાં ઓછી તકલીફ થાય અને મહત્તમ સુવિધાઓ મળે તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રાલય કામ કરી રહ્યા છે.

શ્રી શાહે કહ્યું કે આ ક્ષેત્રમાં વોચ ટાવર લગાવવામાં ટેકનિકલી અનેક પડકારો રહેલા હતા. પરંતુ બીએસએફએ આ કાર્ય ખૂબ બખૂબીથી પાર પાડ્યું છે. બી.ઓ.પી.ને ગ્રાઉન્ડ લેવલથી પોણા ચાર મીટર ઉપર લઈને અને કનેક્ટિંગ રોડની બંને બાજુ દીવાલો બનાવીને રોડને પણ પાણીથી બચાવી શકાય તે રીતે આયોજન કરાયું છે. તેઓએ કહ્યું કે આ કામ માટેનો સર્વે થઈ રહ્યો હતો ત્યારે આ સમગ્ર વિસ્તાર દોઢ મીટર જેટલા પાણીમાં ડૂબેલો હતો અને ત્યારે આ મુશ્કેલીના લીધે સર્વે રોકાવો ન જોઈએ તે માટે તેઓએ સતત ત્રણ મહિના સુધી ફોલોઅપ લીધું હતું.

શ્રી શાહે જણાવ્યું હતું કે બીએસએફના ૬૦ માં વર્ષે બીએસએફના સીમા સુરક્ષાના સમગ્ર કન્સેપ્ટને બદલવામાં આવી રહ્યો છે. ચતુષ્કોણીય કન્સેપ્ટ સાથે એક સુરક્ષા ગ્રીડ બનાવવામાં આવશે. જેમાં બોર્ડર સુરક્ષાની જગ્યાએ ટેરેટોરિયલ સુરક્ષાનો નવો આયામ નિર્મિત કરવામાં આવશે.

આ કન્સેપ્ટમાં સિવિલ પ્રશાસન, નાગરિકો, જવાનો, પોલીસ જવાનો સામેલ થશે તેમજ બીએસએફનું પણ પ્રમુખ દાયિત્વ રહેશે. તેઓ કહ્યું કે બાંગ્લાદેશ અને પાકિસ્તાન બોર્ડર પર સ્માર્ટ બોર્ડર સુરક્ષા પ્રોજેક્ટ આયોજન હેઠળ છે. જેમાં હજારો કરોડો રૂપિયાની લાગત થવાની છે.

આ આયોજનમાં ડ્રોન, રડાર, પોસ્ટ ટાવર અને આધુનિક થી આધુનિક ટેકનોલોજી અને જવાનોને સાથે રાખીને મજબૂત સુરક્ષા ગ્રીડ બનાવવામાં આવશે.

શ્રી શાહે કહ્યું કે પશ્ચિમ બંગાળની સરહદો પર ફેન્સીંગ એ ખૂબ જ મોટો પડકાર હતો. આ સંદર્ભમાં જમીનોના અધિગ્રહણમાં ખૂબ સમસ્યા આવી રહી હતી. પરંતુ કેટલાક દિવસો પહેલા જ પશ્ચિમ બંગાળમાં ભાજપની પૂર્ણ બહુમતની સરકાર બન્યા બાદ મુખ્યમંત્રીએ ફેન્સીંગ માટે ભૂમિ આપવાનો એક અઠવાડિયામાં જ સૈદ્ધાંતિક નિર્ણય લીધો છે અને તે પૈકી અમુક ભૂમિ આપી પણ દેવામાં આવી છે.

આ ફેન્સીંગના નિર્માણ બાદ ઘૂસણખોરી મહદ અંશે રોકી શકાશે.

ટેકનોલોજી અને બીએસએફના સમન્વય સાથે દેશની તમામ બોર્ડર સુરક્ષિત થવા જઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપા સરકાર જવાનો માટે શક્ય તેટલી વ્યવસ્થાઓ ઉભી કરવા અને તેમની મુશ્કેલીઓ ઘટાડવા માટે પ્રતિબદ્ધ છે. બીએસએફના લીધે જ એક જમાનામાં ખૂબ જ થતું આ ક્ષેત્ર એકદમ સુરક્ષિત અને સુરત બન્યું છે તેને રોકવામાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવી છે.

અંતમાં શ્રી શાહે તમામ જવાનોને તેમના ધૈર્ય, વીરતા અને બલિદાન માટે અનંત શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહનજી, સૂચના બ્યુરોના વડા તપનકુમારજી, સીમા પ્રબંધન સચિવ ડૉ. રાજેન્દ્રકુમાર, બીએસએફ મહાનિર્દેશક પ્રવીણકુમારજી તેમજ બીએસએફ કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.


**ગાંધીધામ મહાનગરપાલિકાના નવનિયુક્ત હોદ્દેદારો ને ખુબ ખુબ અભિનંદન**

શ્રીમતી દિવ્યાબેન જી. નાથાણી
પ્રથમ મહિલા મેયરશ્રી

શ્રી નવીનભાઈ એન. જરૂ
ડેપ્યુટી મેયરશ્રી

શ્રી તેજસભાઈ પી. શેઠ
ચેરમેનશ્રી, સ્ટેન્ડિંગ કમિટી

શ્રી ભરતભાઈ એચ. મિરાણી
નેતાશ્રી, શાસક પક્ષ

શ્રી સુરેશભાઈ એચ. ધુવા
દંડકશ્રી

આપશ્રીઓની ગાંધીધામ મહાનગરપાલિકાના **પ્રથમ મહિલા મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી, ચેરમેનશ્રી, સ્ટેન્ડિંગ કમિટી, નેતાશ્રી, શાસક પક્ષ, દંડકશ્રી** તરીકે નિમણુંક થવા બદલ આપશ્રીઓને ખુબ ખુબ અભિનંદન.... આપશ્રીઓ રાજકીય તેમજ સામાજીક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરી વધુને વધુ નામના મેળવો તથા ગાંધીધામ સંકુલના સર્વાંગી વિકાસ કાર્યો કરતા રહો તેવી અંતરની શુભકામના સાથે ખુબ ખુબ અભિનંદન....

::: શુભેચ્છક :::
**શ્રીમતી ચંદ્રીકાબેન કિશોરભાઈ દાફડા**
પૂર્વ નગરસેવકશ્રી, ગાંધીધામ નગરપાલિકા
સભ્યશ્રી, કચ્છ જિલ્લા પોલીસ સલાહકાર સમીતી
**શ્રી કિશોરભાઈ લાલજીભાઈ દાફડા** - સામાજીક અગ્રણી
**ડો. પ્રશાંત કિશોરભાઈ દાફડા**

SHRI AJRAMAR TRUST SANCHALIT
**જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કુલ ઓફ એકસેલેન્સ (GSEB)**
સીટી સ્કવેર ટાઉનશીપ, શેખપીર નજીક, લાખોંદ, ભુજ
સંપર્ક નંબર : 99252 29472
કવોલેટી એજ્યુકેશન અને બાળકોના સર્વાંગી વિકાસ માટેની શ્રેષ્ઠ શાળા
સવારની પાળી માટે બધાજ વિષયો માટે (ગુજરાતી માધ્યમ) શિક્ષકોની આવશ્યકતા છે. (Pref. to TAT/TET)
ઉપરાંત હોસ્ટેલ રેકટર (મેલ/ફિમેલ) ઈલેક્ટ્રીશીયન, પ્લમ્બર, સુથાર, ડ્રાઈવર, વેલ્ડર, સફાઈ કામદાર, માળી અને ચોકીદાર (ડે/નાઈટ)
**OPEN INTERVIEW**
Sunday-31 May, Time: 9 am to 2 pm
@ સિટી ઓફિસ : એ-ક્રિષ્ના ચેમ્બર્સ, સ્ટેશન રોડ, ભુજ
or Email biodata to bmcbgyanshakti@gmail.com
(Bring Colour photo and latest salary details)
Salary For Teachers 12000 to 30000+Accommodation
**એડમીશન ચાલુ છે**
Girls/Boys Hostel (std 6 to 12)
MO : 99252 29472
**BMCB PUBLIC SCHOOL-Eng.Med.(CBSE)**
"Aarambh" Pre School Citi Square-Lakhond (Guj/Eng.Med.)
MO : 98793 79458
વર્ધમાન વિદ્યાલય, ભુજોડી-Guj/Eng Med. (GSEB)
MO : 94299 66343

॥ જય માજીસા ॥
**કચ્છઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા..**
**મીતેષ હોતચંદભાઈ ચૌધરી**
કારોબારી સભ્યશ્રી કચ્છ જિલ્લા ભાજપ મિડીયા સેલ
**શ્રદ્ધા ટ્રેડર્સ**
જનરલ મર્ચન્ટ
હોતચંદભાઈ ચૌધરી • મિતેશભાઈ ચૌધરી
ડી.બી.ઝેડ-એન-૭૮/૭૯, મેલડી માંના મંદિર સામે, ગાંધીધામ કચ્છ. ફોનઃ ૦૨૮૩૬ - ૨૩૬૬૫૫

**કચ્છઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા...**
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
લોક વાંચકોના વિશાળહિતને ધ્યાનમાં રાખી સત્યના સાથી બનવામાં અનેક કઠીન ડગરો પાર કરી અને પ્રચાર-પ્રસાર ક્ષેત્રે ૩૨ વર્ષ પૂર્ણ કરી ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ વેળાએ કચ્છના અગ્રીમ સાંધ્ય દૈનિક કચ્છઉદયને ખુબ ખુબ શુભેચ્છાઓ...
**રમેશભાઈ મકવાણા**
**ક્રિષ્ના કીડસ ચીલ્ડ્રનવેર**
૨૪, ઝૂલેલાલ માર્કેટ, આદિપુર-કચ્છ.

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાંચા આપી સાચા અર્થમાં સરહદના સંત્રીની ભૂમીકા ભજવતા કચ્છી માડુઓના પોતિકા સાંધ્ય દૈનિક **કચ્છઉદય**ને **૩૩**માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખુબ ખુબ શુભેચ્છા...
**L' Satyanarayan_President**
**COMMITTEE and all Members of the Union**
**TRANSPORT & DOCK WORKER'S UNION, KANDLA**
ट्रान्सपोर्ट एन्ड डोक वर्कर्स युनियन, कंडला
(Registration No. G-233/1963)
Affiliated to all India Port & Dock Worker's Federation, H.M.S. & I.T.F. (London)
F-3, Adinath Arcade-1, Plot No. 583, 12-C, Gandhidham

**કચ્છઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા...**
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
લોક વાંચકોના વિશાળહિતને ધ્યાનમાં રાખી સત્યના સાથી બનવામાં અનેક કઠીન ડગરો પાર કરી અને પ્રચાર-પ્રસાર ક્ષેત્રે ૩૨ વર્ષ પૂર્ણ કરી ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ વેળાએ કચ્છના અગ્રીમ સાંધ્ય દૈનિક કચ્છઉદયને ખુબ ખુબ શુભેચ્છાઓ...
• ત્રિકમભાઈ વી. આહિર
• પ્રશાંત એચ. કેલા • ડાયાલાલ બી. રબારી
**ગુરૂકૃપા વેરહાઉસ** ગાંધીધામ

**ખાતમુહૂર્ત સમારોહ**
માન. સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા અબડાસા તાલુકામાં મંજૂર થયેલ માધ્યમિક શાળાનો નીચે જણાવેલ સમયે અને સ્થળે માનવંતા મહેમાનોનાં વરદહસ્તે ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજવામાં આવેલ છે, જેમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.
તારીખઃ-૩૧/૦૫/૨૦૨૬, રવિવાર
બાંડીયા ગામે રૂપિયા ૨૪૦.૩૪ લાખના ખર્ચે નિર્માણ થનાર નવીન RMSA સરકારી માધ્યમિક શાળાનાં કામનું ખાતમુહૂર્ત.
સમય-સ્થળ : સવારે ૧૦.૦૦ વાગ્યે, બાંડીયા ગામે
મુખ્ય મહેમાનશ્રી: **શ્રી પ્રદ્યુમનસિંહ એમ. જાડેજા** (માન.ધારાસભ્યશ્રી, અબડાસા)
અતિથિવિશેષશ્રીઓ
• **શ્રી જયેન્દ્રસિંહ જાડેજા** (માન. પ્રમુખશ્રી, અબડાસા તા.પં.)
• **શ્રી મહાવીરસિંહ જાડેજા** (માન. ઉપપ્રમુખશ્રી, કચ્છ જિલ્લા પંચા.) • **શ્રી પરેશભાઈ ભાનુશાલી** (માન. મંત્રીશ્રી, કચ્છ જિ. ભાજપા)
• **શ્રીમતી સુરજબા સોઢા** (માન. સદસ્યાશ્રી, કચ્છ જિલ્લા પંચા.) • **શ્રી કમાભાઈ રબારી** (માન. સદસ્યશ્રી, કચ્છ જિલ્લા પંચા.)
• **શ્રી વિનોદભાઈ દરજી** (માન. ઉપપ્રમુખશ્રી, અબડાસા તા. પં.) • **શ્રી પ્રવીણભાઈ ભાનુશાલી** (માન. કા.ચેરમેનશ્રી, અબડાસા તા. પં.)
• **શ્રી રાજેશ્વરીબેન ગઢવી** (માન. શાસકપક્ષ નેતા, અબડાસા તા.પં.) • **શ્રી રીટાબેન ગોસ્વામી** (માન. દંડકશ્રી, અબડાસા તા. પં.)
નિમંત્રક
**શ્રી ગોપાલભાઈ ગઢવી** (માન.મહામંત્રીશ્રી, અબડાસા તાલુકા ભાજપ)
**શ્રી જયદીપસિંહ જાડેજા** (માન.પ્રમુખશ્રી, અબડાસા તાલુકા ભાજપ) તથા અબડાસા તાલુકા ભારતીય જનતા પાર્ટી પરિવાર
**શ્રી વિનયભાઈ રાવલ** (માન.મહામંત્રીશ્રી, અબડાસા તાલુકા ભાજપ)

Neelkanth Group
**Walk-In Interview!**
Join Our Growing Team
Multiple Openings Across Locations

| Location | Department | Designation | Vacancy | Qualification | Experience Required |
|---|---|---|---|---|---|
| Joganinar-Gandhidham | Mechanical | Fitter | 2 | ITI Fitter | 2 to 3 years |
| | Production | Plant Operator | 2 | ITI AOCP | 2 to 3 years |
| | Production | Field Engineer | 3 | BE/Diploma Chemical/ B.Sc Chem | 1 to 3 years |
| | Production | Shift Incharge | 1 | B.E.Chemical | 1 to 2 years |
| | Production | DCS Engineer | 1 | BE/Diploma Chemical/ B.Sc Chemistry | 1 to 3 years |
| BORU-BANASKATHA | Production | Field/Production Engineer | 1 | B.E.Chemical | 0 to 1 years |
| | Electrical | Electrical Engineer | 1 | B.E.Electrical | 1 to 2 years |
| | Instrumentation | Instrument Technician | 1 | ITI-Instrumentation | 1 to 2 years |
| Rann Of Kutch | Electrical | Technician | 2 | ITI-Electrician | 0 to 1 years |
| | Electrical | Engineer | 2 | Diploma/BE Electrical | 0 to 1 years |
| | Electrical | GET | 1 | BE Electrical | 0 to 1 years |
| | Bromine | HR Assistant | 1 | Graduate | 2 to 3 years |
| | Bromine | Instrument Technician | 1 | ITI-Insrtument | 2 to 4 years |
| | Bromine | Engineer | 4 | B.E.Chemical | |

Facilities Provided By Company at Free of Cost : On Roll Job, Attractive Salary, Food Accommodation
Interview Date : 30-05-2026 Time 10:00 am onward, Venue J P Resort, Nakhtrana
6359203711 neelkanthvacancy@gmail.com
Note: Candidate are request to carry their updated CV, Original documents, Edgucational Certificate, Experience Letter, Adhar Card & Passport Size Photo

## 7 દેશ, 23 બંદરગાહ અને 196 દિવસનો સંઘર્ષ

# 1150 કરોડના કોકેઈન સાથે મુન્દ્રા બંદરે પહોંચેલા 'એમવી યુરોપ'ની રહસ્યમયી સફર

**લાંબા સમયગાળા દરમિયાન અને અનેક દેશોની સુરક્ષા તપાસમાંથી પસાર થવા છતાં જહાજના મોટર રૂમમાં છુપાવવામાં આવેલી આ ડ્રગ્સની ખેપ કોઈની નજરે ચડી નહીં : ગુજરાત એટીએસ અને કોસ્ટ ગાર્ડની અત્યંત સતર્કતાથી આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટનો થયો પર્દાફાશ**

મુન્દ્રા - કચ્છઉદય : ગુજરાત એટીએસ અને ભારતીય તટરક્ષક દળ દ્વારા કરવામાં આવેલી સંયુક્ત કાર્યવાહીમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ તસ્કરીના એક મોટા નેટવર્કનો પર્દાફાશ થયો છે. મુન્દ્રા બંદરગાહ પર પહોંચેલા એક શંકાસ્પદ માલવાહક જહાજની તલાશી લેતા તેમાંથી ૧૧૫ કિલોગ્રામ અત્યંત પ્રતિબંધિત કોકેઈન મળી આવતા સુરક્ષા એજન્સીઓ ચોંકી ઉઠી હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ડ્રગ્સની કિંમત અંદાજે ૧૧૫૦ કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે, જે ભારતમાં દરિયાઈ માર્ગે પકડાયેલી ડ્રગ્સની સૌથી મોટી ખેપ માનવામાં આવે છે.

'એમવી યુરોપ' નામનું આ માલવાહક જહાજ બ્રાઝિલથી રવાના થયું હતું અને ૧૯૬ દિવસના લાંબા પ્રવાસ દરમિયાન સાત દેશોના ૨૩ બંદરગાહ પર રોકાયું હતું. આશ્ચર્યજનક બાબત એ છે કે આટલા લાંબા સમયગાળા દરમિયાન અને અનેક દેશોની સુરક્ષા તપાસમાંથી પસાર થવા છતાં જહાજના મોટર રૂમમાં છુપાવવામાં આવેલી આ ડ્રગ્સની ખેપ કોઈની નજરે ચડી ન હતી. એટીએસના અધિકારીઓના મતે, આ જહાજનું આયોજનબદ્ધ રીતે અનેક દેશોમાંથી પસાર થવું તે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓની ખૂબ જ ચતુર અને ગૂઢ વ્યૂહરચનાનો હિસ્સો હોઈ શકે છે.

ગુજરાત એટીએસને આ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટ અંગેની બાતમી ગત વર્ષે મે મહિનામાં જ મળી ગઈ હતી, જ્યારે આ માદક પદાર્થોને પેક કરવાની પ્રક્રિયા ચાલી રહી હતી. શિપિંગ રેકોર્ડ તપાસતા જણાયું કે ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ આ જહાજ સૌપ્રથમ બ્રાઝિલના સાઓ વિસેન્ટ બંદરગાહ પર લાંગર્યું હતું. ત્યારબાદ તે પનામા નહેર થઈને આર્જેન્ટિના, ઉરુગ્વે, બહામાસ, ડોમિનિકન રિપબ્લિક અને અમેરિકાના વિવિધ બંદરગાહો પર ફર્યું હતું. કુલ ૪૦ જેટલા સ્થળોએ લંગર નાખ્યા બાદ આખરે આ જહાજ ૧૯ મેના રોજ મુંબઈના જવાહરલાલ નેહરુ બંદરગાહ પર પહોંચ્યું હતું અને ત્યારબાદ પાકિસ્તાનના પોર્ટ કાસિમ થઈને ૨૬ મેના રોજ મુન્દ્રા બંદરગાહ પર આવી પહોંચ્યું હતું.

તપાસ એજન્સીઓને પ્રબળ આશંકા છે કે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓ ભારતને એક મુખ્ય વિતરણ કેન્દ્ર એટલે કે ડિસ્ટ્રિબ્યુશન પોઈન્ટ તરીકે ઉપયોગ કરવા માંગતા હતા. હાલમાં એટીએસ એ દિશામાં તપાસ કરી રહી છે કે શું આ કોકેઈનનો જથ્થો ભારતના માર્ગે અન્ય દેશોમાં મોકલવાની યોજના હતી કે પછી સ્થાનિક સ્તરે તેને ખપાવવાનો ઈરાદો હતો. સુરક્ષા એજન્સીઓની સતત દેખરેખ અને ચોક્કસ બાતમીના આધારે કરવામાં આવેલી આ કાર્યવાહીએ ડ્રગ્સ માફિયાઓની આખી યોજના પર પાણી ફેરવી દીધું છે અને ભારતની દરિયાઈ સુરક્ષા વ્યવસ્થાની મજબૂતીને ફરી એકવાર સાબિત કરી દીધી છે.


### બાતમીની શરૂઆતઃ ઓપરેશનની પૂર્વતૈયારી

મુન્દ્રા - કચ્છઉદય :ગુજરાત એટીએસને આ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટ અંગેના મજબૂત પુરાવા અને બાતમી ગત વર્ષે મે મહિનામાં જ મળી ગઈ હતી. જે સમયે આ ડ્રગ્સને આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગે મોકલવા માટે પેક કરવામાં આવી રહ્યા હતા, ત્યારથી જ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ હતી. લાંબા સમય સુધી એજન્સીઓ જહાજના પ્રવાસ અને તેની શંકાસ્પદ હિલચાલ પર સતત નજર રાખીને બેઠી હતી, જેના પરિણામે જ અંતિમ સમયે આ ખેપને પકડવી શક્ય બની હતી.

### જહાજનો લાંબો પ્રવાસઃ વિવિધ બંદરગાહોનો પડાવ

મુન્દ્રા - કચ્છઉદય :૧૯૬ દિવસના આ પ્રવાસમાં 'એમવી યુરોપ' જહાજે સાત દેશોના ૨૩ બંદરગાહો અને કુલ ૪૦ જેટલા સ્થળોએ લંગર નાખ્યા હતા. ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બ્રાઝિલના સાઓ વિસેન્ટથી શરૂ થયેલી આ સફર આર્જેન્ટિના, ઉરુગ્વે, પનામા નહેર, બહામાસ, ડોમિનિકન રિપબ્લિક અને અમેરિકાના પૂર્વી તટ સુધી પહોંચી હતી. આટલા લાંબા રૂટ બાદ ૧૯ મેના રોજ તે મુંબઈના જવાહરલાલ નેહરુ બંદરગાહ પહોંચ્યું, ત્યારબાદ ૨૨ મેના રોજ પાકિસ્તાનના પોર્ટ કાસિમ અને અંતે ૨૬ મેના રોજ મુન્દ્રા બંદરગાહ પર આવીને તે એજન્સીઓના સકંજામાં આવી ગયું હતું.

## કોટડા (ચકાર) ખાતે સારસ્વત સ્કૂલના નવનિર્મિત સંકુલનું લોકાર્પણ કરાયું





ભુજ-કચ્છઉદય : તાલુકાના કોટડા (ચકાર) ખાતે સારસ્વત શિક્ષા સાધના ટ્રસ્ટ સંચાલિત સારસ્વત સ્કૂલના નવા શૈક્ષણિક સંકુલનું લોકાર્પણ સમારોહ યોજાયો હતો. આશરે સાડા ત્રણ કરોડના ખર્ચે બનેલા આ સંકુલનું મહાનુભાવો દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્વામી પ્રદિપ્તાનંદ સરસ્વતી આચાર્યએ જણાવ્યું હતું કે બાળકોને દેશપ્રેમી બને તેવું શિક્ષણ આપવું જરૂરી છે અને દેશના નવનિર્માણમાં દરેક બાળકનો ફાળો મહત્વનો છે. કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી ત્રિકમભાઈ છાંગા, ધારાસભ્ય કેશુભાઈ પટેલ, શિવજીભાઈ આહીર ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત જિલ્લા શિક્ષણ અધિકારી સંજયભાઈ પરમાર, શ્રી ઝાલા તેમજ એ.ડી. ખાંટ (પધ્ધર પોલીસ) પણ હાજર રહ્યા હતા.

શૈક્ષણિક સંકુલના નિર્માણમાં ડો. વિમલબેન અચ્યુત અતેવાર પરિવાર મુખ્ય દાતા તરીકે રહ્યા હતા. કાર્યક્રમમાં દાતાઓ, ટ્રસ્ટના હોદ્દેદારો તથા આસપાસના ગામોના આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. ટ્રસ્ટના પ્રમુખ વિનોદભાઈ, મંત્રી ચુનીલાલભાઈ અને ખજાનચી દશરથભાઈની આગેવાનીમાં આ સમગ્ર પ્રોજેક્ટ સફળ બન્યો હતો. મુખ્ય માર્ગદર્શક તરીકે રમેશભાઈ ગઢવી અને નારણભાઈ મહેશ્વરીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સંસ્થાના મંત્રી ડો. વી. વિજયકુમાર, વ્યવસ્થાપક મુલેશભાઈ દોશી અને આચાર્ય ભરતભાઈ કે. પટેલ દ્વારા સંસ્થાની પ્રવૃત્તિઓ તથા ભવિષ્યના આયોજન અંગે માહિતી આપવામાં આવી હતી.

## માધાપરમાં સુંદરકાંડ પાઠ સાથે જન્મદિવસની આધ્યાત્મિક ઉજવણી

**કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ દ્વારા કાશી વિશ્વનાથ મંદિરમાં ભક્તિમય કાર્યક્રમ : પ્રજ્ઞાચક્ષુ કથાકાર ડો. કૃશાલ જોશીના સ્વરથી ગુંજ્યું મંદિર પરિસર**

માધાપર - કચ્છ ઉદય : કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ, માધાપર દ્વારા કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે સુંદરકાંડ પાઠનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જન્મદિવસ જેવી વ્યક્તિગત ઉજવણીને આધ્યાત્મિક રંગ આપીને સમાજે એક અનોખી પરંપરા આગળ ધપાવી છે.

સમાજ દ્વારા શિવમહાપુરાણ કથામાં લેવાયેલા સંકલ્પ મુજબ દરેક પરિવારના જન્મદિવસ પ્રસંગે મંદિરમાં આરતી સમયે સહપરિવાર ઉપસ્થિત રહેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અનુસંધાનમાં દુર્ગેશભાઈ ચૌહાણ તથા ઉવીબેન હેપલભાઈ ચાવડાના જન્મદિવસ નિમિત્તે પ્રજ્ઞાચક્ષુ કથાકાર ડો. કૃશાલભાઈ જોશીના સૌજન્યથી સુંદરકાંડ પાઠ યોજાયો હતો.

ડો. કૃશાલ જોશી, જે રાષ્ટ્રીય મહાસભાના ઉપપ્રમુખ પણ છે, તેમના મધુર અને ભાવસભર સ્વરથી સુંદરકાંડનું શ્રવણ થતાં સમગ્ર મંદિર પરિસર ભક્તિભાવથી ગુંજી ઉઠ્યું હતું. શ્રોતાઓએ એકાગ્રતાપૂર્વક પાઠનો આનંદ માણ્યો હતો.

આ પ્રસંગે સમાજના અગ્રણીઓ દ્વારા કથાકાર ડો. કૃશાલ જોશીનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં મનોજ સોલંકી, પુરુષોત્તમભાઈ જયંતીલાલ વલમજી વાઘેલા, પ્રમુખ ઘટક મંત્રી દીપક નરસિંહ ચૌહાણ, પ્રાદેશિક સમિતિના ઉપપ્રમુખ કમલેશ મૂરજી પરમાર તથા સમાજ અગ્રણી ગજેન્દ્ર વાઘેલા હાજર રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા દીપક ચૌહાણ, કિરણ ચોઢાશ, શાંતિલાલ ચૌહાણ તેમજ યજમાન પરિવારે વિશેષ સહયોગ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિભાવ, સમાજ એકતા અને સંસ્કારનો સુંદર સંદેશ પ્રસર્યો હતો.

## રવાપર ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા કિશોર સ્વાસ્થ્ય અને સુખાકારી દિવસની ઉજવણી કરાઈ





દેશલપર (ગુંતલી)- કચ્છઉદય : નખત્રાણા તાલુકાના રવાપર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રવાપર-૨ હેઠળ આંગણવાડી-૩ ખાતે કિશોર સ્વાસ્થ્ય અને સુખાકારી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ સી.ડી.એચ.ઓ. ડો. મિતેષ ભંડેરી, આર.સી.એચ.ઓ. ડૉ. દિનેશ પટેલ, ટી.એચ.ઓ. ડો. એ. કે. પ્રસાદ તથા ડો. અનેરી મેડમના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન કિશોરીઓને પોષણના મહત્વ અંગે સમજણ આપવામાં આવી હતી. પૌષ્ટિક આહાર, જરૂરી પોષક તત્ત્વો અને એનીમિયા વિષયક માર્ગદર્શન આપીને આયર્ન ફોલિક એસિડ (આઈએફએ) ટેબલેટ વિશે માહિતી આપવામાં આવી હતી. માસિક ધર્મ વ્યવસ્થાપન અને સ્વચ્છતા અંગે પ્રશ્નોત્તરી યોજાઈ, જેમાં કિશોરીઓએ ભાગ લીધો હતો.

આ ઉપરાંત એચ.પી.વી. વેક્સિન અને સર્વાઈકલ કેન્સર અંગે પણ વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કિશોરીઓનું બી.એમ.આઈ. તથા હિમોગ્લોબિન લેવલ ચકાસવામાં આવ્યું હતું, જે તેમના આરોગ્ય માટે મહત્વપૂર્ણ છે.

આરોગ્ય કર્મી સુલેમાન એ. પીંજારા માહિતી આપતા જણાવ્યુ કે કિશોરાવસ્થા દરમિયાન યોગ્ય પોષણ, સ્વચ્છતા અને આરોગ્યની જાગૃતિ ખૂબ જ જરૂરી છે. સમયસર ચકાસણી અને યોગ્ય માર્ગદર્શનથી એનીમિયા જેવા રોગોથી બચી શકાય છે તેમજ કિશોરીઓને સ્વસ્થ જીવન જીવવા પ્રેરણા મળે છે.

કાર્યક્રમમાં કોમ્યુનિટી હેલ્થ ઓફિસર યસ્વીબેન પટેલ, ફિમેલ હેલ્થ વર્કર પ્રિયંકાબેન વણકર, આશા બહેનો, આંગણવાડી કાર્યકર તથા હેલ્પર બહેનો સહિત કિશોરીઓ મોટી સંખ્યામાં હાજર રહી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## અમદાવાદની કેડી હોસ્પિટલ દ્વારા અત્યાધુનિક કેન્સર કેર સેન્ટરનો પ્રારંભ

અમદાવાદ - કચ્છ ઉદય : ગુજરાત સહિત સમગ્ર દેશમાં કેન્સરના વધતા કેસોને ધ્યાનમાં રાખીને અમદાવાદની કેડી (કુસુમ ધીરજલાલ ટ્રસ્ટ) હોસ્પિટલ દ્વારા અત્યાધુનિક કેન્સર કેર સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ નવી શરૂઆતને આરોગ્ય ક્ષેત્રે મહત્વપૂર્ણ અને સમયોચિત પગલું ગણવામાં આવી રહ્યું છે.

હોસ્પિટલની સ્થાપના ૮ મે ૨૦૧૮ના રોજ થઈ હતી અને તેના આઠમા ફાઉન્ડેશન ડેના અવસરે જ આ કેન્સર કેર સેન્ટરનું શુભારંભ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રનો ઉદ્દેશ માત્ર સારવાર પૂરતો સીમિત નથી, પરંતુ દર્દીઓમાં આશા, આત્મવિશ્વાસ અને નવી જીવનદિશા પ્રદાન કરવાનો પણ છે.હાલ ગુજરાતમાં ખાસ કરીને મોં અને ગળાના કેન્સરના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. આવા સમયે આ પ્રકારની સુવિધા દર્દીઓ માટે વધુ અસરકારક અને ઉપયોગી સાબિત થશે.કેડી હોસ્પિટલના મેનેજિંગ ડિરેક્ટર ડો. આદિત દેસાઈએ જણાવ્યું હતું કે કેન્સર કેર સેન્ટરનું મુખ્ય ધ્યેય દર્દીઓને માત્ર સારવાર નહીં પરંતુ સંવેદનશીલ અને ગૌરવપૂર્ણ આરોગ્યસેવા પ્રદાન કરવાનું છે. તેમણે કહ્યું કે દર્દીઓની સારવાર સાથે તેમની માનસિક સ્થિતિને પણ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.આ સેન્ટરમાં વર્ષા એચડી લિનિયર એક્સિલરેટર, બ્રેકીથેરાપી, યુએમઆઈ ૫૫૦ ડિજિટલ પીઈટી-સીટી, જીઈ એનએમ ૮૫૦ સ્પેક/સીટી તેમજ દા વિન્સી એક્સ રોબોટિક સર્જિકલ સિસ્ટમ જેવી અદ્યતન ટેક્નોલોજી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સુવિધાઓના કારણે હવે ચોકસાઈભર્યું નિદાન અને આધુનિક સારવાર દર્દીઓને વધુ સરળતાથી ઉપલબ્ધ થશે.

આ નવી પહેલ સાથે અમદાવાદમાં કેન્સર સારવાર ક્ષેત્રે એક નવી આશા અને વિશ્વાસનું વાતાવરણ સર્જાયું છે, જે દર્દીઓ માટે જીવનની નવી શરૂઆત સમાન સાબિત થઈ શકે છે.

## ભુજમાં ચેક બાઉન્સ કેસમાં આરોપીને ૧ વર્ષની કેદ

**કોર્ટે દોષિત ઠેરવી વળતર સહિત કડક સજા ફટકારી : હાથ ઉછીના નાણા પરત ન કરતા કાયદેસર કાર્યવાહી**

ભુજ - કચ્છ ઉદય : ચેક બાઉન્સના કેસમાં ભુજની કોર્ટે આરોપીને દોષિત ઠેરવીને એક વર્ષની સાદી કેદ તથા રૂ. ૨.૨૫ લાખ દંડની સજા ફટકારી છે. સાથે જ ફરિયાદીને રૂ. ૨.૦૫ લાખ વળતર ચુકવવાનો પણ સ્પષ્ટ આદેશ કરવામાં આવ્યો છે.

કેસની વિગતો મુજબ ફરિયાદી હરજીજીવા ડાગરે પોતાના મિત્ર આરોપી ગૌતમ દેવચંદ વેલાણીને ધંધાના વિકાસ માટે રૂ. ૨.૫૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા. રકમ પરત કરવાની ખાતરી તરીકે આપવામાં આવેલ ચેક બેંકમાં રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ તે ચેક પરત ફર્યો હતો. ત્યારબાદ ફરિયાદીએ કાયદેસર રીતે કેસ દાખલ કર્યો હતો.

આ કેસની સુનાવણી ભુજના બીજા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી હતી. તમામ પુરાવા અને દલીલોને ધ્યાને લઈ કોર્ટે આરોપી ગૌતમ દેવચંદ વેલાણીને દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદ અને રૂ. ૨.૨૫ લાખ દંડની સજા ફટકારી છે. કોર્ટે વધુમાં આદેશ આપ્યો છે કે દંડની રકમ ન ભરાય તો આરોપીને વધારાના છ માસની કેદ ભોગવવી પડશે. સાથે જ ફરિયાદીને રૂ. ૨.૦૫ લાખ વળતર તરીકે ચૂકવવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે. ફરિયાદીની તરફથી એડવોકેટ આર. એસ. ગઢવી, વી. જી. ચૌધરી, વિશ્વા એન. પરમાર અને શિવમ બી. સોલંકીએ કેસની રજૂઆત કરી હતી.

## હાલે વાગડમાં આવેલી વાંઢમાં પાણીનો કકળાટ

**૧૫ દિવસે પાણી વિતરણથી ગ્રામજનોમાં મુશ્કેલી વધી : તાત્કાલિક પુરવઠા સુધારણા માટે લોકપ્રતિનિધિઓએ રજૂઆત કરી : વાગડમાં અમુક જગ્યાએ ટેન્કરથી પાણીનો મુદ્દો ચર્ચામાં આવ્યો**


રાપર - કચ્છ ઉદય : કચ્છના વાગડ વિસ્તારમાં ઉનાળાની શરૂઆત સાથે જ પાણીની સમસ્યા ફરીથી તીવ્ર બની છે. મીઠાં પાણીના સ્ત્રોતો સૂકાઈ જતા ગ્રામ્ય વિસ્તારોમાં પીવાનું પાણી મેળવવું લોકો માટે દૈનિક જીવનનો મોટો પડકાર બની ગયો છે. ખાસ કરીને વાંઢા વિસ્તારોમાં સ્થિતિ વધુ ગંભીર છે, જ્યાં રહેવાસીઓને ૧૫ દિવસે એક વખત જ પાણીનો પુરવઠો મળતો હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં તળાવો, કૂવા અને પરંપરાગત જળસ્ત્રોતો લગભગ સૂકાઈ ગયા છે. તેના કારણે માત્ર માણસો જ નહીં પરંતુ પશુધન પણ પાણીની અછતનો સામનો કરી રહ્યું છે. બીજી તરફ નર્મદા કેનાલ પણ સમયાંતરે જાળવણી અને સમારકામ માટે બંધ રહેતી હોવાથી ગ્રામ્ય વિસ્તારોનો મુખ્ય આધાર હવે પાણી પુરવઠા વિભાગની વ્યવસ્થા અને ટેક્રર સપ્લાય પર જ ટકેલો છે.

ગાગોદર અને આસપાસના વિસ્તારોમાં પાણી ઓછા દબાણથી અને અનિયમિત રીતે મળતું હોવાથી લોકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ઘણી જગ્યાએ જૂની અને તૂટી ગયેલી પાઈપલાઈનોને કારણે પાણીનો પુરવઠો વારંવાર ખોરવાઈ જાય છે, જેના કારણે પરિસ્થિતિ વધુ વણસી રહી છે.

સ્થિતિને ગંભીર ગણાવીને સ્થાનિક પ્રતિનિધિઓએ પાણી પુરવઠા વિભાગને તાત્કાલિક લેખિત રજૂઆત કરી છે. ગાગોદર જિલ્લા પંચાયતના સભ્ય સુરેશભાઈ મકવાણા, તાલુકા પંચાયતના સભ્ય નરેન્દ્રસિંહ ખોડ, ભીમદેવકા સરપંચ અરવિંદભાઈ સુરાણી, પ્રવીણભાઈ પિપરિયા, ભરતભાઈ મઢવી, શિરાની વાંઢાના સરપંચ હરેશભાઈ, અનિરુદ્ધસિંહ રાજપૂત તથા અશ્વિન ઠક્કરે પાણીનો નિયમિત અને પૂરતો પુરવઠો ઉપલબ્ધ કરાવવા તેમજ તૂટેલી લાઈનોનું તાત્કાલિક સમારકામ કરવા માંગ કરી છે.

## કુકમાના દબાણોની હાલત માથાના વાળ જેવી : દૂર કરવામાં આવે અને ફરીથી થઈ જાય





**જુદા-જુદા પદાધિકારીઓની સરકારી તંત્રને બીક બતાવી અને વારંવાર દબાણ કરી નાખતા તત્વો સામે હવે ધાક બેસાડવાતી કાર્યવાહી કરવા માટે તંત્ર વિચારી રહ્યું છે : દબાણમાં પતરાવાળી ઓરડી બનાવી અને પછી પરપ્રાંતિયો પાસેથી તગડા ભાડા વસુલાય છે : ઓરડીઓ તોડી નખાય ત્યાં ફરીથી તેનું "ભૂમિપૂજન" થઈ જાય છે : વારંવાર થતાં દબાણના ઉપદ્રવ કરનારાઓની દબાણ પ્રવૃત્તિનો "મોક્ષ" કરવા માટે તંત્ર વિચારી રહ્યું છે**

ભુજ -કચ્છઉદય : ભુજની નજીક હાઈવે ટચ આવેલા કુકમા ગામના વારંવાર ફરીથી ઊભા થઈ જતાં દબાણ સરકારી તંત્ર માટે અને લોકો માટે માથાના દુઃખાવા રૂપ બની ગયાં છે. સરકારી તંત્રની હાલત માથાના વાળ ઉતારનાર હજામ જેવી થઈ ગઈ છે. જેવી રીતે હજામ વાળ ઉતારે અને થોડા દિવસમાં ફરીથી વાળ ઊગી આવે તેવી જ રીતે સરકારી તંત્ર ખૂબ જ મહેનત કરી અને સરકારી જમીનમાં આડેધડ થઈ ગયેલા દબાણ હટાવવાનો સંતોષ લે ત્યાં એકાદ બે મહિનામાં માથામાં ફરીથી ઊગી જતા વાળની જેમ દબાણ એ જ જગ્યાએ ઊભા થયેલા અથવા ઉભા કરવાની કોશિશ જોવા મળે છે.

ભુજ તાલુકાનું કુકમા ગામ દબાણને લઈને હંમેશા ચર્ચામાં રહે છે ત્યારે તંત્ર વગદાર મનાતા દબાણકારને નોટિસ ફટકારીને સરકારી જમીન પર દબાણ કરીને બનાવેલી પતરાના શેડવાળી ઓરડી દૂર કરવા તાકીદ કરાઈ અને પછી ઓરડીઓ પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યુ હતું. મળતી માહિતી મુજબ થોડા સમય પહેલા જ આ જ વિસ્તારમાં આ જ વ્યક્તિએ રાજકીય વગ હેઠળ સરકારી જમીન પર દબાણ કરીને ચણી દીધેલી ઓરડીઓ તંત્ર દ્વારા તોડી પાડવામાં આવી હતી ત્યારે આ જ વ્યક્તિએ સરકારી સરવની જમીન પર અંદાજિત ૫૦૦ ચો.મી.૨ જમીન પર દબાણ કરીને પતરાના શેડવાળી પાકી ૪ ઓરડી ચણી દીધી હતી. જેને નોટિસ અપાઇ અને તોડી નાખવાની કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યાં ફરીથી વળી પાછી એ જ જગ્યાએ એ જ રીતે દબાણ કરવાની હિલચાલ શરૂ થઈ જતા અને તોડી નખાયેલી ઓરડીઓનુ ફરીથી "ભૂમિ પૂજન" કરવાની હીલચાલ દબાણકારોએ શરૂ કરતાં હવે સરકારી તંત્ર દબાણકારો સામે ધાક બેસાડતી ફોજદારી કાર્યવાહી કરશે તો જ તેમને તેમના અથવા તેમના મળતીયાઓના પદનો નશો ઉતરી જશે એવું આ ગામના લોકોમાં ચર્ચાય છે.

નોંધનીય છે કે, કુકમા નજીક કંપનીઓ આવેલી હોઈ અહીં મોટા માથાઓ દ્વારા મનફાવે ત્યાં સરકારી જમીન પર દબાણ કરીને આ રીતે ઓરડીઓ બનાવીને કંપનીઓમાં કામ કરતા પરપ્રાંતિય લોકોને ભાડે આપી દેવામાં આવે છે. કહેવાતા રાજકીય વગ ધરાવતા મોટા માથાએ સરકારી જમીન પર દબાણ કરીને ખડકી દીધેલી ઓરડીઓ તંત્રએ તોડી પાડી હતી. વળી ફરીથી સરકારી તંત્રની કોઈ બીક જ ન હોય અને પોતાના મિત્રોના પદની અને સત્તાની તાકાતનો નશો એટલો બધો ચડી ગયો હોય કે એ રોકટોક ફરી ફરી અને દબાણ થયા જ કરે છે. હવે આ સમસ્યાનો મૂળમાંથી ઉકેલ કરવા માટે સત્તાવાળાઓ વિચારી રહ્યા છે. પદાધિકારીઓ અને અધિકારીઓ માંથી છેવટે કોનો હાથ ઉપર રહે છે તેના ઉપર કુકમાવાસીઓની નજર મંડાયેલી છે.

## આયુષ્માન યોજના હેઠળ સંઘવી હોસ્પિટલમાં અદ્યતન સારવાર હવે વિનામૂલ્યે ઉપલબ્ધ

ભુજ - કચ્છ ઉદય : ભુજની સંઘવી મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલમાં હવે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમજેએવાય) અંતર્ગત વિવિધ ગંભીર અને વિશેષ પ્રકારની સારવાર દર્દીઓને નિઃશુલ્ક ઉપલબ્ધ બનતા આરોગ્યક્ષેત્રે મહત્વપૂર્ણ સુવિધાનો ઉમેરો થયો છે. હોસ્પિટલમાં હૃદયરોગ, હાડકાં, મહિલા અને બાળરોગ સહિત અનેક વિભાગોની સારવાર આયુષ્માન કાર્ડ હેઠળ આપવામાં આવશે. હોસ્પિટલમાં હૃદય સંબંધિત એન્જિયોગ્રાફી, એન્જિઓપ્લાસ્ટી, બાયપાસ સર્જરી, હાર્ટ વાલ્વ બદલવાની સર્જરી, પેસમેકર અને આઈસીડી જેવી સારવાર ઉપલબ્ધ છે. ઉપરાંત ઓર્થોપેડિક અને ટ્રોમા વિભાગમાં અકસ્માતની સારવાર, સ્પાઈન સંબંધિત સર્જરી, ઘૂંટણ અને થાપા બદલવાના ઓપરેશન પણ યોજનામાં સામેલ કરવામાં આવ્યા છે. મહિલા રોગ વિભાગમાં વિવિધ સારવાર અને સર્જરી ઉપરાંત જનરલ સર્જરી હેઠળ આંતરડાં, એપેન્ડિક્સ, સારણગાંઠ, પિત્તાશયની પથરી તેમજ લેપ્રોસ્કોપી દ્વારા થતી સર્જરીની સુવિધા પણ દર્દીઓને વિનામૂલ્યે મળશે. બાળરોગ વિભાગમાં એનઆઈસીયુ અને પીઆઈસીયુ જેવી આધુનિક સુવિધા સાથે ઓછા વજનના અને સમય પહેલાં જન્મેલા બાળકોની સારવાર પણ આયુષ્માન યોજનામાં આવરી લેવામાં આવી છે. હોસ્પિટલ તંત્ર દ્વારા દર્દીઓ અને તેમના પરિવારજનોને વધુ માહિતી માટે હોસ્પિટલની મુલાકાત લેવા અથવા ૭૬૭૦૦ ૮૮૭૦૦ નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ચોમાસુમાં બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે ખેડૂતો દ્વારા રાખવાની થતી કાળજી

ભુજ - કચ્છઉદય : કચ્છના તમામ ખેડૂતોને આગામી ચોમાસુ સીઝન માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે રાખવાની થતી કાળજી અંગે જણાવવાનું કે, બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ / પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો. કોઈપણ સંજોગોમાં લાયસન્સ / પરવાનો ધરાવતા ન હોય તેવી વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ ખેતી માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનીખરીદી કરવી નહી. જેથી, છેતરપીંડીથી બચી શકાય. બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરૂ નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ, લોટ નંબર વિગેરે વિગત દર્શાવતું પાકુ બીલ સહી સાથે અવશ્ય લેવું. કોઈ પણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરવી નહી. હંમેશા કૃષિ યુનિવર્સટી અથવા વૈજ્ઞાનિકની ભલામણ મુજબનાં જથ્થામાં જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો. અનઅધિકૃત અથવા ભળતા નામના અમાન્ય બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનું વેચાણ થતુ હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), કચ્છ, ખેડૂત તાલીમ કેન્દ્ર, પડદાભીટ હનુમાન રોડ, સંસ્કારનગર ભુજ ફોન ૦૨૮૩૨ - ૨૨૧૦૩૮ નંબર પર જાણ કરવા યાદીમાં જણાવ્યું છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના ભુજમાં સરહદ સંબંધિત મુદ્દાઓ પર એક બેઠકની અધ્યક્ષતા કરી



**બોર્ડર ફેન્સિંગ, દરિયાઈ સુરક્ષા અને રાજ્ય સરકારના મક્કમ રાજકીય સંકલ્પે ગુજરાતના સુરક્ષા પરિદ્રશ્યમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું છે**

**રાજ્યમાં ઘૂસણખોરી અને સરહદ પારથી થતી દાણચોરી સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે**

**ઔદ્યોગિક એકમોની સ્થાપનાને કારણે સરહદી વિસ્તારોમાં થઈ રહેલું રિવર્સ માઈગ્રેશન એક આવકારદાયક વિકાસ છે**

**પોલીસ સ્ટેશનોથી લઈને પટવારી સુધી, દરેકે આ પ્રદેશમાંથી અગાઉથી સ્થાયી થયેલા ઘૂસણખોરોની સ્વદેશ વાપસી સુનિશ્ચિત કરવા માટે એકસાથે મળીને કામ કરવું જોઈએ**

**આંતરરાષ્ટ્રીય સરહદની ૦ થી ૧૫-કિમીની ત્રિજ્યામાં તમામ અનધિકૃત અતિક્રમણોને ઝીરો ટોલરન્સ નીતિ સાથે નાબૂદ કરવા જોઈએ; સરહદી વિસ્તારોમાં કટ્ટરપંથીકરણના કેન્દ્રો પર સખત નજર રાખવી જોઈએ**

**જિલ્લા મેજિસ્ટ્રેટ્સે સરહદી જિલ્લાઓમાં થઈ રહેલા ડેમોગ્રાફિક ફેરફારો પર નજર રાખવી જોઈએ અને નિયમિતપણે અહેવાલ આપવો જોઈએ**

**દરેક જિલ્લામાં એક સિક્યુરિટી કોઓર્ડિનેશન ગ્રુપની રચના કરવી જોઈએ, જેમાં BSF, કોસ્ટ ગાર્ડ, આઈટી વિભાગ, ED અને લીડ બેંક મેનેજરના પ્રતિનિધિઓ સામેલ હોય**

**આવકવેરા , મની લોન્ડરિંગ અને કસ્ટમ્સ સંબંધિત કાયદાઓના અસરકારક અમલીકરણની જવાબદારી ડીએમ , એસપી અને આઈજી (બોર્ડર રેન્જ)ની રહેશે**

**સ્થાનિક વહીવટીતંત્રે દરેક સરહદી જિલ્લાના ચોક્કસ પડકારો અને આવશ્યકતાઓ માટે એસઓપી તૈયાર કરવી જોઈએ, જેથી હાલના ઘૂસણખોરોની ઓળખ તેમજ ડ્રોન અને નાર્કોટિક્સને લગતા જોખમોને સુનિશ્ચિત કરી શકાય**

**હવાલા વ્યવહારો, નાણાકીય લેવડદેવડ, મ્યુલ એકાઉન્ટ્સ, શેલ કંપનીઓ, શંકાસ્પદ વાહનો અને જીએસટી કલેક્શન માટે સરહદી જિલ્લાઓમાં કડક નજર રાખવી આવશ્યક છે; આઈટી વિભાગે, આરબીઆઈ સાથે મળીને, એક વ્યાપક સર્વેક્ષણ અભિયાન શરૂ કરવું જોઈએ**

ભુજ : કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ભારત-પાકિસ્તાન સરહદ પર આવેલા ગુજરાતના સરહદી અને દરિયાકાંઠાના જિલ્લાઓ સંબંધિત સુરક્ષા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને ગુજરાતના ભુજમાં એક સુરક્ષા સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી, મુખ્ય સચિવ, ડીજીપી, ગુજરાત, તેમજ રાજ્ય સરકારના અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને કચ્છ, વાવ-થરાદ અને પાટણના જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષક ઉપસ્થિત રહ્યા હતા. વધુ મજબૂત અને વ્યાપક સરહદ વ્યવસ્થાપન હાંસલ કરવાના ઉદ્દેશ્ય સાથે, આ બેઠકમાં ભારત-પાકિસ્તાન સરહદ પરના આ સરહદી વિસ્તારોમાં પડકારો, જોખમો અને ઉભરતી ચિંતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, અને આ સંદર્ભમાં રાજ્ય સરકારની ખાસ કરીને ડીએમ અને એસપીની સક્રિય અને અસરકારક ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

બેઠક દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, બોર્ડર ફેન્સિંગ, દરિયાઈ સરહદ સુરક્ષા અને રાજ્ય સરકારની મજબૂત રાજકીય ઈચ્છાશક્તિએ ગુજરાતના સુરક્ષા પરિદ્રશ્યમાં નોંધપાત્ર પરિવર્તન આણ્યું છે, જેના પરિણામે રાજ્યમાં ઘૂસણખોરી અને સરહદ પર દાણચોરી સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સરહદની સાથે ૦—૧૫ કિમીના પટ્ટામાં તમામ અનધિકૃત અતિક્રમણો સામે ઝીરો-ટોલરન્સનો અભિગમ અપનાવવો જોઈએ અને તેને નાબૂદ કરવાના પ્રયાસો કરવા જોઈએ. તેમણે સરહદી વિસ્તારોમાં કટ્ટરપંથી કરણના કેન્દ્રો પર નજીકથી નજર રાખવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે સરહદી જિલ્લાઓમાં વસ્તી વિષયક ફેરફારો સૌથી ગંભીર પડકાર ઉભો કરે છે અને જિલ્લા મેજિસ્ટ્રેટ્સે આવી ગતિવિધિઓનું કડક મોનિટરિંગ અને નિયમિત અહેવાલ આપવાનું સુનિશ્ચિત કરવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે ઔદ્યોગિક એકમોની સ્થાપનાને કારણે સરહદી વિસ્તારોમાં થઈ રહેલું રિવર્સ માઈગ્રેશન એક આવકારદાયક વિકાસ છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, અગાઉથી સ્થાયી થયેલા ગેરકાયદેસર ઘૂસણખોરોને દેશનિકાલ કરવાનું સુનિશ્ચિત કરવા માટે પોલીસ સ્ટેશનથી લઈને પટવારી સુધી—દરેકે એકસાથે મળીને કામ કરવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે સ્થાનિક વહીવટીતંત્રે દરેક સરહદી જિલ્લાના ચોક્કસ પડકારો અને આવશ્યકતાઓ માટે એસઓપી તૈયાર કરવી જોઈએ, જેથી હાલના ઘૂસણખોરોની ઓળખ તેમજ ડ્રોન અને નાર્કોટિક્સને લગતા જોખમોને સુનિશ્ચિત કરી શકાય. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે દરેક જિલ્લામાં સિક્યુરિટી કોઓર્ડિનેશન ગ્રુપ્સની રચના થવી જોઈએ, જેમાં BSF, કોસ્ટ ગાર્ડ, આવકવેરા વિભાગ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને લીડ બેંક મેનેજર સામેલ હોય. તેમણે જણાવ્યું હતું કે આવકવેરા, એન્ટી મની લોન્ડરિંગ અને કસ્ટમ્સ કાયદાના અસરકારક અમલીકરણની જવાબદારી જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક અને ઈન્સ્પેક્ટર જનરલ, બોર્ડર રેન્જની હોવી જોઈએ.શ્રી અમિત શાહે સરહદી જિલ્લાઓમાં હવાલા વ્યવહારો, નાણાકીય લેવડદેવડ, મ્યુલ એકાઉન્ટ્સ, શેલ કંપનીઓ, શંકાસ્પદ વાહનો અને જીએસટી કલેક્શન પર કડક નજર રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે નાણાકીય ગુનાઓ સામે લડતી એજન્સીઓને સરહદી વિસ્તારો અંગે સખત રીતે માહિતગાર રાખવી જોઈએ, અને આવકવેરા વિભાગે, આરબીઆઈ ના સહયોગથી, વ્યાપક સર્વેક્ષણ અભિયાનો ચલાવવા જોઈએ.કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, ઈન્ટરનેશનલ મેરિટાઈમ બાઉન્ડ્રી લાઈનની નિકટતાને ધ્યાનમાં લેતા, દરિયાઈ સુરક્ષાને પ્રાથમિકતા આપવાની અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ સાથે અસરકારક સમન્વય સુનિશ્ચિત કરવાની જરૂર છે. તેમણે વધુમાં નિર્દેશ આપ્યો કે, 'વાઈબ્રન્ટ વિલેજિસ' પહેલની સાથે, સરહદી ગામોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો બંનેની દરેક યોજનાઓનું ૧૦૦% સેચ્યુરેશન (સંપૂર્ણ પરિપૂર્ણતા) સુનિશ્ચિત કરવું આવશ્યક છે.

## રિશભ પંતે લખનૌના સુકાનીપદેથી રાજીનામું આપી દીધું



(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૨૬ની ટીૃ૨૦ ક્રિકેટ સિઝનમાં અત્યંત કંગાળ પ્રદર્શન કરનારી લખનૌ સુપર જાયન્ટ્સની ટીમના સુકાની રિશભ પંતે શુક્રવારે તેના સુકાનીપદેથી રાજીનામું આપી દીધું હતું અને અપેક્ષા મુજબ જ તેની ફ્રેન્ચાઈઝીએ તેનો સ્વીકાર કરી લીધો હતો. વર્તમાન સિઝનમાં લખનૌનું પ્રદર્શન અત્યંત ખરાબ રહ્યું હતું એટલું જ નહીં પરંતુ એક કેપ્ટન તરીકે પંત પણ નિષ્ફળ રહ્યો હતો. તે કપ્તાનીમાં કે એક બેટ્સમેન તરીકે સદંતર નિષ્ફળ રહ્યો હતો. આ સિઝનમાં લખનૌ સુપર જાયન્ટ્સની ટીમ ૧૪માંથી માત્ર ચાર જ મેચ જીતી શકી હતી અને તેમાંથી તેની બે સફળતા એવા તબક્કે આવી હતી જ્યારે ટીમ ટુર્નામેન્ટમાંથી ફેંકાઈ ગઈ હતી. ૨૦૨૬ ની આઈપીએલ સીઝનમાં લખનૌ સુપર જાયન્ટ્સે ખરાબ પ્રદર્શન કર્યું હતું,

## પ્રથમ ટી૨૦માં ઇંગ્લેન્ડ સામે ભારતીય વિમેન્સ ટીમનો શાનદાર વિજય


(એજન્સી દ્વારા)

ચેમ્સફોર્ડ : હરમનપ્રિત કૌરની ગેરહાજરીમાં રમી રહેલી ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમે ઇંગ્લેન્ડ સામેની ત્રણ મેચની ટી૨૦ ઈટરનેશનલ મેચની સિરીઝની ગુરુવારે રાત્રે રમાયેલી પ્રથમ મેચમાં ૩૮ રનથી શાનદાર વિજય મેળવી ૧-૦ની સરસાઈ હાંસલ કરી લીધી હતી. સિરીઝની બીજી મેચ શનિવારે બ્રિસ્ટલ ખાતે રમાશે. જેમિમાહ રોડ્રિગ્સ અને યાસ્તિકા ભાટિયાની અડધી સદી બાદ ટી૨૦ ક્રિકેટમાં પહેલી વાર રમી રહેલી ઝડપી બોલર નંદની શર્માની ઘાતક બોલિંગનું ભારતની આ સફળતામાં પ્રમુખ યોગદાન રહ્યું હતું. અહીંના કાઉન્ટી ગ્રાઉન્ડ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં ભારતે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૮૮ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના



જવાબમાં ઈંગ્લેન્ડ વિમેન્સ ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૦ રન કરી શકી હતી. હરમનપ્રિત કૌર આ મેચમાં રમી શકી ન હતી અને તેને સ્થાને ટીમનું નેતૃત્વ સંભાળનારી ડાબેરી ઓપનર સ્મૃતિ મંધાના મેચના પહેલાં જ બોલે આઉટ થઈ ગઈ હતી તેમ છતાં ભારતે મજબૂત સ્કોર રજૂ કર્યો હતો. જેમિમાહ રોડ્રિગ્સે સર્વોચ્ચ સ્કોર નોંધાવતાં ૪૦ બોલમાં દસ ચોગ્ગા અને એક સિક્સરની મદદથી ૬૯ રન ફટકાર્યા હતા તો વડોદરાની યાસ્તિકા ભાટીયાએ પણ મજબૂત બેટિંગ કરીને ૪૦ બોલમાં ૫૪ રન ફટકાર્યા હતા જેમાં એક સિક્સર ઉપરાંત નવ ચોગ્ગા સામેલ હતા. રોડ્રિગ્સ અને યસ્તિકાએ ધમાકેદાર ભાગીદારી નોંધાવી હતી. ભારતે શરૂઆતમાં સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા (૦૨) ની વિકેટો ઝડપથી ગુમાવી દીધી હતી, જેમાં લૌરેન બેલે ઈંગ્લેન્ડને મજબૂત શરૂઆત અપાવી હતી. જોકે જેમિમાહ રોડ્રિગ્સે અને યાસ્તિકા ભાટિયાએ ત્રીજી વિકેટ માટે માત્ર ૭૬ બોલમાં ૧૨૬ રનની નિર્ણાયક ભાગીદારી નોંધાવી હતી. ઘૂંટણની સર્જરી બાદ પરત ફરેલી યાસ્તિકાએ પોતાની ટી૨૦ કારકિર્દીની પ્રથમ અડધી સદી ફટકારી હતી. અંતમાં દિપ્તી શર્માએ ૧૩ બોલમાં અણનમ ૨૨ રન અને અરૂધતી રેડ્ડીના યોગદાનને લીધે ભારતે નોંધપાત્ર સ્કોર રજૂ કર્યો હતો.

## વિનેશ ફોગટને રાહત આપતી સુપ્રીમ



(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે આંતરરાષ્ટ્રીય મેડલ વિજેતા વિનેશ ફોગટને એશિયન ગેઈમ પસંદગી ટ્રાયલમાં ભાગ લેવા દેવા આદેશ આપ્યા છે. ભારતીય કુસ્તી સંઘે વિનેશ ફોગટમાં મુકેલો પ્રતિબંધ રદ કરતા સર્વોચ્ચ અદાલતે આ રાહત આપી છે.

જો કે જસ્ટીસ પી. એમ.નરસિમ્હાએ વિનેશને પણ ઠપકો આપતા કહ્યું કે આ કોઈ મેડીકલ કોલેજમાં એડમીશન નથી. આ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલકુદ સ્પર્ધા છે. તેમાં આ રીતે અરજી પર પુરુ શેડયુલ બગાડી શકો નહી.

## સ્ટેડિયમમાં ક્રિકેટરના સ્માર્ટ સનગ્લાસ પર બીસીસીઆઈનો પ્રતિબંધ



(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : આઈપીએલની વર્તમાન ટી૨૦ ક્રિકેટ સિઝન દરમિયાન ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ)ના એન્ટિ-કરપ્શન યુનિટ (એસીયુ)એ ખેલાડીઓ અને મેચ અધિકારીઓ માટે 'સ્માર્ટ સનગ્લાસ' ના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો છે. આ પગલું આ ઉપકરણોમાં રહેલી અદ્યતન સંચાર ટેકનોલોજીને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યું છે. જે મોબાઈલ ડેટા કે વાઈ-ફાઈ દ્વારા લાઈવ સ્ટ્રીમિંગ અને વિડિયો કોલિંગની સુવિધા આપે છે. બીસીસીઆઈએ લીગની તમામ ફ્રેન્ચાઈઝીઓ માટે સલાહકારી જાહેર કરી છે, જેમાં નોંધવામાં આવ્યું છે કે કેટલીક કંપનીઓ ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને આવા સ્માર્ટ સનગ્લાસ વેચી રહી છે. આ ઉપકરણોમાં લાઈવ સ્ટ્રીમિંગ, ટેક્સ્ટ મેસેજ મોકલવા અને પ્રાપ્ત કરવા તથા ઓડિયો-વિડિયો કોલિંગ જેવી સુવિધાઓ હોય છે. સ્ટેડિયમમાં પ્લેયર્સ અને ઓફિશિયલ્સ એરિયા (પીએમઓએ) ના લઘુત્તમ ધોરણો મુજબ આવા ચશ્માને 'ઓડિયો/વિડિયો રેકોર્ડિંગ ડિવાઈસ' અને 'કમ્યુનિકેશન ડિવાઈસ' બંને શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. પીએમઓએ વિસ્તારમાં આવા સ્માર્ટ ચશ્મા રાખવા કે તેનો ઉપયોગ કરવો સખત રીતે પ્રતિબંધિત છે.

## 'જો અમારા ખેલાડીઓનો સામનો થયો તો...' વૈભવ સૂર્યવંશીના પાકિસ્તાનીઓએ કર્યા વખાણ



(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : રાજસ્થાન રોયલ્સના ૧૫ વર્ષના બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ સનરાઈઝર્સ હૈદરાબાદ સામે એલિમિનેટર મેચમાં માત્ર ૨૯ બોલમાં ૯૭ રનની તોફાની ઈનિંગ રમીને ક્રિકેટ જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. વૈભવના આ પરાક્રમની ચર્ચા ભારત કરતાં પણ પાકિસ્તાનમાં વધુ થઈ રહી છે. ત્યાંના પૂર્વ ક્રિકેટરો અને રમતગમતના નિષ્ણાતો વૈભવના વખાણ કરતાં થાકતા નથી અને તેને ક્રિકેટનો આગામી સુપરસ્ટાર ગણાવી રહ્યા છે. વૈભવ ૨૮ બોલમાં ૯૭ રન બનાવીને ક્રિસ ગેલનો ૧૩ વર્ષ જૂનો ૩૦ બોલમાં સદીનો રેકોર્ડ તોડવાની નજીક હતો, પરંતુ પ્રફુલ્લ હિંગેના બોલ પર કેચ આઉટ થઈ ગયો હતો. તેના આ પ્રદર્શનથી પ્રભાવિત થઈને પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર અને કોચ બાસિત અલીએ પોતાની યુટ્યુબ ચેનલ પર વૈભવને 'કોમ્પ્લાન બોય' કહીને તેની સરખામણી ગેલ સાથે કરી હતી.

## હાર્દિક - માહિકાનું યુરોપ વેકેશન : હેલિકોપ્ટર રાઈડના ફોટોઝ સોશિયલ મીડિયામાં વાયરલ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ની ખરાબ સીઝન બાદ હાર્દિક પંડ્યા પોતાની ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથે યુરોપમાં વેકેશન માણી રહ્યો છે. માહિકા શર્માએ ઑલરાઉન્ડર હાર્દિક પંડયા સાથેના કેટલાક રોમૅન્ટિક ફોટો સોશ્યલ મીડિયા પર શૅર કર્યા હતા. માહિકાએ યુરોપિયન દેશ ફ્રાન્સમાં ટ્રાવેલિંગ, હોટેલ રૂમ અને હેલિકૉપ્ટર રાઈડ દરમ્યાનના કેટલાક યાદગાર ફોટો શૅર કર્યા હતા. માહિકા શર્માએ આ ફોટો સાથે લખ્યું હતું કે, 'જાગવું, સ્મિત કરવું અને ફૂલોની



સુગંધમાં શ્વાસ લેવો. દરેક વખતે નીચે પડવા છતાં ઊઠવું અને તારાઓ, ચંદ્ર અને નદીઓનો આદર કરવો. ભયનો સામનો કરતી વખતે પણ પ્રામાણિક રહેવું અને એકલા ઊભા રહીને પણ શ્રદ્ધાને વળગી રહેવું. યુદ્ધના સમયમાં પણ આશા શોધવી અને જ્યારે તમારી સાથે અન્યાય થયો હોય ત્યારે પણ માફ કરવું.'

## 'ઘીસ ઘીસ ઘીસ' ગીતના શૂટિંગ વખતે અક્ષય કુમારે લીધો અક્ષરા સિંહનો પક્ષ, જાણો સેટ પરનો રસપ્રદ કિસ્સો



(એજન્સી દ્વારા)

મુંબઈ : બોલિવૂડ અને ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું આ દિવસોમાં અનોખું મિલન જોવા મળી રહ્યું છે અને આ ચર્ચાનું સૌથી મોટું કારણ બની છે ભોજપુરી સ્ટાર અક્ષરા સિંહ. અક્ષય કુમારની આગામી ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'નું ગીત 'ઘીસ ઘીસ ઘીસ' હાલમાં જ રિલીઝ થયું છે જેમાં અક્ષરા સિંહ અને અક્ષય કુમારની જોડીએ ઈન્ટરનેટ પર ધમાલ મચાવી દીધી છે. ગીતનો દેશી અંદાજ, ભોજપુરી ફ્લેવર અને બંને કલાકારોની શાનદાર એનર્જી દર્શકોને ખૂબ જ પસંદ આવી રહી છે. આ બધાની વચ્ચે અક્ષરા સિંહે શૂટિંગ સેટનો એક એવો રસપ્રદ કિસ્સો શેર કર્યો છે, જેમાં સુપરસ્ટાર અક્ષય કુમારે તેની કમ્ફર્ટ માટે સ્ટેન્ડ લીધું હતું. અક્ષરા સિંહ ભોજપુરી ઈન્ડસ્ટ્રીનું ખૂબ જ મોટું નામ છે અને સોશિયલ મીડિયા પર પણ તેની જબરદસ્ત ફેન ફોલોઈંગ છે. તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં અક્ષરાએ ખુલાસો કર્યો હતો કે આ ગીતના શૂટિંગ દરમિયાન અક્ષય કુમારે તેને ખૂબ જ સપોર્ટ કર્યો હતો. આ ગીતની ખાસ વાત એ છે કે તેમાં બોલિવૂડના ખિલાડી અક્ષય કુમાર પણ ભોજપુરી ગીત પર દેશી ઠુમકા લગાવતા જોવા મળી રહ્યા છે.

## આલિયા-શર્વરીની 'આલ્ફા'ની રિલીઝ આગળ ખસેડાઈ; હવે ૩ જુલાઈએ થશે રિલીઝ

(એજન્સી દ્વારા)

મુંબઈ : આલિયા ભટ્ટ અને શર્વરીના ચાહકો માટે ખુશખબર છે, કારણ કે તેમની ફિલ્મ 'આલ્ફા' હવે નક્કી કરેલી તારીખ કરતાં વહેલી રિલીઝ થશે. આ એક્શન એન્ટરટેઈનર અગાઉ ૧૦ જુલાઈએ રિલીઝ થવાની હતી. હવે એવા અહેવાલ છે કે ફિલ્મ એક અઠવાડિયું વહેલું, એટલે કે ૩ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. એક પ્રખ્યાત મલ્ટિપ્લેક્સ ચેઈન સાથે જોડાયેલા સુત્રે દ્વારા મળતી માહિતી મુજબ, ''૩ જુલાઈ 'આલ્ફા'ને રિલીઝ કરવા માટે યોગ્ય તારીખ છે, કારણ કે 'ધમાલ ૪', જે એ જ દિવસે રિલીઝ થવાની હતી, તે હવે ૧૭ જુલાઈ સુધી મોકૂફ રાખવામાં આવી છે. ૩ જુલાઈએ કોઈ મોટી ફિલ્મ રિલીઝ ન હોવાથી




નિર્માતા આદિત્ય ચોપરાને લાગ્યું કે 'આલ્ફા'ને થિયેટરમાં લાવવા માટે આ યોગ્ય સમય છે.''

એક ટ્રેડ એક્સપર્ટે જણાવ્યું, ''ક્રિસ્ટોફર નોલાનની 'ધ ઓડિસી' પણ ૧૭ જુલાઈએ 'ધમાલ ૪' સાથે રિલીઝ થઈ રહી છે. પરિણામે 'આલ્ફા'ને બોક્સ ઑફિસ પર બે અઠવાડિયાનો ખુલ્લો સમય મળશે, ખાસ તો, ૧૦ જુલાઈએ કોઈ બોલિવૂડ ફિલ્મ રિલીઝ થવાની નથી.''

'આલ્ફા' યશરાજ ફિલ્મ્સ સ્પાય યુનિવર્સની આગામી ફિલ્મ છે. આલિયા ભટ્ટ અને શર્વરી ઉપરાંત ફિલ્મમાં બોબી દેઓલ અને અનિલ કપૂર પણ મહત્વના રોલમાં છે.

## વરૂણ ધવનની ફિલ્મમાં 'ચુનરી' ગીતનો ઉપયોગ કરાતા હોબાળો, મેકર્સ પર ૪૦૦ કરોડનો કેસ

(એજન્સી દ્વારા)

મુંબઈ : બોલિવૂડ એક્ટર વરૂણ ધવનની આગામી ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'ને લઈને ટેન્શન વધી ગયું છે. આગામી ૫ જૂનના રોજ આ ફિલ્મ સિનેમાઘરોમાં દસ્તક આપવા માટે તૈયાર છે, પરંતુ તે પહેલા જ ડિરેક્ટર ડેવિડ ધવન અને 'ટિપ્સ' મ્યુઝિક કંપની માટે મોટી મુશ્કેલીઓ ઊભી થઈ ગઈ છે. જાણીતા પ્રોડ્યુસર વાસુ ભગનાનીએ ફિલ્મના મેકર્સ વિરુદ્ધ ૪૦૦ કરોડનો અધધધ કાયદાકીય કેસ ઠોકી દીધો છે. વરૂણ ધવન અને તેના પિતા ડેવિડ ધવન હાલમાં આ ફિલ્મનું જોરશોરથી પ્રમોશન કરી રહ્યા છે. તાજેતરમાં જ આ ફિલ્મનું ગીત 'ચુનરી



ચુનરી' રિલીઝ થયું હતું, જે બોલિવૂડના જૂના આઈકોનિક ગીતનું રિમેક છે. આ ગીત બહાર આવતાની સાથે જ પ્રોડ્યુસર વાસુ ભગનાની અને ફિલ્મના મેકર્સ વચ્ચે વિવાદ શરૂ થઈ ગયો હતો. હવે આ મામલે નવો અને મોટો વળાંક આવ્યો છે. વાસુ ભગનાનીની કંપની 'પૂજા એન્ટરટેઈનમેન્ટ લિમિટેડ'એ બોમ્બે હાઈકોર્ટમાં ટિપ્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, રમેશ તૌરાની, કુમાર એસ. તૌરાની અને ડેવિડ ધવન વિરુદ્ધ કેસ ફાઈલ કરીને મોટો ઝટકો આપ્યો છે.




# ભારતીય હવાઈ મુસાફરો માટે કપરા દિવસોના એંધાણ

## એરલાઈન્સ કંપનીઓ ૨૫૦ દૈનિક ફ્લાઈટ્સ રદ કરશે : ટિકિટના ભાવમાં ધરખમ વધારો થવાની શક્યતા : ઈંધણના આસમાને પહોંચેલા ભાવ અને ભૂ-રાજકીય તણાવને કારણે એરલાઈન્સ કંપનીઓ હવે અસ્તિત્વ ટકાવી રાખવાની કરી રહી છે મથામણ

નવી દિલ્હી : ભારતના ઉડ્ડયન ક્ષેત્ર માટે અત્યારે ખૂબ જ મુશ્કેલ સમય ચાલી રહ્યો છે. જે રીતે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક સ્તરે ઈંધણના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે અને હવાઈ મુસાફરીની માંગમાં નરમાઈ જોવા મળી રહી છે, તેના કારણે એરલાઈન્સ કંપનીઓ હવે વિસ્તરણના બદલે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે મજબૂર બની છે.

પરિસ્થિતિ એટલી ગંભીર છે કે એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ અને ઈન્ડિગો જેવી દિગ્ગજ કંપનીઓ જૂન મહિનાથી દરરોજ લગભગ ૨૫૦ જેટલી આંતરિક ફ્લાઈટ્સ રદ કરવાની તૈયારી કરી રહી છે.

ઉડ્ડયન ક્ષેત્રના નિષ્ણાતોના મતે, આ નિર્ણયને કારણે હવાઈ મુસાફરો પર સીધી અસર પડશે. મેટ્રો શહેરો વચ્ચેની મુસાફરીમાં ભાડામાં ૧૦ થી ૨૦ ટકાનો વધારો થઈ શકે છે, જ્યારે ટિયર-૨ શહેરોના રૂટ પર ભાડામાં ૨૦થી ૪૦ ટકા સુધીનો વધારો જોવા મળી શકે છે. ખાસ કરીને છેલ્લી ઘડીએ ટિકિટ બુક કરાવનારા મુસાફરોએ ૫૦ થી ૮૦ ટકા સુધી વધુ ભાડું ચૂકવવું પડે તેવી આશંકા છે. નિષ્ણાત અજય જસરાના જણાવ્યા અનુસાર, નાગપુર, ઈન્દોર, રાયપુર, રાંચી, સુરત, વડોદરા, કોઈમ્બતુર અને વિશાખાપટ્ટનમ જેવા શહેરોને જોડતી ફ્લાઈટ્સ સૌથી વધુ પ્રભાવિત થશે, કારણ કે આ રૂટ પર મુસાફરોની સંખ્યા મર્યાદિત હોય છે અને તે કિંમત પ્રત્યે સંવેદનશીલ હોય છે.

આ ફ્લાઈટ કપાત પાછળનું મુખ્ય કારણ એવિએશન ટર્બાઈન ફ્યુઅલના ભાવમાં થયેલો આશરે ૨૫ ટકાનો વધારો છે. આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ માટે તો આ ખર્ચમાં ૧૦૦ ટકા જેટલો ધરખમ વધારો થયો છે, કારણ કે સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાંથી વિમાનોને ડાયવર્ટ કરવા પડે છે અને એરસ્પેસમાં અવરોધોને કારણે લાંબા અંતર કાપવા પડે છે.

એર ઈન્ડિયા તેના આંતરિક સંચાલનમાં ૨૨ ટકા જેટલો ઘટાડો કરવાનું આયોજન કરી રહ્યું છે, જેનો અર્થ છે કે દરરોજ લગભગ ૧૧૦ ફ્લાઈટ્સ ઓછી થશે. તેવી જ રીતે, ઈન્ડિગો તેની ક્ષમતામાં ૫ ટકા અને એર ઈન્ડિયા એક્સપ્રેસ ૧૦ ટકાનો ઘટાડો કરશે.

નિષ્ણાત સંજય લાઝરના મતે, આ મંદી ઘણા મહિનાઓ પહેલા જ નિશ્ચિત હતી. તેમણે જણાવ્યું હતું કે જ્યાં સુધી પશ્ચિમ એશિયામાં યુદ્ધ જેવી સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી ઉડ્ડયન ક્ષેત્ર માટે આ કપરો કાળ ચાલુ રહી શકે છે. એરલાઈન્સ અત્યારે માત્ર પોતાની રોકડ જાળવી રાખવા અને ઓપરેટિંગ માર્જિનને બચાવવા માટે 'સર્વાઈવલ મોડ'માં કામ કરી રહી છે. માત્ર આંતરિક જ નહીં, પરંતુ એર ઈન્ડિયાએ દિલ્હી-શિકાગો, દિલ્હી-શાંઘાઈ, ચેન્નાઈ-સિંગાપોર અને મુંબઈ-ઢાકા જેવી અનેક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પણ કાં તો સ્થગિત કરી છે અથવા તેની આવૃત્તિ ઘટાડી દીધી છે. જો ભૂ-રાજકીય તણાવમાં ઘટાડો નહીં થાય, તો આગામી મહિનાઓમાં મુસાફરોએ ઓછી પસંદગી અને મોંઘા ભાડા સાથે મુસાફરી કરવા માટે માનસિક રીતે તૈયાર રહેવું પડશે.

# સાંસદ ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટે જમાવ્યો અનેરો રંગ





ભુજ - કચ્છઉદય : શહેરના જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે કચ્છ લોકસભા તેમજ સમાજ નવનિર્માણ ટ્રસ્ટ દ્વારા ઓપન ડે-નાઈટ સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૪ના ૨૫માં દિવસે જ્યુબિલી ગાઉન્ડ અને ૨૩માં દિવસે મીરઝાપર ખાતે મેચો રમાઈ રહી હતી. કચ્છ સાંસદે જણાવ્યું હતું કે, ખેલાડીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે અને ખેલ રસિકો ઉપસ્થિત રહી તેમને પ્રોત્સાહન આપી રહ્યા છે. દરરોજ જિલ્લાના જનપ્રતિનિધિઓ, અધિકારી વર્ગ, શુભેચ્છકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. ૪૦૦થી વધુ ટીમોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. કચ્છ - મોરબી માળીયાની ટીમો આ સ્પર્ધાત્મક ક્રિકેટ મેચમાં ભાગ લઈ રહી છે.

આ સાથે ૨૫મા દિવસની જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે રમાતી ક્રિકેટ મેચમાં પ્રથમ મેચ "જામલકૃપા ઈલેવન" અને "રેયાન્સ બંગલો ઈલેવન" વચ્ચે રમાઈ હતી, જેમાં "રેયાન્સ બંગલો ઈલેવન" ની ટીમ વિજેતા થઈ હતી. બીજી મેચ "સાહિલવા ઈલેવન" અને "રોયલ એકેડમી ઈલેવન" વચ્ચે રમાઈ હતી, જેમાં સાહિલવા ઈલેવન ટીમ વિજેતા થઈ હતી. ત્રીજી મેચ "સુમિત ઈલેવન" અને "મહાવીરનગર ઈલેવન" વચ્ચે રમાઈ હતી, જેમાં "મહાવીરનગર ઈલેવન" ની જીત થઈ હતી. ચોથી મેચ "જય ગોગા એ ઈલેવન" અને "નુર નોડે ઈલેવન" વચ્ચે રમાઈ હતી, જેમાં "જય ગોગા એ ઈલેવન" ની જીત થઈ હતી. પાંચમી મેચ "જલીયાણ બી ઈલેવન" અને "ફેન્સ ઈલેવન સુથરી" વચ્ચે રમાઈ હતી, જેમાં "જલીયાણ બી ઈલેવન"ની ટીમ વિજેતા થઈ હતી. છઠ્ઠી મેચ જલીયાણ એ ઈલેવન અને સાક્ષી ઈલેવન ભુજ વચ્ચે રમાઈ હતી, જેમાં સાક્ષી ઈલેવન ભુજની ટીમ વિજેતા થઈ હતી. કચ્છ લોકસભા ઓપન ડે-નાઈટ સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૪માં મેચ વ્યવસ્થા કુલદીપસિંહ જાડેજા દ્વારા કરવામાં આવે છે. આ મેચો દરમ્યાન ખેલાડીઓને જુરી કમિટીના સભ્યો હાજર રહી પ્રોત્સાહન આપતા રહે છે.

# કચ્છમાં ૧૮ જૂનથી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ

## આંગણવાડીથી ધોરણ ૧૨ સુધીના બાળકોના પ્રવેશ માટે શિક્ષણ તંત્ર સજ્જ : જિલ્લાની વિવિધ શાળાઓમાં ત્રણ દિવસીય ઉત્સવની તૈયારીઓનો ધમધમાટ : ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા અને શિક્ષણનું સ્તર સુધારવા પર વિશેષ ભાર

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં આગામી ૧૮ જૂનથી ત્રણ દિવસ માટે રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી આ મહત્વકાંક્ષી ઝુંબેશ અંતર્ગત જિલ્લામાં બાલવાટિકા અને ધોરણ ૧ માં પ્રવેશ પામનાર હજારો નવયુવાન વિદ્યાર્થીઓના સ્વાગત માટે તંત્ર દ્વારા સઘન આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાની સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ઉપરાંત જ્ઞાનશક્તિ અને રક્ષાશક્તિ રેસિડેન્શિયલ શાળાઓમાં પણ આ મહોત્સવની ભવ્ય ઉજવણી થશે. શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા ઓનલાઈન બેઠકો યોજીને વિદ્યાર્થીઓની નોંધણી, મહેમાનોની યાદી, વાલીઓની હાજરી અને રૂટના આયોજનને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. આ વખતે પ્રાથમિક સાથે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પર પણ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જે ગામડાઓમાં ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ઉપલબ્ધ નથી, ત્યાં માધ્યમિકની બે શાળાઓ અથવા એક માધ્યમિક અને બે પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરી રૂટ નક્કી કરવામાં આવશે, જેથી ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણની જ્યોત પ્રજ્વલિત રહે.

દરમિયાન, રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષણ મંત્રી સમક્ષ એક મહત્વની રજૂઆત કરવામાં આવી છે, જેમાં ખાસ કરીને કચ્છ જેવા સરહદી અને આર્થિક રીતે પછાત વિસ્તારોમાં જોવા મળતા ડ્રોપ આઉટ રેશિયો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. પ્રવેશોત્સવ દરમિયાન શાળાઓમાં સો ટકા નામાંકન થઈ જાય છે, પરંતુ ત્યારબાદ ધોરણ ૬ અને ધોરણ ૯ માં ભણતા વિદ્યાર્થીઓ ગરીબી, પારિવારિક આર્થિક તંગી, ઘરકામ અને મજૂરીકામની મજબૂરીને કારણે અભ્યાસ અધવચ્ચે છોડી દેતા હોવાનું સામે આવ્યું છે. આ સમસ્યાના ઉકેલ માટે માત્ર પ્રવેશ જ નહીં, પરંતુ બાળકો શાળામાં સતત ટકી રહે તે માટે વિશેષ પ્રોત્સાહક પગલાં લેવા તેમજ પરિવારની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને ગંભીરતાપૂર્વક આયોજન કરવા બાબતે શિક્ષણ જગતમાં ચર્ચા જાગી છે. કચ્છના નાગરિકો અને શિક્ષણવિદોના જણાવ્યા અનુસાર જો બાળકો શાળામાં ટકી રહેશે તો જ સાચા અર્થમાં આ પ્રવેશોત્સવની સફળતા ગણાશે.

# કચ્છમાં આરટીઈ અંતર્ગત બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયામાં ૧૮૯ વિદ્યાર્થીઓને ફાળવાઈ બેઠકો

## ૪ જૂન સુધીમાં શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા વાલીઓને સૂચના

ભુજ - કચ્છઉદય : જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજય પરમાર દ્વારા આર.ટી.ઈ. અર્થાત રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશની મહત્વપૂર્ણ વિગતો જાહેર કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા નિર્ધારિત કરાયેલ કાર્યક્રમ મુજબ પ્રથમ રાઉન્ડમાં ૨૨૬૮ વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યા બાદ, હવે ખાલી રહેલી બેઠકો માટે પ્રવેશનો બીજો રાઉન્ડ જાહેર કરવામાં આવ્યો છે. આ બીજા રાઉન્ડમાં કુલ ૧૮૯ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યા છે, જે અંગેની જાણકારી સંબંધિત વાલીઓને મેસેજ દ્વારા કરવામાં આવી છે.

પ્રવેશ મેળવવા માટેની નિર્ધારિત સમયમર્યાદા અંગે માર્ગદર્શન આપતા તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે વાલીઓએ ૪ જૂન સુધીમાં જે તે શાળામાં જઈને પોતાના પાલ્યનો પ્રવેશ નિશ્ચિત કરી લેવાનો રહેશે. આ પ્રક્રિયા માટે વાલીઓએ સૌ પ્રથમ અધિકૃત પોર્ટલ પર જવું પડશે. પોર્ટલ પરના એડમિટ કાર્ડ ટેબ પર ક્લિક કરી એપ્લિકેશન નંબર અને જન્મતારીખ દાખલ કરીને એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવાનું રહેશે. ડાઉનલોડ કરેલા પ્રવેશ પત્રની પ્રિન્ટ મેળવીને વાલીઓએ જરૂરી અસલ આધાર-પુરાવા સાથે શાળાએ રૂબરૂ હાજર રહેવાનું રહેશે.

સમયમર્યાદામાં પ્રવેશ મેળવવો અનિવાર્ય છે, કારણ કે નિર્ધારિત તારીખ બાદ પ્રવેશ રદ ગણવામાં આવશે. જે વાલીઓને આ રાઉન્ડમાં પ્રવેશ મળ્યો નથી, તેઓ ઓનલાઈન પોર્ટલ પર જઈને પોતાની અરજીની સ્થિતિ વિશે માહિતી મેળવી શકે છે. શાળા સંચાલકોને પણ સૂચના આપવામાં આવી છે કે તેઓ વાલીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા અસલ દસ્તાવેજોની ચકાસણી કરે અને ત્યારબાદ ઓનલાઈન એડમિટ બટન પર ક્લિક કરીને શાળા કક્ષાએ પ્રવેશ કન્ફર્મ કરે.

ભુજના નોડલ ઓફિસર અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નિલેશ ગોર દ્વારા જણાવાયું છે કે, પ્રવેશ પ્રક્રિયા અંગે જો કોઈ વાલી કે શાળાને મુશ્કેલી પડે, તો તેઓ હેલ્પલાઈન નંબર ૯૪૨૬૧૨૭૬૮૨ પર સંપર્ક કરી શકે છે. વાલીઓને સમય મર્યાદાનું ચુસ્તપણે પાલન કરી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

# કચ્છમાં વસ્તી ગણતરીનો ધમધમાટ : આરોગ્ય અને ગૃહ વિભાગના કર્મચારીઓ માટે ખાસ દિવસો નક્કી

## જિલ્લાના નાગરિકોને ઘરે બેઠા ફોર્મ ભરવા અનુરોધ

ભુજ - કચ્છઉદય : કચ્છ સહિત રાજ્યમાં વસ્તી ગણતરીની કામગીરીને લઈને વહીવટી તંત્ર દ્વારા વેગ આપવામાં આવ્યો છે. ગુજરાતમાં ૧૭મી મેથી શરૂ થયેલી વસ્તી ગણતરીના ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા હવે અંતિમ તબક્કામાં પહોંચી છે. આગામી ૩૧ મેના રોજ આ ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થનાર છે, ત્યારે કચ્છના નાગરિકોને નિર્ધારિત સમયમર્યાદામાં પોતાની વિગતો ઓનલાઈન પોર્ટલ અથવા ક્યુઆર કોડ સ્કેન કરીને ભરી દેવા માટે જનગણના કાર્ય નિર્દેશાલય દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. સમગ્ર રાજ્યમાં અત્યાર સુધીમાં અઢી લાખથી વધુ લોકો આ પ્રક્રિયા પૂર્ણ કરી ચૂક્યા છે, જેમાં કચ્છના લોકોનો પણ સક્રિય સહયોગ મળી રહ્યો છે.

વહીવટી સ્તરે કામગીરીને સુવ્યવસ્થિત કરવા માટે ખાસ સમયપત્રક તૈયાર કરવામાં આવ્યું છે. કચ્છ અને રાજ્યના આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓ ૨૯મી મેના રોજ ઓનલાઈન ફોર્મ ભરશે. ત્યારબાદ ૩૦મી મેના રોજ ગૃહ વિભાગના કર્મચારીઓ તથા પોલીસ વિભાગના અધિકારીઓ આ પ્રક્રિયા પૂર્ણ કરશે. આ કામગીરીમાં કોઈ પણ પ્રકારની તકનીકી મુશ્કેલી ન પડે તે માટે જનગણના કાર્ય નિર્દેશાલય દ્વારા સંપૂર્ણ સહયોગ અને માર્ગદર્શનની ખાતરી આપવામાં આવી છે. જો જરૂર પડે તો પોલીસ લાઈન જેવી જગ્યાઓએ તાલીમબદ્ધ કર્મચારીઓ રૂબરૂ જઈને કર્મચારીઓને ફોર્મ ભરવામાં મદદ કરશે.

વહીવટી તંત્રના અન્ય વિભાગોને પણ આ ઓનલાઈન પ્રક્રિયામાં સામેલ કરવા માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સૂચનાઓ આપવામાં આવી રહી છે.

કચ્છના વિવિધ વિભાગોના કર્મચારીઓ પણ આમાં સક્રિયપણે જોડાય તેવા પ્રયાસો થઈ રહ્યા છે. હાલમાં હાથ ધરવામાં આવેલી આ ઓનલાઈન વસ્તી ગણતરી માત્ર પ્રાથમિક તબક્કાની છે. આગામી ૧ જૂનથી ૩૦ જૂન સુધી જનગણનાના કર્મચારીઓ ઘરે-ઘરે જઈને વિગતો એકત્રિત કરશે. અત્યારના તબક્કે માત્ર ઘરના મોભીની અને મકાનને લગતી સામાન્ય વિગતો જ લેવામાં આવશે. લિવ-ઈનમાં રહેતી વ્યક્તિઓની હાલ કોઈ ચકાસણી કે ચર્ચા કરવામાં આવશે નહીં. વસ્તી ગણતરીના બીજા તબક્કાની કામગીરી ફેબ્રુઆરી ૨૦૨૭માં શરૂ થશે, જેમાં વધુ ઝીણવટભરી માહિતી એકત્ર કરવામાં આવશે.

# બોર્ડની પરીક્ષામાં એ-૧ ગ્રેડ મેળવનાર નાગર જ્ઞાતિના બાળકોનું સન્માન કરાયું



ભુજ - કચ્છઉદય : હાટકેશ સેવા મંડળ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં એ-૧ ગ્રેડ મેળવનાર નાગર અને નાગર બ્રાહ્મણ જ્ઞાતિના બાળકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. ધોરણ ૧૦માં દેવાંશી આદિત્યભાઈ વોરા, હીર જીગરભાઈ શુકલ, અક્ષ ધૈર્ય છાયા, ઉદિશ ઓજસભાઈ વોરા, સ્ત્રોત ઋત્વિકભાઈ અંજારિયા, ઈવા હાર્દિકભાઈ ધોળકિયા, દિયા રક્ષેશભાઈ અંજારિયા, કાવ્યાંશી નીરવભાઈ હાથી અને ધોરણ-૧૨માં ખુશ લયભાઈ અંતાણી, અદીતિ રાકેશભાઈ વોરા, વ્યોમ દુષ્યંતભાઈ વોરાનું ભુજના નગરપતિ શીતલભાઈ શાહ અને તેમના સહયોગીઓ, એડવોકેટ શંકરભાઈ સચદે, હાટકેશ જનના તંત્રી અવિનાશભાઈ વૈદ્ય સાથે ઉપસ્થિત અગ્રણીઓ, વડિલોના હસ્તે પારિતોષિક, ગીતાજીનું પુસ્તક અને રોકડ પુરસ્કાર સાથે સન્માન કરવામાં આવ્યું હતું. મંડળના પ્રમુખ વિભાકરભાઈ અંતાણી, જયશ્રીબેન હાથી, વારિષભાઈ પટ્ટણી અને સહકાર્યકરોએ આયોજનને સફળ બનાવ્યું હતું.

# પ્રકૃતિ અને પક્ષી સંરક્ષણમાં કચ્છનું નામ રોશન કરનાર જુગલ તિવારી સન્માનિત

ભુજ - કચ્છ ઉદય : કચ્છમાં પક્ષી સંરક્ષણ અને પ્રકૃતિ જાગૃતિ ક્ષેત્રે વર્ષોથી નિષ્ઠાપૂર્વક કાર્યરત જાણીતા પક્ષીવિદ્ જુગલકિશોર તિવારીનું બર્ડ કન્ઝર્વેશન સોસાયટી, ગુજરાત દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. અમદાવાદ સ્થિત નવજીવન ટ્રસ્ટના જિતેન્દ્ર દેસાઈ હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં તેમના પર્યાવરણલક્ષી યોગદાનની કદરરૂપે સન્માનપત્ર, સ્મૃતિચિહ્ન તેમજ રૂા. ૫૧ હજારની પ્રોત્સાહક રકમ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિશેષ મહેમાન તરીકે ભરત પાઠક, પ્રો. વી.સી. સોની તથા પ્રવીણસિંહ વિહોલ હાજર રહ્યા હતા. આપવામાં આવેલી રકમમાંથી રૂા. ૧૧ હજારનો પુરસ્કાર અને રૂા. ૪૦ હજારની ગ્રાન્ટ "સેન્ટર ફોર ડેઝર્ટ એન્ડ ઓશન" દ્વારા સ્થાનિક બાળકો માટે પ્રકૃતિ શિક્ષણ શિબિર અને ૧૦૦ વૃક્ષોના ઉછેર માટે ફાળવવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ ડો. બકુલ ત્રિવેદીએ જુગલ તિવારીના જીવનપ્રવાસ અને તેમના પ્રકૃતિપ્રેમી કાર્યોનો પરિચય આપતા જણાવ્યું હતું કે, તેમણે કચ્છમાં નેચર ટુરિઝમ અને નેચર એજ્યુકેશનને નવી ઓળખ અપાવી છે. સ્થાનિક વૃક્ષોનું વ્યાપક વાવેતર, બન્ની ગ્રાસલેન્ડમાં સફાઈ અભિયાન અને શાળાઓમાં એરોપ્લાન્ટ વાવેતર જેવી પ્રવૃત્તિઓ દ્વારા તેઓ સતત પર્યાવરણ જાગૃતિ ફેલાવી રહ્યા છે. જુગલભાઈએ પોતાના સંબોધનમાં પક્ષી અને પ્રકૃતિ સંરક્ષણ માટે સ્થાનિક સમાજની ભાગીદારી જરૂરી હોવાનું જણાવ્યું હતું. તેમણે કાબરી રામચકલી અને સફેદ નેપ્થ ટીટ જેવા પક્ષીઓ પર વિશેષ અભ્યાસ કર્યો છે.

# નરા ગૌશાળા ખાતે અદ્યતન ગૌઘરનું લોકાર્પણ

ભુજ : લખપત તાલુકાના નરા વોણાર હાજીપીર રોડ સ્થિત શ્રી મા ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ગૌશાળા, જીવદયા કેન્દ્ર તથા ગૌ મુક્તિધામમાં નવનિર્મિત અદ્યતન ગૌ ચિકિત્સા સુવિધાઓથી સજ્જ ગૌઘરનું ભવ્ય લોકાર્પણ સમારોહ રવિવાર, તા. ૩૧ મેના રોજ બપોરે ૧૨:૪૫ કલાકે યોજાવાનો છે.

આ પ્રસંગે ધાર્મિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો, સંતો અને સેવાભાવી સંસ્થાઓના આગેવાનોની ઉપસ્થિતિ રહેશે. કાર્યક્રમમાં મહામંડલેશ્વર શાંતિદાસજી મહારાજ (મહંત રવિભાણ આશ્રમ-વિરાણી), આઈશ્રી ચંદુમા (અંબેધામ, ગઢશીશા), મહંત દિગંબર અશોકભારતીજી (શિવગુફા, ગુનેરી), મહંત ત્રિકમદાસજી મહારાજ (સચ્ચિદાનંદ આશ્રમ, અંજાર), વિશાલ કૃષ્ણ શાસ્ત્રી (ભાગવતાચાર્ય, ના. સરોવર), રાજાબાવા યોગેન્દ્રસિંહ (અધ્યક્ષ, માતાના મઢ જાગીર ટ્રસ્ટ), સોનલલાલજી મહારાજ (અધ્યક્ષ, ના. સરોવર જાગીર ટ્રસ્ટ), મહંત દિનેશગિરિજી (કોટેશ્વર જાગીર ટ્રસ્ટ), રાજનગિરિ (ઉગમસિંહ ભાટી ધૂણા), ચેતનસિંહ તુંવર (ખાનાય જાગીર) સહિત અનેક સંતો હાજરી આપશે. સાથે જ રાજકીય આગેવાનોમાં ત્રિકમભાઈ છાંગા (શિક્ષણમંત્રી), વિનોદભાઈ ચાવડા (સાંસદ), પ્રદ્યુમનસિંહ જાડેજા (ધારાસભ્ય, અબડાસા), રાજુભાઈ સરદાર (અગ્રણી, નરા) તેમજ નવનિર્વાચિત જિલ્લા અને તાલુકા સ્તરના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહેશે. ગૌસેવા, જીવદયા અને પશુચિકિત્સા ક્ષેત્રે આધુનિક સુવિધાઓ પૂરું પાડતા આ ગૌઘરનું લોકાર્પણ સ્થાનિક સ્તરે ધાર્મિક શ્રદ્ધા અને સામાજિક સેવા ભાવનાને વધુ મજબૂત બનાવશે.

# ડુમરામાં ગટર લાઈનની સમસ્યાથી લોકો પરેશાન



ડુમરા - કચ્છઉદય : અબડાસા તાલુકાના ડુમરા ગામમાં ગટરલાઈનોની સમસ્યાથી લોકો પરેશાન થઈ રહ્યા છે. આ મુદ્દે ગ્રામ પંચાયત પણ દાદ આપતી ન હોવાથી ગ્રામજનો ગટર લાઈનના દુષિત પાણીથી હેરાન - પરેશાન થઈ રહ્યા છે. ડુમરા ગામના અનેક વિસ્તારોમાં ગટર વ્યવસ્થા તો ઉભી કરવામાં આવી છે, પરંતુ ગટર લાઈનની જે પ્રમાણે સુચારૂ ઢબે વ્યવસ્થા કરવી જોઈએ તે વ્યવસ્થા કરવામાં ખુદ ગ્રામ પંચાયત જ ઉણી ઉતરી છે.

સરપંચ - તલાટીને ગટર સમસ્યા સંદર્ભે અનેકવાર રજૂઆત કરવા છતાં તેમના તરફથી સંતોષકારક જવાબ આપવામાં આવતો નથી. ગામના કેટલાક વિસ્તારમાં સતત દુષિત પાણી શેરીઓમાં વહે છે, જેના લીધે રોગચાળો ફાટી નીકળવાની પણ સંભાવના છે. અધિક માસ ચાલતો હોવાથી ગામની માતા-બહેનોને પણ દુષિત પાણીમાંથી જ પસાર થઈને મંદિરે જવું પડે છે. અમુક ગટર લાઈનોનું પાણી ગામના મુખ્ય તળાવમાં જાય છે, જેના લીધે તળાવનું પાણી દુષિત થઈ ગયું છે. મફતનગરના પારાધીવાસની સામેની ગટર લાઈનની સમસ્યા છેલ્લા ચાર-પાંચ વર્ષથી એમની એમ જ સ્થિતિમાં છે. જેનું દુષિત પાણી ગામના મુખ્ય તળાવમાં જાય છે. આના કારણે ગામમાં વિવિધ રોગચાળો ફાટી નીકળવાની સંભાવના છે. જેની જવાબદારી કોણે લેશે ? સત્વરે ગામની ગટર લાઈનની સમસ્યાનું નિરાકરણ કરવામાં આવે તેવી માંગ સોઢા દર્શન પ્રદિપભાઈ, સોઢા પ્રદિપ હરિરામભાઈ, ઉપાધ્યાય રાજેશ વેલજીભાઈ, ગઢવી અરવિંદ વીરાભાઈ, ગઢવી જીતેશ ભોજરાજ, સોઢા રાજ પ્રવિણભાઈ, ડુડિયા વિનીત પ્રેમજીભાઈ, ડુડિયા વિશાલ પ્રેમજીભાઈ, ચૌહાણ કિશોર ભાણજીભાઈ અને રાજગોર ધવલ સતીષભાઈ સહિતના ગ્રામજનો દ્વારા કરાઈ છે.

# વિકલાંગ ખેડૂતે આત્મવિલોપનની ચીમકી આપતા કચ્છમાં ચકચાર

ભુજ - કચ્છઉદય : રાપર તાલુકાના વ્રજવાણી ગામમાં વિવાદ સર્જાયો હોવાનું સામે આવ્યું છે. એક વિકલાંગ ખેડૂતે આરોપ લગાવ્યો છે કે તેની જમીનમાં બળજબરીપૂર્વક કામ કરવામાં આવી રહ્યું છે અને તેની રજૂઆતો છતાં યોગ્ય ન્યાય મળ્યો નથી.ખેડૂતે સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ કરી આત્મવિલોપનની ચીમકી આપતા સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

ખેડૂતના જણાવ્યા અનુસાર, તેણે વીજ લાઈન અને ટાવર અંગે વાંધા અરજી કરી હતી, પરંતુ તેની યોગ્ય સુનાવણી અને નિકાલ કર્યા વગર કચ્છ કલેક્ટર દ્વારા કામ શરૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો હોવાનું તે કહી રહ્યો છે.

આક્ષેપ મુજબ કંપનીના કર્મચારીઓ પોલીસ પ્રોટેક્શન સાથે ખેતરમાં પ્રવેશી કામગીરી કરી રહ્યા છે. ઘટનાને લઈને સ્થાનિક ખેડૂતોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે એક મહત્વનો પ્રશ્ન ઉભો થયો છે કે જો એક વિકલાંગ ખેડૂતની રજૂઆત સાંભળવામાં નહીં આવે તો સામાન્ય નાગરિક અને ખેડૂતોને ન્યાય કેવી રીતે મળશે. હાલ સમગ્ર ઘટનાને લઈને સ્થાનિક પ્રશાસન તથા કંપની તરફથી સત્તાવાર પ્રતિસાદની રાહ જોવામાં આવી રહી છે.

### ન કરીએ વ્યસન

દારૂ, તમાકુ, ગુટખા, સિગારટ,
સ્વાસ્થ્ય કરે ધીમેથી બિમાર,
વ્યસન છે બરબાદીનું જશન,
ક્યારેય પણ ન કરીએ વ્યસન...
નાનાં વ્યસનની ખરાબ કુટેવ,
પ્રસરાવે શરીરમાં મશમોટું ઝેર,
વ્યસન છે જીવલેણ રોગનું ઘર,
ક્યારેય પણ ન કરીએ વ્યસન..
મહેનતના રૂપિયા વેડફે વ્યસન,
બરબાદ કરે તન,મન અને ધન,
વ્યસન તો છે જીવનનો અંધકાર,
ક્યારેય પણ ન કરીએ વ્યસન...
વ્યસન લૂંટે પરિવારનું સુખચેન,
કુટુંબમાં કરાવે ઝઘડોને કંકાસ,
વ્યસન તો છે પરિવારનો દુશ્મન,
ક્યારેય પણ ન કરીએ વ્યસન...
ગામે ગામમાં ફેલાવીએ સંદેશો,
વ્યસન મુક્ત બનાવીએ હર ઘર,
'નિશુ' કે આજથી લઈએ વચન,
ક્યારેય પણ ન કરીએ વ્યસન...

**- નિશા ભરતભાઈ ઠાકર 'નિશુ' ભુજ**

### સાંસદ ક્રિકેટ મહિલા ટૂર્નામેન્ટ માટે રજીસ્ટ્રેશન કરાવી શકાશે

ભુજ - કચ્છઉદય : કચ્છ લોકસભા ઓપન ડે-નાઈટ 'સાંસદ ક્રિકેટ મહિલા ટુર્નામેન્ટ સિઝન-૪' નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઈચ્છુક ટીમે વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવવાની છેલ્લી તા. ૨-૬ છે. ટુર્નામેન્ટ પ્રારંભ તા. ૫-૬ના થશે તેવું યાદીમાં જણાવ્યું છે.

# ગંગાજી ખાતે અધિક માસના જપયજ્ઞથી ગુંજ્યું હરિનામ સ્મરણ

ગઢશીશા - કચ્છ ઉદય : રામપર-વેકરા સ્થિત પવિત્ર ગંગાજી તીર્થ ખાતે ચાલી રહેલા અધિક માસના જપયજ્ઞને લઈ સમગ્ર વિસ્તાર હરિનામની ધૂનથી ગુંજી ઉઠ્યો છે. હરિતપોવન ગુરુકુળમાં આયોજિત આ ધાર્મિક મહોત્સવમાં કચ્છભરના સત્સંગીઓ મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે. આ અવસરે જાણીતા ગૌવક્તા અને ગૌવિજ્ઞાની ડો. હિતેશ જાનીએ દેશની ઘટતી ગૌસંપત્તિ અંગે ચિંતા વ્યક્ત કરી "ઘર-ઘર ગાય હોવી જોઈએ" એવો સંદેશ આપ્યો હતો.

ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત પુરાણી ધર્મનંદનદાસજી, ઉપમહંત પુરાણી ભગવદ્જીવન સ્વામી, પાર્ષદવર્ય જાદવજી ભગત તથા કોઠારી દેવપ્રકાશ સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી હરિતપોવન ગુરુકુળ ખાતે અધિક માસ નિમિત્તે જપયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૭ મેથી શરૂ થયેલો આ જપયજ્ઞ તા. ૧૫ જૂન સુધી ચાલુ રહેશે. વાત્સલ્યમૂર્તિ ઘનશ્યામજીવન સ્વામી, નારાયણસેવક સ્વામી, ધર્મપ્રસાદ સ્વામી અને કૃષ્ણપ્રસાદ સ્વામીની પવિત્ર સ્મૃતિમાં યોજાયેલા આ યજ્ઞનું સંચાલન શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીની આગેવાની હેઠળ મંડળધારી સંતો કરી રહ્યા છે.

ભગવાન સ્વામિનારાયણના પ્રસાદી તીર્થ ગણાતા ગંગાજી ખાતે સમગ્ર ચોવીસી ઉપરાંત દુધઈ, રાપર, સેલારી, અબડાસા સહિતના વિસ્તારોમાંથી હરિભક્તો અને સત્સંગીઓ ઉમટી રહ્યા છે. બુધવારે એકાદશી નિમિત્તે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં ડો. હિતેશ જાનીએ જણાવ્યું હતું કે, "આઝાદીના સમયમાં દેશમાં આશરે ૯૦ કરોડ ગાયો હતી, જ્યારે આજે આ સંખ્યા નોંધપાત્ર રીતે ઘટી ગઈ છે. ગૌસેવા અને ગૌરક્ષણ માટે સમાજે ફરીથી જાગૃત થવાની જરૂર છે."

કાર્યક્રમ દરમિયાન રામપર અને વેકરા સ્વામિનારાયણ મંદિરના પ્રમુખશ્રીઓ, ટ્રસ્ટી મંડળ તથા આગેવાનોની ઉપસ્થિતિમાં કચ્છ સત્સંગ ઉદ્ધારક મહામુક્ત ધનબાઈ ફઈનું વિશેષ સ્મરણ કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્ત ભાઈ-બહેનો અખંડ હરિનામ સ્મરણમાં જોડાયા હતા. સંતો અને ભક્તો દ્વારા વિવિધ લય-તાલ સાથે ગવાતી ધૂનોથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. મંડળધારી વિશ્વવલ્લભ સ્વામી, સંગીતકાર શ્રીજીનંદન સ્વામી સહિતના સંતોએ સેવાભાવી વ્યક્તિઓને યજ્ઞની પવિત્ર મુદ્રા અર્પણ કરી હતી. ગૌસેવક મેઘજીભાઈ હીરાણીની સેવાઓની પણ નોંધ લેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, અધિક માસ દરમિયાન મુંદરા, ભુજ સહિત ગામેગામ મહામંત્રની ધૂનથી મંદિરો અને સત્સંગ મંડળો ગાજી રહ્યા છે.

શ્રી ગણેશાય નમઃ　　શ્રી મહાવીરાય નમઃ　　શ્રી ચામુંડાયૈ નમઃ

સફળતાના શિખર તરફ એક નવા સોપાનનું

નવ સંસ્કરણ

મે 31 રવિવાર સવારે ૧૦:૧૫

'મહાવીર કોર્નર બિલ્ડીંગ' , પ્લોટ નં. ૧, મિસ્ત્રી કોલોની, પોલીસ ક્વાટર્સ પાછળ, નયા અંજાર (કચ્છ).




પરમ કૃપાળુ ખેતરપાળદાદાની અસીમ કૃપા, વડીલોના આશીર્વાદ અને આપ દરેક શુભચિંતકોના સહકારથી ૨૦૦૩માં વાવેલુ વિચારબીજ **૨૩ વર્ષની વ્યાવસાયીક સફર** બાદ

**મહાવીર ડેવલોપર્સ**

અમારા કાર્યક્ષેત્રને અતિ આધુનિકતાથી સજ્જ કરી નવ પ્રસ્થાન કરી રહ્યા છીએ. આ ૨૩ વર્ષની સુખદ યાત્રામાં અમારી મહેનત અને પ્રમાણીકતાની સાથે આપ સર્વેનો વિશ્વાસ, પ્રેમ અને શુભકામનાઓની વિશેષ ભૂમિકા રહેલ છે. નવસંસ્કરણના મંગલ અવસરે અમે આપ સર્વેનો **અંતઃકરણ પૂર્વક આભાર વ્યકત કરીએ છીએ.**

-: ભવદીય :-

**દોશી રીટાબેન રમણીકલાલ લક્ષ્મીચંદભાઈ પરિવાર**

આનંદ આર. દોશી | જીજ્ઞેશ આર. દોશી | નેન્સી જે. દોશી

**મહાવીર ડેવલોપર્સ**

અંજાર - ગાંધીધામ

**અમારા પરિવારના સ્વજનોની યાદમાં ચાલતી સેવા પ્રવૃત્તિ**


સ્વ. લક્ષ્મીચંદ પાનાચંદ દોશી


સ્વ. રમણીકલાલ લક્ષ્મીચંદ દોશી


સ્વ. કેસરબેન લક્ષ્મીચંદ દોશી

**શ્રી રમણીક રાજા ચેરીટેબલ ટ્રસ્ટ**




**શ્રી મહાવીર ભોજનાલય**

કોઈપણ વ્યકિતને ફકત રૂા. ૧૦માં શુધ્ધ, સાત્વીક ભરપેટ જૈન ભોજન

**શ્રી મહાવીર સારવાર કેન્દ્ર**

બિમાર વ્યકિતની ફકત રૂા. ૧૦માં નિદાન તથા દવા પણ આપવામાં આવે છે

'માતૃ પ્રેરણા બિલ્ડીંગ' પોલીસ સ્ટેશન પાછળ, જી.ઈ.બી. ઓફીસ રોડ, અંજાર


# રાયધણપર ગામે નજીવી બાબતે બે પક્ષો વચ્ચે ઘર્ષણ, સામસામે પથ્થરમારો કરાયો

**સ્પીડમાં બાઈક હંકારવા અને સામે જોવા જેવી નજીવી બાબતે મામલો બિચક્યો : આખી રાત ધમાસાણ બાદ અંતે પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ આવી : ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો**



## બંને સમાજના આગેવાનો મધ્યસ્થી બની યુવાનોને આપે સમજણ

**રાયધણપરની ઘટના બાદ કોમી એકતા જળવાઈ રહે તે સમયની સૌથી મોટી જરૂરિયાત**

**કાયદાકીય કાર્યવાહીમાં પોલીસને સહયોગ આપવા અપીલ**

**ઘટનાને વધુ તુલ આપવાના બદલે હવે તેને શાંતિ, સમજણ અને ભાઈચારાના માર્ગે ઉકેલવાનો સમય આવી ગયો છે**

**આ પ્રક્રિયામાં સૌએ સહયોગ આપવો જોઈએ. કારણ કે નાની બાબતોમાં મનભેદ અને દ્વેષના બીજ વાવવામાં આવે તો તેનો સૌથી મોટો ભોગ આવનારી પેઢી બને છે. યુવાનોમાં ભાઈચારા અને પરસ્પર સન્માનની ભાવના જળવાઈ રહે તે સમાજના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય છે**

**આજનો સમય સંદેશ આપે છે કે "મઝહબ નહીં શીખવતો આપસમાં બેર રાખવું". કચ્છની ઓળખ કોમી એકતા, સહિષ્ણુતા અને ભાઈચારાથી છે અને આ ઓળખને જાળવી રાખવાની જવાબદારી દરેક કચ્છવાસીની છે**

**કચ્છના વિકાસ પર પણ પડી શકે છે આડઅસર : જયાં સંપ-ભાઈચારો મજબુત હોય ત્યાં જ વિકાસ થાય છે : ઉદ્યોગો શાંતી-સંપ હશે ત્યાં જ વધુને વધુ આવશ : જો ઉદ્યોગો મોઢું ફેરવે તો અવનારી પેઢીને જ નુકસાન થશે**

ભુજ તાલુકાના રાયધણપર ગામે નજીવી બાબતે બે પક્ષો વચ્ચે થયેલી અથડામણ અને પથ્થરમારાની ઘટનાએ સમગ્ર કચ્છનું ધ્યાન ખેંચ્યું છે. જોકે આ ઘટનાને વધુ તુલ આપવાના બદલે હવે તેને શાંતિ, સમજણ અને ભાઈચારાના માર્ગે ઉકેલવાનો સમય આવી ગયો છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસ તંત્ર પોતાની ફરજ બજાવી રહ્યું છે, પરંતુ સામાજિક સ્તરે પણ બંને સમાજના આગેવાનો અને જવાબદાર નાગરિકોની ભૂમિકા એટલી જ મહત્વની બની રહે છે.

કચ્છ માત્ર ગુજરાત કે ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં કોમી એકતા અને ભાઈચારાના પ્રતીક તરીકે ઓળખાય છે. દેશના અન્ય વિસ્તારોમાં ક્યારેક કોમી તણાવના બનાવો બનતા રહ્યા છે, પરંતુ કચ્છે હંમેશા સંયમ, સમજદારી અને પરસ્પર વિશ્વાસનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. અહીં હિન્દુ અને મુસ્લિમ બિરાદરો વર્ષોથી દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે. સુખ હોય કે દુઃખ, તહેવાર હોય કે સામાજિક પ્રસંગ, બંને સમાજના લોકો ખભેખભા મિલાવીને સાથે ઉભા રહેતા આવ્યા છે.

રાયધણપરમાં બનેલી ઘટના શરૂઆતમાં સામાન્ય તકરાર હતી, પરંતુ વાત વણસતાં તેણે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. હવે જરૂરી છે કે આ ઘટનાને વધુ વિકરાળ સ્વરૂપ ન આપવામાં આવે. બંને સમાજના આગેવાનો, વડીલો અને બુદ્ધિજીવીઓ આગળ આવી યુવાનોને સાચી દિશા બતાવે અને શાંતિ તથા સમાધાનનો માર્ગ અપનાવે. કોઈપણ પ્રકારની અફવા, ઉશ્કેરણીજનક વાતો અથવા સોશિયલ મીડિયામાં ફેલાતી ગેરમાર્ગે દોરતી માહિતીથી દૂર રહેવું પણ એટલું જ જરૂરી છે. પોલીસ તંત્ર કાયદાની દ્રષ્ટિએ પોતાની કામગીરી કરી રહ્યું છે અને જે કોઈ દોષિત હશે તેની સામે કાયદેસરની કાર્યવાહી થશે. આ પ્રક્રિયામાં સૌએ સહયોગ આપવો જોઈએ. કારણ કે નાની બાબતોમાં મનભેદ અને દ્વેષના બીજ વાવવામાં આવે તો તેનો સૌથી મોટો ભોગ આવનારી પેઢી બને છે. યુવાનોમાં ભાઈચારા અને પરસ્પર સન્માનની ભાવના જળવાઈ રહે તે સમાજના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય છે.

વર્તમાન સમયમાં દેશ અને વિશ્વ અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે. સરહદી જિલ્લો હોવાના કારણે કચ્છની જવાબદારી વધુ વધી જાય છે. પાકિસ્તાનની સરહદને અડીને આવેલા આ જિલ્લામાં આંતરિક શાંતિ, સામાજિક સૌહાર્દ અને એકતા જ સૌથી મોટી શક્તિ છે. આવી સ્થિતિમાં પરસ્પર અથડામણો કે જૂથવાદ કોઈના હિતમાં નથી.

આજનો સમય સંદેશ આપે છે કે "મઝહબ નહીં શીખવતો આપસમાં બેર રાખવું". કચ્છની ઓળખ કોમી એકતા, સહિષ્ણુતા અને ભાઈચારાથી છે અને આ ઓળખને જાળવી રાખવાની જવાબદારી દરેક કચ્છવાસીની છે. રાયધણપરની ઘટનાને અંતિમ બનાવ બનાવી બંને સમાજના આગેવાનો સમાધાન, સંવાદ અને સૌહાર્દનો માર્ગ અપનાવે તે જ કચ્છના હિતમાં અને સમગ્ર સમાજના ભવિષ્ય માટે શ્રેષ્ઠ સાબિત થશે.

### અફવાઓ પર ધ્યાન ન આપવા પોલીસની અપીલ

બનાવ બાદ સોશિયલ મીડિયા પર ઘટનાને લઈને અનેક પ્રકારની અફવાઓ વહેતી થઈ હતી. જેને લઈને પોલીસે સ્પષ્ટતા કરી છે કે લોકોએ આવી કોઈ પણ અફવાઓ પર ધ્યાન આપવું નહીં અને શાંતિ જાળવી રાખવી. હાલ સ્થિતિ નિયંત્રણમાં છે અને પોલીસ સતત પેટ્રોલિંગ કરી રહી છે.

## ટોળા સામે વિવિધ કલમો તળે નોંધાઈ ફરિયાદ

આ બાબતે માધાપર પોલીસમાંથી મળતી વિગતો મુજબ રાયધણપર ગામના દર્શનભાઈ મોહનભાઈ બરાડીયાએ માધાપર પોલીસ સ્ટેશનમાં વિવિધ કલમો તળે ગુનો દાખલ કરાવ્યો હતો. જેમાં જણાવ્યા મુજબ આરોપી નાના વરનોરા ગામના સલીમ મામદ મોખા, અબુ સુફિયાન મોખા, સાહીલ સીધીક મોખા, અબ્બાસ મામદ મોખા, સમીર અબ્દુલ મમણ, રજાક સીધીક મેર, ફીરોઝ રજાક મમણ, સોએબ સીધીક મોખા, અમન કરીમ મમણ, અકરમ જુસબ મમણ, મજીદ ઈબ્રાહીમ કેવર, હનીફ રમજુ કેવર, હનીફ અજીજ મમણ, ઉમર અજીજ મમણ, રેહાન હનીફ ખલીફા, ઈબ્રાહીમ મામદ મમણ, દાઉદ ઈબ્રાહીમ કેવર, એજાજ ઉમર મેર, સમીર અજીજ મમણ, અફતાબ હનીફ કેવર, આમદ મામદ કેવર, અલ્તાફ લતીફ કેવર, મામદ લાખા મોખા તેમજ પાંચથી સાત અન્ય અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીઓએ સામે કેમ જુએ છે ? તેમ કહી હુમલો કર્યો હતો. જે બાબતે માધાપર પોલીસે તપાસ હાથ ધરી છે.

ભુજ : તાલુકાના રાયધણપર ગામે ગઈકાલે રાતે નજીવી બાબતે બે પક્ષો વચ્ચે ઉગ્ર ઘર્ષણ થવાની ઘટના સામે આવી છે. બાઈક ચલાવવાની બાબતે શરૂ થયેલો સામાન્ય વિવાદ એટલી હદે વકરી ગયો હતો કે બંને પક્ષો વચ્ચે સામસામે પથ્થરમારો થતા ગામમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લા પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ, રાયધણપર ગામે કેટલાક યુવાનો બેઠા હતા, તે દરમિયાન વરનોરા ગામના કેટલાક શખ્સો બાઈક લઈને ત્યાંથી પસાર થયા હતા. આ સમયે સ્પીડમાં બાઈક ચલાવવા અને સામસામે જોવાની બાબતે બંને પક્ષો વચ્ચે તકરાર થઈ હતી. 'મારી સામે કેમ જોયું અને સ્પીડમાં બાઈક કેમ ચલાવો છો?' તેવા આક્ષેપો સાથે વાત વણસતા બંને પક્ષો આમને-સામને આવી ગયા હતા. મુખ્ય વિસ્તાર હોવાથી મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા અને ઉગ્ર બોલાચાલી બાદ પથ્થરમારો શરૂ થયો હતો. બનાવની જાણ થતા જ માધાપર પોલીસ અને આસપાસના પોલીસ ડિવિઝનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. તોફાની ટોળાને વિખેરવા અને મામલો શાંત કરાવવા પહોંચેલી પોલીસની ટીમ પર પણ પથ્થર ફેંકવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. પરિસ્થિતિની ગંભીરતા જોઈ મોડી રાત્રે જિલ્લા પોલીસ વડા સહિતનો ઉચ્ચ પોલીસ કાફલો રાયધણપર ગામે પહોંચી ગયો હતો. રાત્રિ દરમિયાન પોલીસે સમગ્ર ગામમાં કંટ્રોલ મેળવી લીધો હતો અને હાલમાં ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. હાલ બન્ને ગામોમાં શાંતિ છવાયેલી છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે જી.કે. માં દાખલ કરવામાં આવ્યા હતા. હાલ આ લખાય છે ત્યારે બપોર સુધીમાં માધાપર પોલીસમાં એક પક્ષે રાયોટીંગ સહિતની કલમો તળે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તો સામેના પક્ષ પણ ફરિયાદ નોંધાય તેવું સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. પોલીસ દ્વારા આરોપીઓને રાઉન્ડઅપ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## અંજારમાં ૪.૦૮ લાખની ચોરી

અંજાર - કચ્છઉદય : શહેરના દલવાડી વાડી વિસ્તારમાં રહેતા એક પરિવારના મકાનમાં તસ્કરોએ રાત્રિના સમયે તાળા તોડી પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂ. ૪,૦૮,૬૮૩ની માલમત્તાની ચોરી કરી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે અંજાર પોલીસ મથકે ગુનો નોંધાઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.મળતી માહિતી મુજબ દલવાડી વાડી વિસ્તારમાં રહેતા વિશાલ પરમશીભાઈ ફળીયા પરિવાર સાથે બહાર ગયા હતા. દરમિયાન અજાણ્યા શખ્સોએ તેમના મકાનના તાળા તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ઘરમાં રહેલા સોના-ચાંદીના દાગીના તેમજ રૂ. ૭૦,૦૦૦ની રોકડ રકમની ચોરી કરી હતી. ચોરી ગયેલી માલમત્તાની કુલ કિંમત રૂ. ૪,૦૮,૬૮૩ જેટલી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

### ભુજના ધોરાવર ગામે મજૂરીના રૂપિયા બાબતે માથાકુટ

ભુજ - કચ્છઉદય : તાલુકાના ધોરાવર ગામે ચાની હોટલ પાસે મજૂરીના રૂપિયા બાબતે માથાકુટ થઈ હતી. ફરિયાદી ગફુર તુગા સમાના જણાવ્યા પ્રમાણે તેના ભાઈને આરોપીઓના પિતા મજૂરી કામના રૂપિયા બાબતેનું મનદુઃખ રાખી ફરિયાદીના ભાઈને માથા અને હાથના ભાગે ધોકા મારી ફેકચર જેવી ઈજા પહોંચાડી છરી વડે ઈજા પહોંચાડી હતી. ધોરાવર ગામના અસલમ અલ્લારખિયા સમા અને સોહેબ અલ્લારખિયા સમા વિરૂદ્ધ ગુનો દાખલ કરવામા આવ્યો છે. ખાવડા પોલીસે તપાસ હાથ ધરી છે.


કચ્છની પ્રજાના સિંહાસન પર સ્થાન અંકિત કરનાર લોકપ્રિય સાંધ્યદૈનિક 'કચ્છઉદય' ને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા...




ET TMT Bars આયર્ન ઓર અને લેડલ રિફાઈનિંગ ફર્નેસ ટેક્નોલોજીના સંયોજન દ્વારા શ્રેષ્ઠ ગુણવત્તાનું સ્ટીલ નિર્માણ કરે છે. જે સંપૂર્ણપણે રિફાઈન્ડ હોય છે અને 500 D ગ્રેડના BIS ના સલ્ફર તથા ફોસ્ફરસના સખત ધોરણોને હાંસલ કરે છે. આયર્ન ઓરનો ઉપયોગ ટ્રેમ્પ તત્ત્વો રહિતનું સ્ટીલ સુનિશ્ચિત કરે છે. તથા રિફાઈનિંગની પ્રક્રિયા સલ્ફર તથા ફોસ્ફરસના ન્યૂનતમ સ્તર સુનિશ્ચિત કરે છે. આથી જે ગ્રાહકોને તેમના અત્યાવશ્યક બાંધકામના પ્રોજેક્ટ માટે TMT Bars ની જરૂરિયાત હોય છે તેઓ ET TMT 500 D ગ્રેડને પ્રાથમિકતા આપે છે.

BUILD WITH 500 D REFINED STEEL BARS

ET TMT BUILD IT RIGHT

DDB Mudra 0001/21

Electrotherm (India) Limited HO : 72, Palodia via Thaltej, Ahmedabad - 382115. www.electrothermsteel.com

For Project or Retail Enquiries, Contact : Mobile : +91-8238079223 Email : Salestmt@electrotherm.com

ET Engineering & Technologies | THERMEX Advanced German Technology | ISI 1786 CM/L-7604572